૨૦૩ વર્ષ
દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 261 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ કાર્તિક સુદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 November 2024, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૨ નવેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u





**દીપોત્સવઃ** દિવાળી નિમિત્તે 'પ્રકાશ-પર્વ'ની ઉત્તર પ્રદેશના મથુરામાંના શ્રી કૃષ્ણ જન્મસ્થાન મંદિર, કેરળના કોચીના એરણાકુલમમાંના શ્રી કૃષ્ણ મંદિર તેમ જ જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં લાલ ચોક ખાતે દીવા પ્રગટાવીને થયેલી ઉજવણી. દેશભરમાં દિવાળી નિમિત્તે ઠેર ઠેર રંગોળી અને લાઈટિંગ કરાઈ હતી. મીઠાઈઓ વહેંચાઈ હતી અને એકબીજાને શુભેચ્છા પાઠવાઈ હતી. (પીટીઆઈ)

## ભારત-ન્યૂ ઝીલૅન્ડ ત્રીજી ટેસ્ટ મૅચઃ ફરી સ્પિનરો ઝળક્યા

### આખા દિવસમાં ૧૪ વિકેટ પડી, ભારતના ચાર વિકેટે ૮૬ રન

મુંબઈઃ ટીમ ઇન્ડિયાએ અહીં વાનખેડેમાં શુક્રવારે ન્યૂ ઝીલૅન્ડને છેલ્લી ટેસ્ટમાં પ્રથમ દિવસે ૨૩૫ રનમાં ઑલઆઉટ કરી દીધું હતું, પરંતુ ત્યાર બાદ જે ડર હતો એ જ થયું. ભારતે પણ ધબડકો જોવો પડ્યો. પહેલા દિવસની રમત બંધ રહી ત્યારે ભારતનો પ્રથમ દાવનો સ્કોર ચાર વિકેટે ૮૬ રન હતો. શુભમન ગિલ ૩૧ રન અને વિકેટકીપર રિષભ પંત એક રને રમી રહ્યો હતો. કિવીઓથી ભારતીય ટીમ હજી ૧૪૯ રનથી પાછળ હતી.

શુક્રવારના આખા દિવસમાં કુલ ૧૪ વિકેટ પડી હતી. એમાંથી ૧૧ વિકેટ સ્પિનર્સે લીધી હતી.

મૅચના પ્રથમ દિવસે ભારતીય સ્પિનર્સ રવીન્દ્ર જાડેજા (૬૫ રનમાં પાંચ વિકેટ) તથા વૉશિંગ્ટન સુંદર (૮૧ રનમાં ચાર વિકેટ) ખૂબ સફળ રહ્યા હતા તો ભારતની ઇનિંગ્સમાં કિવી સ્પિનર ઍજાઝ પટેલ (૩૩ રનમાં બે વિકેટ) સૌથી સફળ હતો. એક વિકેટ પેસ બોલર મૅટ હેન્રીએ લીધી



રવીન્દ્ર જાડેજા પાંચ વિકેટ



વૉશિંગ્ટન સુંદર ચાર વિકેટ

હતી, જ્યારે વિરાટ કોહલી ફક્ત ચાર રન બનાવીને હેન્રીના જ સીધા થ્રોમાં રનઆઉટ થઈ ગયો હતો.

કૅપ્ટન રોહિત શર્મા (૧૮ બૉલમાં ૧૮ રન)એ ફરી અસંખ્ય ચાહકોને નિરાશ કર્યા હતા. તે પાછો સસ્તામાં આઉટ થઈ ગયો હતો. મૅટ હેન્રીના બૉલમાં તે બીજી સ્લિપમાં હરીફ કૅપ્ટન ટૉમ લૅથમના હાથમાં કૅચઆઉટ થયો હતો. ટીમના પચીસમા રને રોહિતની વિકેટ પડ્યા બાદ રોહિતના સાથી-ઓપનર યશસ્વી જયસ્વાલ (બાવન બૉલમાં ૩૦ રન) તથા ગિલ વચ્ચે બીજી વિકેટ માટે ૫૩ રનની ભાગીદારી થઈ હતી, પરંતુ ભારતની ૧૮મી ઓવરમાં સ્પિનર ઍજાઝ પટેલે યશસ્વીને ક્લીન બોલ્ડ કરીને પાર્ટનરશિપ તોડી હતી. એના પછીના જ બૉલ પર નાઇટ-વૉચમૅન મોહમ્મદ સિરાજ (૦)ને ઍજાઝ પટેલે એલબીડબ્લ્યૂમાં શિકાર બનાવ્યો હતો.

ત્યાર પછીની ઓવરમાં કોહલી સિંગલ દોડવાની ઉતાવળમાં રનઆઉટ થઈ ગયો હતો.

ભારતે ચાર વિકેટે ૮૬ રન ૧૯ ઓવરમાં બનાવ્યા હતા. એ પહેલાં, ન્યૂ ઝીલૅન્ડને ૨૩૫ રનનું સન્માનજનક ટોટલ અપાવવામાં ડેરિલ મિચલ (૮૨ રન) અને વિલ યંગ (૭૧ રન)ના સૌથી

(જુઓ પાનું ૨)

## ૨૫ નવેમ્બરથી શરૂ થશે સંસદનું શિયાળુ સત્ર

### ૭૫ વર્ષ જૂની યાદ થશે તાજી

નવી દિલ્હીઃ સંસદનું શિયાળુ સત્ર ( parliament winter session ૨૦૨૪) આ મહિનાની શરૂઆતમાં શરૂ થઈ શકે છે. આ સત્ર ૨૫ નવેમ્બરથી ૨૦ ડિસેમ્બર સુધી ચાલી શકે છે.

આ સત્રની ખાસ વાત એ છે કે આ વખતે એક દિવસ બંને ગૃહો જૂની સંસદમાં બેસી શકે છે. ૨૬ નવેમ્બરે લોકસભા અને રાજ્યસભા બંનેનું સંયુક્ત સત્ર બોલાવવામાં આવી શકે છે. બંધારણનાં ૭૫ વર્ષ પૂરા થવાના અવસર પર ૨૬ નવેમ્બરે સંયુક્ત સત્ર બોલાવી શકાય છે. આ સ્પેશિયલ સંયુક્ત બેઠક વ્યવસ્થા જૂના સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં કરવામાં આવી શકે છે. આ સ્થળે ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ અપનાવવામાં આવ્યું હતું. તેથી ૨૬ નવેમ્બરને હવે બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.■

### કેવું રહેશે નવું વર્ષ?




**આજથી શરૂ થતું નવું વર્ષ દરેક રાશિના જાતકો માટે કેવું રહેશે એ વાંચો આજની વિશેષ પૂર્તિ ''રાશિ ભવિષ્ય''માં** ૭ ૮ ૯

### મુંબઈ સમાચાર

વિક્રમ સંવત ૨૦૮૧, નવા વર્ષ નિમિત્તે તા. ૨.૧૧.૨૦૨૪, શનિવારે મુંબઈ સમાચારનું કાર્યાલય સંપૂર્ણ બંધ રહેવાનું હોવાથી તા. ૩.૧૧.૨૦૨૪, રવિવારનું મુંબઈ સમાચાર પ્રસિદ્ધ નહિ થાય, તેની વાચકો અને અન્ય લોકોએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

## જીએસટીની આવક નવ ટકા વધીને ₹ ૧.૮૭ લાખ કરોડ થઇ

નવી દિલ્હીઃ ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ (જીએસટી)ની ઑક્ટોબર મહિનામાં આવક નવ ટકા વધીને રૂપિયા ૧.૮૭ લાખ કરોડ થઇ હતી. દેશમાંના સ્થાનિક વેપારમાંના વધારાને લીધે જીએસટીની આવક વધી હોવાનું કહેવાય છે.

કેન્દ્ર (સેન્ટર)ની જીએસટીની આવક રૂપિયા ૩૩,૮૨૧ કરોડ, રાજ્ય (સ્ટેટ)ની જીએસટીની આવક રૂપિયા ૪૧,૮૭૪ કરોડ, ઇન્ટિગ્રેટેડ (આઇ) જીએસટીની આવક રૂપિયા ૯૯,૧૧૧ કરોડ અને સેસ રૂપિયા ૧૨,૫૫૦ કરોડ રહી હતી.

ઑક્ટોબરમાં આગલા મહિનાની સરખામણીમાં જીએસટીની આવક વધીને રૂપિયા ૧.૮૭ લાખ કરોડ થઇ હતી. આગલા વર્ષે એટલે કે ૨૦૨૩ના ઑક્ટોબરમાં જીએસટીની આવક રૂપિયા ૧.૭૨ લાખ કરોડ હતી. ઑક્ટોબરમાં સ્થાનિક વેપારમાંથી

(જુઓ પાનું ૨)

## સંવત ૨૦૮૦ શુકનવંતુ નીવડ્યુંઃ રોકાણકારોને ₹ ૧૨૮ લાખ કરોડની લહાણી

### દિવાળી સુધીમાં માર્કેટ કેપિટલમાં ૧.૫ ટ્રિલ્યિન ડૉલરનો તોતિંગ ઉછાળો

**નિલેશ વાઘેલા**

મુંબઈ : રોકાણકારોએ ભારતીય કેલેન્ડરના નવા વર્ષ એટલે કે સંવત ૨૦૮૧નું ખૂબ સારી અપેક્ષાઓ સાથે ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું છે. મુહૂર્તના સોદામાં સેન્સેક્સ ૩૩૫ પોઇન્ટ વધીને ૭૯,૭૨૪ની સપાટીએ અને નિફ્ટી ૯૯ પોઇન્ટ વધીને ૨૪,૩૦૪ની સપાટીએ સ્થિર થયો છે. જોકે, ૨૦૮૦ની સંવતે રોકાણકારોને ભરપૂર વળતર આપ્યું છે. પાછલી દિવાળીથી આ દિવાળી દરમિયાનના વાર્ષિક સમયગાળામાં રોકાણકારો નિફ્ટીમાં ૨૫ ટકા, સોનામાં ૩૩ ટકા, ચાંદીમાં ૩૭ ટકા અને બિટકોઇનમાં ૭૨ ટકા વળતર મેળવ્યું છે. એક અભ્યાસ દરમિયાન વર્ષ દરમિયાન મૂડીબજારમાં ૩૩૬ કંપની જાહેર ભરણાં સાથે પ્રવેશી હતી અને તેમાંના ૧૦૦થી વધુ આઇપીઓએ પચાસ ટકા ઊંચા ભાવે લિસ્ટિંગ મેળવ્યું હતું. આઇપીઓ માટે પણ વર્ષ સંખ્યા,

(જુઓ પાનું ૨)

## સ્પેનમાં ભયંકર પૂરથી સુનામી જેવી તારાજી સર્જાઈ, ૨૦૫ લોકોનાં મોત



**વાહનો તણાયાંઃ** સ્પેનના વાલેન્સિયા ખાતે પૂરમાં તણાઇ ગયેલાં વાહનો. અહીં પૂરમાં અંદાજે ૨૦૫ લોકો માર્યા ગયાં હતાં અને અનેક લોકો ઘાયલ થયા હતા. (એજન્સી)

મેડ્રીડઃ મુશળધાર વરસાદ બાદ સ્પેનમાં હાલ ભયાનક પૂર આવ્યું છે, આ પ્રચંડ પૂરના કારણે ઘણા ગામડાઓમાં ભારે ખુવારી થઇ છે, અહેવાલ મુજબ અત્યાર સુધી ૨૦૫ લોકોનાં મોત થયાં છે. રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે.

હજુ ઘણાં લોકો ગુમ છે. હજુ પણ મૃત્યુઆંક વધવાની શક્યતા છે, આ પૂર આ સ્પેનમાં આવેલી આ સદીની સૌથી ભયાનક કુદરતી આપત્તિ છે.

સ્પેનના રસ્તાઓ પર હજારો વાહનો કીચડમાં ફસાયેલા જોવા મળી રહ્યા છે. સ્પેનના પરિવહન પ્રધાન ઓસ્કર પુએન્ટેએ કહ્યું કે, ''કમનસીબે કેટલાંક વાહનોમાં મૃતદેહો મળી રહ્યા છે.''

પૂર પછીનું દ્રશ્ય સુનામીથી થયેલા નુકસાન જેવું લાગી રહ્યું છે. સ્પેનના પૂર્વ અને દક્ષિણ ભાગોમાં

(જુઓ પાનું ૨)

## દરેક મોરચે નિષ્ફળ કૅનેડાની નવી ચાલઃ હવે ભારતને સાયબર ખતરો ગણાવ્યું

કૅનેડાઃ કૅનેડાની જસ્ટિન ટ્રુડો સરકાર ભારતને લઈને સૌથી નીચી પાયરી પર આવી ગઈ છે. કેનેડાની અંદર ખાલિસ્તાનવાદીઓની હત્યાના બનાવટી આરોપો બાદ કેનેડાએ નવી ફરિયાદ કરી છે. કેનેડાએ હવે ભારતને સાયબર ખતરો ગણાવ્યો છે. હદ તો વાતની છે કે સાયબર ખતરો જાહેર કરવાની સાથે કેનેડાએ ભારતને તેનો દુશ્મન જાહેર કર્યો છે. તેણે ભારતને ચીન, રશિયા અને ઉત્તર કોરિયાની સમાન શ્રેણીમાં રાખ્યું છે.

કેનેડાના કોમ્યુનિકેશન્સ સિક્યોરિટી એસ્ટાબ્લિશમેન્ટ એ એક રિપોર્ટમાં જણાવ્યું છે કે ભારત વિદેશમાં રહેતા ખાલિસ્તાનીવાદીઓને શોધી કાઢવા અને તેમની દેખરેખ રાખવા માટે સાયબર ક્ષમતાઓનો ઉપયોગ કરી રહ્યું છે. આ સિવાય કેનેડાના સરકારી નેટવર્ક પર સાયબર એટેકની પણ વાત કરવામાં આવી છે. ટ્રુડો

(જુઓ પાનું ૨)

## પહેલી નવેમ્બરે દેશનાં ૧૩ રાજયનો સ્થાપના દિવસ

### રાષ્ટ્રપતિ, વડા પ્રધાન અને રાહુલ ગાંધીએ આપી શુભેચ્છા

નવી દિલ્હી : ભારત માટે આજનો ખૂબ જ ખાસ અને યાદગાર દિવસ છે કારણ કે આજે એક સાથે ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશનો સ્થાપના દિવસ છે. ત્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શુક્રવારે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રહેવાસીઓને તેમના સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી. વડા પ્રધાન મોદી અને વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ એક્સ પ્લેટફોર્મ પર ટ્વિટ કરીને સંબંધિત રાજ્યોના લોકોને અભિનંદન પાઠવ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ X પ્લેટફોર્મ લખ્યું કે રાજ્યના સ્થાપના દિવસ પર છત્તીસગઢના તમામ લોકોને મારી હાર્દિક શુભેચ્છાઓ. ભવ્ય લોક પરંપરા અને

(જુઓ પાનું ૨)

## પાક.માં વિસ્ફોટમાં શાળાનાં પાંચ બાળક સહિત સાતનાં મોત

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં શુક્રવારે રિમોટ-કંટ્રોલ વિસ્ફોટમાં પાંચ શાળાના બાળકો અને એક પોલીસકર્મી સહિત સાત લોકોનાં મોત નીપજ્યા હતા. આ જાણકારી મીડિયા અહેવાલોમાં આપવામાં આવી હતી.

ડોન અખબારના અહેવાલ અનુસાર પ્રાંતના મસ્તુંગ જિલ્લામાં સિવિલ હૉસ્પિટલ ચોક ખાતેની એક શાળા પાસે સવારે ૮-૩૫ વાગ્યે વિસ્ફોટ થયો હતો. રિપોર્ટમાં કલાત ડિવિઝનના કમિશ્નર નઇમ બાઝઇને ટાંકીને કહેવાયું છે કે એક મોટરસાઇકલ સાથે જોડાયેલ આઇઇડી(ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ)ને પોલીસ મોબાઇલ નજીક વિસ્ફોટ કરવામાં આવ્યો હોય તેવું જણાઇ રહ્યું છે. બાઝઇએ કહ્યું કે અત્યાર સુધીમાં પાંચ શાળાના બાળકો સહિત સાત લોકોનાં મોત થયા છે. હુમલામાં ઓછામાં ઓછા

(જુઓ પાનું ૨)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નવા વરસે વિચારજો, હિંદુ કેલેન્ડર કેમ લોકપ્રિય નથી?

**વિક્રમ સંવત** ૨૦૮૦ સમાપ્ત થઈ ગયું. ગુરુવારે દિવાળી હોવાથી વિક્રમ સંવતનો છેલ્લો દિવસ હતો, શુક્રવારે પડતર દિવસ હતો ને શનિવારથી વિક્રમ સંવતનું વર્ષ શરૂ થઈ રહ્યું છે. ગુજરાતીઓ નવા વર્ષની ઉજવણી ધામધૂમથી કરે છે પણ હિન્દુ કેલેન્ડર બહુ પ્રચલિત નથી. આપણે વરસો સુધી અંગ્રેજોના ગુલામ રહ્યા તેથી જાન્યુઆરીથી ડિસેમ્બરનું ૩૬૫ દિવસનું અંગ્રેજી કેલેન્ડર સૌને મોંઢે થઈ ગયું છે. નાના છોકરાને પણ પૂછો તો કઈ તારીખ છે ને ક્યો મહિનો છે એ યાદ હોય પણ વિક્રમ સંવત પ્રમાણે કઈ તિથિ છે એ ખબર હોતી નથી.

મજાની વાત એ છે કે, આપણા તિથિ પ્રમાણે આવતા તહેવારો પણ આપણે અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે યાદ રાખતા થઈ ગયા છીએ. દિવાળી કઈ તારીખે આવશે કે લાભ પાંચમ કઈ તારીખે છે એવો સવાલ એકબીજાને કરીએ છીએ પણ તિથિ પ્રમાણે યાદ નથી રાખી શકતા. સામાન્ય લોકોમાંથી મોટા ભાગનાંને તો વિક્રમ સંવત શું છે એ પણ ખબર નથી.

સામાન્ય લોકોનો તેમાં વાંક નથી કેમ કે સરકારથી માંડીને બધાં અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે કામ કરે છે તેથી હિન્દુ કેલેન્ડર કોઈને યાદ જ નથી. ભારતીય કેલેન્ડર ચલણમાં તો છે પણ સામાન્ય લોકોને તેના વિશે ખબર નથી. ગુજરાતી નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે ત્યારે વિક્રમ સંવતની થોડી સમજ મેળવી લઈએ. આપણી લુપ્ત થતી પરંપરાઓની જાળવણી અંગે છેલ્લાં કેટલાંક વરસોમાં જાગૃતિ વધી છે ત્યારે ભારતીય કેલેન્ડરના જતન માટેની જાગૃતિમાં કદાચ આ વાત કામ આવી જાય. આ જતન માટે પણ હિંદુ કેલેન્ડર કેમ પ્રચલિત કરવું એ સમજવું વધારે જરૂરી છે.

આપણે હિંદુ કેલેન્ડરના બદલે ગ્રેગોરિયન કેલેન્ડરને અનુસરીએ છીએ. ગ્રેગોરિયન કેલેન્ડર એટલે ઈસવી સન પ્રમાણે ઉજવાતું વર્ષ એટલે કે અંગ્રેજી નવું વર્ષ. ગ્રેગ્રોરિયન કેલેન્ડર પ્રમાણે ૧ જાન્યુઆરીએ નવું વર્ષ શરૂ થાય છે. ઈસુ ખ્રિસ્તના જન્મના દિવસથી શરૂ થતું આ ખ્રિસ્તી નવું વર્ષ ૩૧ ડિસેમ્બરે પૂરું થાય છે.

ભારતમાં હિંદુઓની બહુમતી હોવા છતાં હિંદુ કેલેન્ડર પ્રચલિત નથી એ વાત આંચકાજનક લાગશે પણ તેનાં કારણો સમજવા જેવાં છે. બ્રિટિશ સામ્રાજ્ય દુનિયાના સંખ્યાબંધ દેશોમાં ફેલાયેલું હતું તેથી દુનિયામાં ગ્રેગોરિયન કેલેન્ડર લગભગ તમામ દેશોમાં ચલણમાં છે. ભારતમાં પણ અંગ્રેજ શાસનના કારણે અંગ્રેજોનું કેલેન્ડર પ્રચલિત બન્યું અને લગભગ તમામ વ્યવહારો આ કેલેન્ડર પ્રમાણે જ થાય છે. આ કારણે ભારતમાં બહુમતી હિંદુઓની છે પણ ચલણમાં અંગ્રેજી કેલેન્ડર છે. હિંદુઓને પણ તિથિ યાદ નથી હોતી પણ તારીખ ચોક્કસ યાદ હોય છે.

જો કે મુખ્ય કારણ એ છે કે, ગ્રેગોરિયન કેલેન્ડરમાં બધું ફિક્સ છે. વરસમાં બાર મહિના હોય, દરેક મહિનામાં કેટલા દિવસ હોય, દર ચાર વર્ષે લીપ યર આવે એ બધું નક્કી જ છે અને તેમાં કોઈ ફેરફાર થતો નથી. તમે પચાસ વર્ષ પહેલાંની કોઈ તારીખે ક્યો વાર હતો એવું કોઈને પૂછો તો પણ ગણતરીની મિનિટોમાં જવાબ આપી દેવાય પણ આપણા હિંદુ કેલેન્ડરમાં કશું નક્કી નથી.

આપણું કેલેન્ડર પંચાંગ પ્રમાણે નક્કી થાય છે. હિંદુ કેલેન્ડરમાં મહિનામાં સુદ ને વદ એવાં બે પખવાડિયાં હોય છે ને પખવાડિયામાં પણ પંદર દિવસ જ હોય એવું નક્કી નથી હોતું. કોઈ પખવાડિયામાં પંદર દિવસ હોય તો કોઈમાં ચૌદ પણ હોય. પછી બીજા કોઈ પખવાડિયામાં સોળ કે સત્તર દિવસ પણ હોય. અંગ્રેજી મહિનામાં બીજી તારીખ પછી ત્રીજી તારીખ જ આવે જ્યારે હિંદુ કેલેન્ડરમાં બીજ પછી ત્રીજ આવે પણ ખરી ને ના પણ આવે. કોઈ તિથિ પખવાડિયામાં બે વાર આવે તો કોઈ સાવ જ ના આવે એવું પણ હોય. એક જ દિવસે બે તિથિ હોય એવું પણ બને.

વિક્રમ સંવતમાં પણ વરસમાં સામાન્ય રીતે બાર મહિના જ છે પણ કોઈ વરસમાં અધિક માસ અથવા તો પુરુષોત્તમ માસ આવી જાય તો તેર મહિના પણ થઈ જાય. આ વધારાનો મહિનો પણ ક્યારે આવશે એ નક્કી ના હોય. કોઈ વાર શ્રાવણ મહિના પહેલાં આવે તો કોઈ વાર શ્રાવણ મહિના પછી આવે. કોઈ વાર બીજા કોઈ મહિનાની આગળપાછળ પણ આવી જાય. આ બધાં કારણોસર હિંદુ કેલેન્ડરની તિથિ યાદ રાખવી બહુ અઘરી છે.

બીજી એક અસમાનતા પણ ઉડીને આંખે વળગે એવી છે. ભારતમાં હિંદુઓમાં વિક્રમ સંવત પ્રચલિત છે પણ વિક્રમ સંવતનું વર્ષ ક્યારથી શરૂ થાય એ વિશે પણ એકરૂપતા નથી. ગુજરાતમાં દિવાળીએ વર્ષ પૂરું થાય છે અને બેસતા વર્ષના દિવસે નવું વર્ષ શરૂ થાય છે. આ કારણે આપણું નવું વરસ હમણાં શરૂ થયું પણ દેશના બીજા ભાગોમાં વિક્રમ સંવત ૨૦૮૧ પહેલાં જ શરૂ થઈ ગયું છે.

સમગ્ર ઉત્તર ભારત, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારતના મોટા ભાગના વિસ્તારોમાં ચૈત્રી નવરાત્રિની સમાપ્તિથી નવું વર્ષ શરૂ થાય છે. ઉત્તર ભારતમાં ચૈત્ર સુદ એકમથી નવું વર્ષ શરૂ થાય છે. દક્ષિણ ભારતના કેટલાક પ્રદેશો તથા ગુજરાતમાં કારતક સુદ એકમથી શરૂ થાય છે. ભારતના કેટલાક વિસ્તારોમાં અષાઢ સુદ એકમથી પણ વિક્રમ સંવત શરૂ થાય છે. દેશના બહુમતી હિંદુઓ માટે ચૈત્ર સુદ એકમથી વિક્રમ સંવતનું વર્ષ શરૂ થાય છે પણ વિક્રમ સંવત શરૂ થવા માટે ત્રણ અલગ અલગ તિથિ છે.

આ સ્થિતિ છે તેનું કારણ એ છે કે, આપણે દિવસો અને વર્ષ ગણવા અલગ અલગ પદ્ધતિ અપનાવીએ છીએ. વિશ્વમાં અલગ અલગ કેલેન્ડર્સમાં વર્ષની ગણત્રી કરવાની અલગ અલગ પદ્ધતિ છે. વિશ્વમાં સૂર્યની ગતિ પ્રમાણે અને ચંદ્રની ગતિ પ્રમાણે એમ બે રીતે વર્ષ ગણાય છે. સૂર્યની ગતિ પ્રમાણે વર્ષ ગણાય તેના આધારે સોલર કેલેન્ડર અને ચંદ્રની ગતિ પ્રમાણે લ્યુનાર કેલેન્ડર બન્યું છે. ખગોળશાસ્ત્ર પ્રમાણે સૂર્ય ઉત્તર દિશામાં ખસે છે તેથી આ ઘટના સમગ્ર વિશ્વમાં સ્વીકૃત છે. અંગ્રેજી કેલેન્ડરમાં આ વાતને આધાર બનાવાયો છે પણ વિક્રમ સંવત લ્યુનિસોલર છે. મતલબ કે, ચંદ્રની કળા પ્રમાણે દિવસો ગણાય છે જ્યારે વર્ષની ગણતરી સૂર્યની આસપાસ પૃથ્વીની પ્રદક્ષિણાના આધારે થાય છે. આ કારણે હિંદુ કેલેન્ડરમાં ચોક્કસ ફોર્મેટ નથી.

નવી પેઢીને જે સરળ હોય એ જીભે ચઢતું હોય છે તેથી અંગ્રેજી કેલેન્ડર તરત જીભે ચઢે છે અને વધારે લોકપ્રિય છે. હિંદુ કેલેન્ડરને લોકપ્રિય બનાવવું હોય તો આ પ્રકારની સરળતા લાવવી પડે. ■

# ઓડિશામાં દિવાળીની રાત્રે આગ લાગવાની ઘટનાઓમાં બે લોકોનાં મોત, ૫૦થી વધુ ઈજાગ્રસ્ત

ભુવનેશ્વરઃ ઓડિશામાં દિવાળી દરમિયાન આગ લાગવાની વિવિધ ઘટનાઓમાં ઓછામાં ઓછા બે લોકોનાં મોત થયાં છે અને ૫૦ લોકો ઘાયલ થયા છે. પોલીસે શુક્રવારે આ જાણકારી આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે આ સિવાય દિવાળીના તહેવાર દરમિયાન ગુરુવારે રાત્રે લાખો રૂપિયાની સંપત્તિ બળીને ખાખ થઈ ગઈ હતી. પુરી શહેરના બટગાંવમાં ફટાકડાના વિસ્ફોટને કારણે આગ ફાટી નીકળતાં બે સગીર છોકરાઓ દાઝી ગયા હતા અને એક મહિલા ઘાયલ થઈ હતી.

એક પોલીસ અધિકારીએ કહ્યું હતું કે મૃતકોની ઓળખ સંજય જેના અને બુલા રાઉત તરીકે થઇ છે અને રાઉતનાં ભાભી લીપા રાઉત પણ ગંભીર રીતે દાઝી ગયાં છે તથા ભુવનેશ્વરની એક હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. રિપોર્ટ અનુસાર, મૃતક કથિત રીતે ૮૦ ટકા દાઝી ગયા હતા. પુરીના પોલીસ અધિક્ષક વિનીત અગ્રવાલે કહ્યું કે ફટાકડાના કારણે થયેલા વિસ્ફોટની તપાસ કરવામાં આવી રહી છે અને ગેરકાયદેસર ફટાકડાના ઉત્પાદનમાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસે જણાવ્યું હતું કે શુક્રવારની વહેલી સવારે ભુવનેશ્વરના એક માર્કેટમાં લાગેલી આગમાં લગભગ ૨૫ કાપડની દુકાનો બળીને ખાખ થઈ ગઈ હતી અને આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હતી, પરંતુ દુકાનમાં રાખેલા સામાનને નુકસાન થયું છે. ભુવનેશ્વરની કેપિટલ હોસ્પિટલ પાસેથી મળેલી માહિતી અનુસાર, રાજ્યની રાજધાનીના વિવિધ વિસ્તારોમાં ફટાકડા ફોડવાના કારણે બનેલી દુર્ઘટનાઓમાં બે ડઝનથી વધુ લોકો દાઝી ગયા છે. ઘણા લોકોને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી, જ્યારે અન્ય લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

હોસ્પિટલનાં સૂત્રોએ જણાવ્યું હતું કે દિવાળીની ઉજવણી દરમિયાન દાઝી ગયેલા લગભગ ૧૭ લોકોને સારવાર માટે કટકની એસસીબી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાયગઢની એક ઘટનામાં દિવાળીમાં સ્ટેશનરીની દુકાનમાં આગ લાગી હતી અને તે સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. દુકાન માલિક બોટલોમાં પેટ્રોલ વેચતો હતો અને ફટાકડા ફોડતી વખતે તેમાં આગ લાગી હતી. બાલાસોર જિલ્લામાં ફટાકડા ફોડતી વખતે ઓછામાં ઓછા આઠ લોકો ઘાયલ થયા હતા અને તેમને બાલાસોર જિલ્લા મુખ્યાલય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

મયૂરભંજમાં ફટાકડા સંબંધિત ઘટનાઓમાં બે લોકો ઘાયલ થયા છે. તેને બારીપદા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ભદ્રક જિલ્લામાંથી મળેલી માહિતીમાં જણાવવામાં આવ્યું છે કે ચરંપા, ધુસુરી, સિમુલિયા અને કુડાબરુઆ જેવા વિવિધ સ્થળોનાં ત્રણ બાળકો અને બે યુવકોને પણ દાઝી જવાના કારણે સારવાર માટે ભદ્રક જિલ્લા મુખ્યાલય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ સિવાય સંબલપુર જિલ્લામાં બે લોકોના હાથ બળી ગયા હતા. ■

# સર્બિયાના રેલવે સ્ટેશનની છત તૂટીઃ આઠનાં મોત

બેલગ્રેડઃ ઉત્તર સર્બિયાના શહેર નોવી સેડમાં રેલવે સ્ટેશનની છત શુક્રવારે તૂટી પડતાં ઓછામાં ઓછા આઠ જણ માર્યા ગયા હતા.

ગૃહ પ્રધાન ઇવિકા ડેસિસે જણાવ્યું હતું કે દુર્ઘટનામાં ઘાયલ અન્ય ચાર જણને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં તેઓની તબિયત ગંભીર છે. કૉંક્રીટની છત પડવાથી આ દુર્ઘટના થઇ હતી.

કાટમાળ હેઠળ દબાયેલા લોકોને બચાવવા બુલડોઝરોની મદદ લેવાઇ હતી અને સ્ટેશન ખાતે એમ્બ્યુલન્સ તેમ જ ઇમર્જન્સી ટીમ મોકલાઇ હતી.

સર્વિલન્સ કેમેરાના ફૂટેજમાં જોવા મળ્યું હતું કે રેલવે સ્ટેશન પર અમુક લોકો આવજા કરતા હતા અને કેટલાક લોકો બાંકડા પર બેઠા હતા ત્યારે તેઓ પર કૉંક્રીટની છત તૂટી પડી હતી. રેલવે સ્ટેશનની ઇમારતનું તાજેતરમાં જ સમારકામ કરાયું હતું. (એજન્સી) ■

# હિંદુઓના હિતનું રક્ષણ કરવાની ટ્રમ્પની બાંયધરીથી હિંદુ મતદારો ખુશ

વૉશિંગ્ટનઃ અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ અને હાલની પ્રમુખપદની ચૂંટણીમાંના રિપબ્લિકન ઉમેદવાર ડોનલ્ડ ટ્રમ્પે વિશ્વભરમાંના હિંદુઓના હિતનું રક્ષણ કરવા માટે પગલાં લેવાની આપેલી બાંયધરીથી અમેરિકામાંના હિંદુ સંગઠનો, ખાસ કરીને હિંદુ મતદારો ખુશ થઇ ગયા છે.

ડોનલ્ડ ટ્રમ્પે જો પોતે ફરી અમેરિકાના પ્રમુખ બનશે, તો અમેરિકા, બાંગ્લાદેશ સહિત વિશ્વભરમાં કટ્ટરપંથીઓની સામે પગલાં લઇને હિંદુઓના હિતનું રક્ષણ કરવાની બાંયધરી આપી હતી.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખે ગુરુવારે દિવાળીની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં હિંદુઓ, ખ્રિસ્તીઓ સહિતની લઘુમતી કોમના અન્ય લોકો સામે હિંસાચાર આચરવામાં આવી રહ્યો છે અને આખા દેશમાં અંધાધૂંધી ફેલાયેલી છે.

ટ્રમ્પે આક્ષેપ કર્યો હતો કે કમલા હેરિસ અને જો બાઇડનના શાસનકાળમાં અમેરિકા સહિત શેષ વિશ્વના દેશોમાં હિંદુઓની અવગણના કરાઇ રહી છે. ઇઝરાયલથી લઇને યુક્રેન તેમ જ આપણી (અમેરિકામાંની) દક્ષિણની સરહદે મુશ્કેલી ઊભી થઇ છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ભારત-ન્યૂ ઝીલૅન્ડ

મોટાં યોગદાનો હતાં. જાડેજાની પાંચ અને વૉશિંગ્ટન સુંદરની ચાર વિકેટ ઉપરાંત એક વિકેટ પેસ બોલર આકાશ દીપે લીધી હતી. આર. અશ્વિન અને સિરાજને વિકેટ નહોતી મળી.

ન્યૂ ઝીલૅન્ડ ૨-૦ની સરસાઈ સાથે ટ્રોફી જીતી ચૂક્યું છે અને હવે ભારતીય ટીમે ૦-૩ના વાઇટ-વૉશથી બચવાનું છે. ■

### સંવત ૨૦૮૦

મૂલ્ય અને કમાણીની દૃષ્ટિએ વિક્રમી રહ્યું હતું.

સંવત ૨૦૮૦ રોકાણકારો માટે શકનવંતુ નિવડ્યું છે. આ સંવંત દરમિયાન નિફ્ટીએ ૨૫ ટકાનો ઉછાળો નોંધાવવા સાથે લગભગ દરેક વર્ગના દરેક સેગમેન્ટમાં રોકાણકારોને કમાણી કરી આપી છે. દિવાળીથી દિવાળી સુધીના હિંદુ વર્ષ દરમિયાન રોકાણકારોની સંપત્તિ, જે તમામ બીએસઇ લિસ્ટેડ શેરોની કુલ માર્કેટ મૂડી દ્વારા માપવામાં આવે છે, તેમાં રૂ. ૧૨૪.૪૨ લાખ કરોડ અથવા લગભગ ૧.૫ ટ્રિલિયન (ડોલરના ધોરણે ૫.૨૯ ટ્રિલિયન)નો વધારો થયો છે.

સંવત ૨૦૮૦માં સેન્સેક્સ ૧૪,૪૮૪.૩૮ પોઇન્ટ અથવા તો ૨૨.૩૧ ટકા ઊછળ્યો હતો જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૪૭૮૦ પોઇન્ટ અથવા તો ૨૪.૬૦ ટકા ઊછળ્યો હતો. આ દરમિયાન બીએસઇ પર લિસ્ટેડ તમામ શેરોનું બજારમૂલ્ય રૂ. ૪,૪૪,૭૧,૪૨૯.૯૨ કરોડની સપાટીએ પહોંચ્યું હતું. અલબત્ત, ભારતીય કેલેન્ડર અનુસાર શેરબજારે ગુરૂવારે સંવત વર્ષ ૨૦૮૦ પૂર્ણ થયું ત્યારે સેન્સેક્સ તેના ત્રણ મહિનાના નીચલા સ્તરની નજીક ૫૫૩ પોઈન્ટ ઘટીને ૭૯,૩૮૯ પોઈન્ટ પર હતો. જ્યારે એનએસઇ પર નિફ્ટી ૧૩૬ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૨૦૫ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, છેલ્લી દિવાળીથી રોકાણકારો ૧.૫ ટ્રિલિયનથી વધુ સમૃદ્ધ બન્યા હોવા સાથે સંવત ૨૦૮૦ને હવે સૌથી વધુ સંપત્તિ સર્જનાર વર્ષ તરીકે રેકોર્ડ બુકમાં સ્થાન મળ્યું છે. ■

### પાક.માં વિસ્ફોટ

૨૨ લોકો ઘાયલ થયા છે. જિયો ન્યૂઝના અહેવાલ મુજબ ઇજાગ્રસ્તોમાં મોટાભાગના શાળાના બાળકો હતા, જેમને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અહેવાલો અનુસાર વિસ્ફોટમાં એક પોલીસ વાન અને કેટલીક રિક્ષાને નુકસાન થયું છે. પ્રાંતીય આરોગ્ય વિભાગના પ્રવક્તાને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે વિસ્ફોટ બાદ ક્વૅટાની તમામ હૉસ્પિટલોમાં ઇમરજન્સી જાહેર કરવામાં આવી છે. તમામ ડૉક્ટરો, ફાર્માસિસ્ટ, સ્ટાફ નર્સ અને અન્ય મેડિકલ સ્ટાફને બોલાવવામાં આવ્યા છે. ■

### સ્પેનમાં

મંગળવારથી શરૂ થયેલો મુશળધાર વરસાદ બુધવારે ચાલુ રહ્યો હતો, જેનાથી પૂરની સ્થિતિ વધુ ખરાબ થઈ હતી.

સ્પેનના રાષ્ટ્રપતિ પેડ્રો સાંચેઝે કહ્યું કે ઘણાં શહેરો પૂરથી પ્રભાવિત થયા છે. તેમણે એક સંબોધનમાં કહ્યું કે, ''જેઓ તેમના પ્રિયજનોને શોધી રહ્યા છે, એ લોકોના દુ:ખને સમગ્ર સ્પેન અનુભવી રહ્યું છે. અમારી પ્રાથમિકતા તમને મદદ કરવાની છે. અમે તમામ જરૂરી સંસાધનોનો ઉપયોગ કરી રહ્યા છીએ જેથી કરીને તમને આ દુર્ઘટનામાંથી રાહત મળી શકે.

પોલીસ અને રેસ્ક્યુ સર્વિસે લોકોને ઘરો અને કારમાંથી બચાવવા માટે હેલિકૉપ્ટરનો ઉપયોગ કર્યો હતો.

સેના અને ઈમરજન્સી ટીમોના ૧૧૦૦ કર્મચારીઓ પૂરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવ્યા છે. સ્પેનની સરકારે બચાવ કાર્યમાં મદદ કરવા માટે કટોકટી સમિતિની રચના કરી છે. ■

### દરેક મોરચે

સરકારનો આ નવો પેંતરો એવા સમયે પ્રકાશમાં આવ્યો છે જ્યારે તેના અને નાયબ વિદેશ પ્રધાને અખબારમાં ભારત વિરુદ્ધ ગપસપ કરવાનું કેમેરા સામે કબૂલ્યું છે.

બંનેએ તેને 'મીડિયા સ્ટ્રેટેજી' ગણાવી આ બાબતે ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કર્યો છે.

શીખ સમુદાય માટે ભારતની બહાર સૌથી મોટું ઘર કોઇ હોય તો તે કેનેડા છે. અહીં મોટી સંખ્યામાં ખાલિસ્તાનવાદીઓ પણ રહે છે જેઓ સ્વતંત્ર શીખ રાજ્યની માગ કરી રહ્યા છે.

કેનેડા પહેલા જ ભારત પર હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો આરોપ લગાવી ચૂક્યું છે. નિજ્જરની વર્ષ ૨૦૨૩માં વેનકુંવરમાં હત્યા કરવામાં આવી હતી. ખાલિસ્તાની ચળવળમાં તેનું મોટું નામ હતું.

ભારતીય રાજદ્વારીઓ પર સીધો આરોપ લગાવ્યા પછી પણ ટ્રુડોને સ્થાનિક મોરચે કોઈ રાહત મળી નહીં ત્યારે તેણે ભારતના ગૃહ પ્રધાન અમિત શાહ પર આરોપ લગાવ્યા હતા. ■

### જીએસટીની

થતી જીએસટીની આવક ૧૦.૬ ટકા વધીને રૂપિયા ૧.૪૨ લાખ કરોડ થઇ હતી, જ્યારે આયાત પરના કરવેરામાંની આવક અંદાજે ચાર ટકા વધીને રૂપિયા ૪૫,૦૯૬ કરોડ થઇ હતી.

ઑક્ટોબરમાં જીએસટીના રૂપિયા ૧૯,૩૦૬ કરોડના રિફન્ડ અપાયા હતા. ગયા વર્ષના ઑક્ટોબરની સરખામણીમાં આ વર્ષે રિફંડની રકમ ૧૮.૨ ટકા વધી હતી.

રિફન્ડની રકમ જીએસટીની કુલ આવકમાંથી બાદ કરીએ તો જીએસટીની ચોખ્ખી આવક આઠ ટકા વધીને રૂપિયા ૧.૬૮ લાખ કરોડ થઇ હતી. (એજન્સી) ■

### પહેલી નવેમ્બર

આદિવાસી સંસ્કૃતિના અદ્ભુત સંગમથી શોભતું આ રાજ્ય વિકાસના પંથે ઝડપથી આગળ વધે તેવી અમારી ઈચ્છા છે.

હરિયાણાનો ઉલ્લેખ કરતા પીએમએ લખ્યું કે, આપણું હરિયાણા, જે તેની સમૃદ્ધ ઐતિહાસિક વારસા માટે જાણીતું છે. તેણે હંમેશાં દેશના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

રાજ્યના સ્થાપના દિવસ પર, રાજ્યની પ્રગતિમાં સામેલ મારા તમામ ભાઈઓ અને બહેનોને હાર્દિક અભિનંદન સાથે, હું તેમને સુખ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્યની પણ કામના કરું છું.

પીએમ મોદીએ ટ્વિટમાં લખ્યું કે, મધ્ય પ્રદેશના તમામ લોકોને રાજ્યના સ્થાપના દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. પ્રાકૃતિક સંપદા અને સાંસ્કૃતિક વારસાથી સમૃદ્ધ આ રાજ્ય દરેક ક્ષેત્રમાં વિકાસના નવા માપદંડોનું નિર્માણ કરતું રહે તેવી અમારી ઈચ્છા છે.

પીએમ મોદીએ દક્ષિણનાં રાજ્યોને પણ સંદેશ આપ્યો. કેરળ પિરવી માટે શુભેચ્છાઓ લખી. કેરળ રાજ્ય તેના આકર્ષક લેન્ડસ્કેપ્સ, જીવંત પરંપરાઓ અને મહેનતુ લોકોથી જાણીતું છે.

તેમણે કહ્યું કે, કેરળના લોકોએ વિવિધ ક્ષેત્રોમાં સમગ્ર વિશ્વમાં પોતાની ઓળખ બનાવી છે. રાજ્યના લોકો આવનારા સમયમાં પણ પ્રગતિ કરતા રહે. પીએમે આગળ લખ્યું કે કન્નડ રાજ્યોત્સવ એ ખૂબ જ ખાસ પ્રસંગ છે, જે કર્ણાટકની અનુકરણીય સંસ્કૃતિ અને પરંપરાઓની ઓળખ છે. કર્ણાટકની જનતાને હંમેશાં સુખ અને સફળતા મળે એવી પ્રાર્થના.

રાહુલ ગાંધીએ ટ્વિટમાં લખ્યું, આંધ્ર પ્રદેશ, આંદામાન અને નિકોબાર, છત્તીસગઢ, ચંદીગઢ, દિલ્હી, હરિયાણા, કર્ણાટક, કેરળ, મધ્ય પ્રદેશ, પંજાબ, પુંડુચેરી, તમિલનાડુ અને લક્ષદ્વીપના લોકોને આજે તેમના સ્થાપના દિવસ પર અભિનંદન. આ જીવંત સંસ્કૃતિઓ, વૈવિધ્યસભર ભાષાઓ, સમૃદ્ધ ઈતિહાસ અને સ્થાયી પરંપરાઓ ભારતની શક્તિનું મૂળ છે.

રાહુલ ગાંધીએ આગળ લખ્યું કે ચાલો આપણે આ એકતાને ઉજવીએ અને તેની રક્ષા કરીએ. દરેક રાજ્યનું અનોખું યોગદાન આપણને એકજૂથ રાખે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

સૌર હેમંતઋતુ પ્રારંભ, શનિવાર, તા. ૨-૧૧-૨૦૨૪
વિક્રમ સંવત ૨૦૮૧ નૂતન વર્ષ 'અનલ' નામ સંવત્સર, મહાવીર જૈન સંવત ૨૫૫૧ પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૧, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક સુદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧લો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૭ સુધી (તા. ૩જી), પછી અનુરાધા.
- ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૩-૨૨ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૬ સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૦, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-ૡ
- ભરતી : બપોરે ક. ૧૨-૦૦, મધ્યરાત્રે ક. ૦૦-૪૪,
- ઓટઃ સાંજે ક. ૧૭-૫૯,મધ્યરાત્રિ પછી ક.૬-૩૭(તા.૩)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, કાર્તિક શુક્લ - પ્રતિપદા. વિક્રમ સંવત ૨૦૮૧ નૂતન વર્ષ 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, અભ્યંગ સ્નાન, ગોવર્ધન પૂજા, અન્નકૂટ, બલિપ્રતિપદા, મહાવીર જૈન સંવત ૨૫૫૧ પ્રારંભ, વિંછુડો પ્રારંભ ક. ૨૩-૨૨.શુભાશુભ દિનશુદ્ધિઃ મુહૂર્તરાજ શ્રેષ્ઠ પર્વ દિન

- મુહૂર્ત વિશેષઃ ઇન્દ્રાગ્ની પૂજન, નવાં વસ્ત્રો, આભૂષણ,ધાન્ય ઘરે લાવવું.પશુ લે-વેચ,શ્રી વિષ્ણુ -લક્ષ્મી પૂજા.કુલાચાર પ્રમાણે નૂતન વર્ષનાં પડવાનાં પવિત્ર પર્વમાં મિતિ નાખી કાંટો બાંધી ,નવા વર્ષનાં વેપારનો પ્રારંભ કરવો.મુહૂર્ત સમય આ પ્રમાણે છે.(૧) સવારે ક.૮-૦૬ થી ૯.૩૧(શુભ)(૨)બપોરે ક.૧૨-૨૨ થી ક.૧૩.૪૭ (ચલ)(૩)બપોરે ૧૩.૪૭ થી ક.૧૫.૧૩(લાભ)(૪)બપોરે ક.૧૫.૧૩ થી સાંજે ક.૧૬.૩૮(અમૃત)
- નવું વર્ષઃ સ્વજનોને, મિત્રોને, પ્રિયજનને નવા વર્ષની શુભેચ્છા પાઠવવી. સવારે પ્રાતઃ કર્મ, ઈશ્વરનું નામ, જાપ, નિત્ય પરિવારની દેવપૂજા ,મંદિર ઉપાશ્રય દેવદર્શન કરવા. જૂનાં વિસારાયેલ સંબંધોને પુનઃ સ્થાપિત -જીવિત કરવા. પરસ્પર અણગમો દૂર કરવો. નવા વર્ષની ડાયરી ખરીદી, પૂજન, કરી રોજનીશી લખવાની પ્રારંભવી.નવું વર્ષ ,નવું જીવન,નવી તકો,નવા સમયનો પૂર્ણ ઉપયોગ કરવો,સમયની કિંમત સમજવી,નિર્ણયોમાં શ્રદ્ધા દાખવી. ઈશ્વરની સાક્ષીએ લક્ષ્ય ઉપર ચાલવું.આચમનઃ બુધ-મંગળ ત્રિકોણ સમજદાર, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ અસ્થિર મનના.
- ખગોળ જ્યોતિષઃ બુધ-મંગળ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ (તા. ૩)
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

(સૌર હેમંતઋતુ પ્રારંભ),
રવિવાર, તા. ૩-૧૧-૨૦૨૪ ભાઈબીજ, ચંદ્રદર્શન,

- ભારતીય દિનાંક ૧૨, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક સુદ -૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨જો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર :અનુરાધા. ચંદ્ર :વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૧ અમદાવાદ ક. ૦૬ મિ. ૪૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૯, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-ૡ
- ભરતી : બપોરે ક. ૧૨-૩૧, મધ્યરાત્રિ પછી. ક. ૦૧-૧૭
- ઓટઃ સાંજે ક. ૦૬-૩૭, સાંજે ક.૧૮-૨૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, કાર્તિક શુક્લ - દ્વિતીયા. ભાઈબીજ, યમદ્વિતીયા, ચંદ્રદર્શન, વિંછુડો
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃશ્રી વિષ્ણુ -લક્ષ્મી પૂજા, ભગવાન સૂર્યનારાયણ દેવતાનું પૂજન,ગાયત્રી માતાનું પૂજન,જાપ,હવન શનિ દેવતાનું પૂજન,અગ્નિદેવતાનું પૂજન,અગાઉ વાસ્તુ પૂજા થયેલ ઘરમાં રહેવા જવું.પરદેશ ગમનનું પસ્તાનું,મુંડન કરાવવું નહીં, પ્રયાણ શુભ, નવા વસ્ત્રો, આભૂષણ, નવાં વાસણ,વાહન,યંત્ર,દસ્તાવેજ,પશુ લેવડ, સ્થાવર લેવડ દેવડનાં નિત્ય થતાં કામકાજ, ધાન્ય ભરવું, બી વાવવું, શાંતિ પૌષ્ટિક,સર્વશાંતિ પૂજા,નાગ કેસરનાં ઔષધીય પ્રયોગો.
- આચમનઃ ચંદ્ર નેપ્ચૂન ત્રિકોણ ભાવના પ્રધાન,ચંદ્ર મંગળ ત્રિકોણ મહેનતુ ,ચંદ્ર બુધ યુતિ તીવ્ર બુદ્ધિ પ્રતિભા,શુક્ર ગુરુ પ્રતિ યુતિ ઘમંડી
- ખગોળ જ્યોતિષઃચંદ્ર નેપ્ચૂન ત્રિકોણ,ચંદ્ર મંગળ ત્રિકોણ,ચંદ્ર બુધ યુતિ,શુક્ર ગુરુ પ્રતિ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે અમદાવાદમાં વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં એકત્રિત થતાં કચરાને પીરાણા ખાતેની ડમ્પિંગ સાઈટ પર ઠાલવવામાં આવે છે જ્યાં તેની પ્રોસેસ કરી કચરાનો નિકાલ કરાય છે. આ કચરો પ્રોસેસ કરવા માટેના ગુજરાતના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું ૧ નવેમ્બરના રોજ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે પીરાણા રોડ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. ૩૭૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. કેન્દ્રીય ગૃહપ્રધાને પ્લાન્ટની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે રિબિન કાપી, બટન દબાવીને પ્લાન્ટને કાર્યાન્વિત કર્યો હતો. ત્યારબાદ તેના વિવિધ વિભાગો અને કાર્યપ્રણાલી વિશે વિગતવાર માહિતી મેળવી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાંથી રોજેરોજ નીકળતા હજારો મેટ્રિક ટન કચરાના નિકાલ માટે શરૂ કરવામાં આવેલો પ્લાન્ટ શહેરને સ્વચ્છ બનાવવાની સાથે વીજળી પણ ઉત્પન્ન કરી પર્યાવરણને બચાવવાની દિશામાં યોગદાન આપશે. અમદાવાદમાં આ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ દૈનિક ધોરણે ૧૦૦૦ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરીને ૧૫ મેગાવોટ જેટલી વીજળી ઉત્પન્ન કરશે.

પ્લાન્ટમાં મ્યુનિસિપલ સોલિડ વેસ્ટને આરડીએફ બેઝ માર્ટિન રિવર્સ ગ્રેટ ફાયરિંગ ટેક્નોલોજીની મદદથી બોઇલરમાં મ્યુનિસિપલ વેસ્ટ ઇન્સિનરેટ કરી ૬૫ ટીપીએસ સ્ટીમ જનરેટ કરવામાં આવશે. આ સ્ટીમ વડે ટર્બાઈન મારફતે ૧૫ મેગાવોટ પ્રતિ કલાક વીજળી ઉત્પન્ન કરવામાં આવશે. ■

# ભાવનગર જિલ્લામાં દિવાળીની રાત્રે ફટાકડા ફોડવા બાબતેની બબાલમાં ત્રણ લોકોની હત્યા







(તસવીર– વિપુલ હિરાણી– ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ દિવાળીની મોડી રાત્રે ભાવનગર શહેરમાં હત્યાના બે બનાવો અને હાથબ ગામે હત્યાનો એક બનાવ સહિત જિલ્લામાં એક જ રાત્રે હત્યાના ત્રણ બનાવો બનતાં પોલીસ તંત્ર દોડતું થઈ ગયું હતું.

ભાવનગર શહેરના ઘોઘારોડ બાલયોગીનગર પાસે ફટાકડા ફોડવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સોએ ડૉ. શિવરાજ ખાચરની હત્યા કરી અને ડૉક્ટરના પુત્ર ઉપર પણ જીવલેણ હુમલો કર્યો હતો. જ્યારે શહેરના બાર્ટન લાઇબ્રેરી નજીક ફરદીન ઉર્ફે રાવણાની એક મહિલા સહિત ત્રણ શખ્સોએ હત્યા કરી નાખી હતી. જ્યારે હાથબ ગામે પણ ફટાકડા ફોડવાની બાબતે યુવાનની ઘાતકી હત્યાનો બનાવ નોંધાયો હતો.

ભાવનગર શહેરના ઘોઘારોડ બાલયોગીનગર પાસે ગઈ મોડી રાત્રે ડૉ. શિવરાજભાઈ લગધીરભાઈ ખાચર ઉપર ફટાકડા ફોડી રહેલા ભાવિન તથા અન્ય શખ્સોને થોડીવાર ફટાકડા નહીં ફોડવાનું કહેતા આ શખ્સોએ ઝઘડો કરી પાઇપ અને છરી વડે જીવલેણ હુમલો કરતા ડૉ. શિવરાજભાઈનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું, જ્યારે આરોપીએ ડૉ.શિવરાજના પુત્ર કહાન ઉપર પણ હિચકારો હુમલો કરતા તેને ઈજા પહોંચતા સારવાર માટે ખાનગી હૉસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવમાં શહેરના ખારગેટ ખાતે રહેતા ફરદીન ઉર્ફે રાવણો મુનાફ ભાઈ કુરેશી મોડી રાત્રે શહેરના બાર્ટન લાઇબ્રેરી નજીકના ગજ્જરચોક પાસેથી પસાર થતો હતો ત્યારે યુનુસભાઈ મહંમદ ઝકરિયા શેખ, ફરીદાબેન મહંમદ ઝકરિયા શેખ તથા એયાન ફારુક શેખએ એકસંપ થઈને લોખંડના પાઇપ વડે જીવલેણ હુમલો કરી હત્યા કરી નાખી હતી. આ બનાવ અંગે મૃતકના નાનાભાઈ અરબાજ મુનાફભાઈ કુરેશીએ ગંગાજરીયા પોલીસ સ્ટેશનમાં પોતાના ભાઈની હત્યા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે મોડી રાત્રે જ યુનુસ અને અમનને ઝડપી લીધા હતા. આ બનાવના કારણમાં મરણ પામનાર ફરદીનને આરોપી યુનુસની પત્ની સાથે અગાઉ પ્રેમ સંબંધો હતા. તે અંગે અગાઉ ઝઘડો થયો હતો તેની દાઝ રાખી આ હત્યા કરવામાં આવી હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું હતું

ત્રીજા બનાવની વાત કરીએ તો ઘોઘા તાલુકાના હાથબ ગામે પોતાના ઘર પાસે ફટાકડા ફોડી ગાળો બોલતા શખ્સોને ટકોર કરતાં તેમણે ઉશ્કેરાઈ જઈને બુધાભાઈ રામજીભાઈ બારૈયા ઉપર પાઇપ અને છરી વડે જીવલેણ હુમલો કરતા તેને લોહિયાળ હાલતે ભાવનગરની સર.ટી. હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે ઘોઘા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# સુરતમાં દિવાળીના દિવસે મૃતકના અંતિમસંસ્કાર માટે સ્વજનોએ સ્મશાનમાં આજીજી કરવી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં દિવાળીના દિવસે મૃત્યુ થતાં મૃતકના પરિવારજનો મૃતદેહ લઈને અંતિમસંસ્કાર માટે શહેરના અશ્વિનીકુમાર સ્મશાનગૃહ ખાતે ગયા હતાં. જ્યાં સ્મશાનના કર્મચારીએ મૃતકના પરિવારજનો સાથે ઉદ્ધતાઈપૂર્વક વર્તન કર્યું હતું. અંતિમસંસ્કાર કરવા માટે સ્મશાનગૃહમાં કર્મચારીઓ નહોતા. મૃતદેહના અંતિમસંસ્કાર માટે પરિવારને કલાકો રાહ જોવી પડી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના પુણાગામ વિસ્તારમાં દિવાળીના દિવસે મીના રાઠોડ નામની મહિલાનું મૃત્યુ થયું હતું. જેથી તેમના પરિવારજનો અશ્વિનીકુમાર સ્મશાનગૃહ ખાતે અંતિમસંસ્કાર માટે લઈ ગયાં હતાં. પરંતુ ત્યાં કોઈ કર્મચારીઓ હાજર નહોતા. જેથી પરિવારજનોએ અગ્નિસંસ્કાર માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. સ્મશાનમાં એક વૃદ્ધ કર્મચારી હતાં. તેમણે મૃતકના પરિવારજનો સાથે ઉદ્ધતાઈપૂર્વક વર્તન કરતાં કહ્યું હતું કે, દિવાળીના દિવસે ઘરે મહેમાનો આવે છે અને તમે મૃતદેહ લઈને આવ્યાં છો?

આ ઘટનાનો વીડિયો પણ ગણતરીના સમયમાં સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ત્યાર બાદ સ્મશાનગૃહના મેનેજર સુભાષ થીયાએ જણાવ્યું હતું કે, આ પ્રકારની સ્થિતિ ઉત્પન્ન થઈ તે અંગે હું માફી માગું છું. આવી ઘટનાનું ફરી પુનરાવર્તન ન થાય આ માટે અમે ધ્યાન રાખીશું. મૃતકના પરિજનો સાથે ખરાબ વર્તન કરનાર મેનેજર સામે અમે કાર્યવાહી કરીશું. મૃતકના પરિજનોએ કહ્યું હતું કે, મૃતદેહ સાથે અમને કલાકો સુધી બેસાડી રાખવામાં આવ્યા હતા. ■

# અમદાવાદના મિરઝાપુરમાં દિવાળીની રાત્રે ફટાકડાથી લાગેલી આગમાં કબાડી માર્કેટ ખાક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના મિરઝાપુરના કબાડી માર્કેટમાં દિવાળીની મોડીરાત્રે ફટાકડાના કારણે લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ફાયરબ્રિગેડની ૨૧ જેટલી ગાડીઓ સાથે કુલ ૧૦૦ લોકોના સ્ટાફે વહેલી સવાર સુધી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નહોતી. આગ લાગવાને કારણે લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે દિવાળીની રાત્રે એક વાગ્યાની આસપાસ ફાયર કંટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે, મિરઝાપુરમાં જયહિન્દ કબાડી માર્કેટમાં આગ લાગવાની ઘટના બની છે. આ કોલ એટેન્ડ કરતાંની સાથે સૌથી પહેલા ફાયરબ્રિગેડની પાંચથી વધુ ગાડીઓ ઘટનાસ્થળે દોડાવવામાં આવી હતી. ફાયરબ્રિગેડની ગાડીઓ પહોંચે ત્યાં સુધીમાં વાહનોથી લઈ દુકાનો સહિતમાં આગ ફેલાઈ ગઈ હતી. આગે ભયંકર સ્વરૂપ ધારણ કરી લીધું હતું.આગને કાબૂમાં લેવા માટે ફાયર વિભાગની ટીમે પાણીનો મારો ચલાવ્યો હતો.

કુલ ૨૧ જેટલી ફાયરબ્રિગેડની ગાડીઓ બોલાવવાની ફરજ પડી હતી. ચીફ ફાયર ઓફિસર, એડિશનલ ચીફ ફાયર ઓફિસર અને બે ડિવિઝનલ ફાયર ઓફિસર પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ૧૦૦થી વધુ કર્મચારીઓનો સ્ટાફ કામે લગાડવામાં આવ્યો હતો. ફાયરબ્રિગેડ દ્વારા વહેલી સવાર ચારથી પાંચ લાખ લિટર સુધી પાણીનો મારો ચલાવી આગને બુઝાવી દેવામાં આવી હતી. અમદાવાદ બાદ સુરતમાં પણ આગ લાગવાના ૯૦ જેટલા બનાવો બન્યાં હતાં. તે ઉપરાંત વડોદરામાં પણ ૨૧ કોલ ફાયર વિભાગને મળ્યા હતાં. ■

# દિવાળીના દિવસે ૧૦૮ ઈમર્જન્સી સર્વિસને દાઝવાના ૩૮ અને અકસ્માતના ૯૨૧ કોલ મળ્યા

અમદાવાદઃ દિવાળીના દિવસે દાઝવાના અને આગ લાગવાના અનેક બનાવો નોંધાતા હોય છે. ત્યારે ૧૦૮ ઈમર્જન્સી સર્વિસને રાજ્યમાંથી દાઝવાના ૩૮ અને અકસ્માતના ૯૨૧ કોલ મળ્યાં હતાં. ૧૦૮ના કર્મચારીઓએ એક જ દિવસમાં ૪૮૮૯ કોલ એટેન્ડ કર્યા હતાં. દિવાળીના દિવસે સામાન્ય દિવસો કરતાં કોલમાં ૮.૫ ટકાનો વધારો થયો હતો. નોંધનીય છે કે, અમદાવાદ જિલ્લામાં સામાન્ય દિવસો કરતાં દિવાળીના દિવસે ઈમર્જન્સી કોલ ઘટ્યાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં દિવાળીના પર્વની રજાઓ પણ નહીં ભોગવી શકતા ૧૦૮ના કર્મચારીઓ ખડેપગે લોકોની સેવામાં ફરજ પર હાજર હતાં. રાજ્યમાં સામાન્ય દિવસોમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસને ચાર હજાર જેટલા કોલ મળતાં હોય છે. તેની સામે દિવાળીના દિવસે ૪૮૮૯ કોલ મળ્યા હતાં. જેમાં ૮.૫ ટકાનો વધારો નોંધાયો હતો. રાજ્યમાં ફટાકડા ફોડવાના કારણે દાઝવાના બનાવો વધ્યા હતાં. જેમાં અમદાવાદમાં આઠ, સુરતમાં ૬ અને ભરૂચમાં પાંચ કોલ મળ્યા હતાં. તે ઉપરાંત દિવાળીના દિવસે માર્ગ અકસ્માતના ૯૨૧ કોલ મળતા ૧૦૮ એમ્બ્યુલન્સ દિવસ રાત દોડતી રહી હતી. ૧૦૮ને સામાન્ય દિવસોમાં મારામારીના સરેરાશ ૧૪૪ કેસ મળતા હોય છે.

તેના બદલે દિવાળીના દિવસે ૩૨૩ કેસ મળ્યા હતા. જે સામાન્ય દિવસો કરતા ૧૨૪ ટકા વધુ હતા. દિવાળીના દિવસે રાજ્યમાં દિવાળીએ ઈમરજન્સી કેસ વધ્યા હતાં પણ પરંતુ, અમદાવાદ જિલ્લામાં કુલ કેસમાં ૫ ટકાનો ઘટાડો થયો હતો. ■

# અમદાવાદમાં આંગડિયા પેઢીનો કર્મચારી રોકડ અને સોનાના દાગીના સહિત ૬૦ લાખનો મુદ્દામાલ લઈ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના માણેકચોકમાં આવેલી આંગડિયા પેઢીના માલિકે કર્મચારીને કુબેરનગર વિસ્તારમાં સોના-ચાંદીના પાર્સલ આપવા મોકલ્યો હતો. આ કર્મચારી પોતાનો ફોન સ્વીચ ઓફ કરીને ૬૦ લાખ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીનાનાં પાર્સલો લઈને ફરાર થઈ ગયો હતો. માલિકે ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતાં પોલીસે કર્મચારીને શોધવા ચક્રો ગતિમાન કર્યાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના રાયપુરમાં બંગાળીસિંગ પરમાર આંગડિયા પેઢી ધરાવી વેપાર કરે છે. તેમની આંગડિયા પેઢીમાં અમિત ઉર્ફે અમરત પુરોહિત નોકરી કરે છે. ૨૮ ઓગસ્ટે સવારે કુબેરનગર અને ઠક્કરબાપાનગર વિસ્તારમાં પાર્સલ આપવાનું હોવાથી બંગાળી સિંગે તેમના કર્મચારી અમિતને એક્ટિવા લઈને બંને પાર્સલો કુબેરનગર તેમજ ઠક્કરબાપા નગર આપવા માટે મોકલ્યો હતો. અમિતે એક જ્વેલર્સના ચાર જેટલા પાર્સલ મુંબઈ મોકલવાના છે હું થોડીવારમાં આવું છું. ત્યારબાદ પણ અમિત આવ્યો નહોતો.

જેથી તેના મોબાઈલ નંબર ઉપર ફોન કરતા મોબાઈલ બંધ આવતો હતો. અમિત પાસે જે પાંચ જેટલા પાર્સલ હતા તેમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત રૂપિયા ૬૦ લાખનો મુદ્દામાલ હતો. જે મુદ્દામાલ અને એક્ટિવા લઈને ફરાર થઈ ગયો હતો. આ મામલે ખાડિયા પોલીસે આરોપી અમિત વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. ■

# દિવાળીના દિવસે ૧૦૮ ઈમર્જન્સી સર્વિસને દાઝવાના ૩૮ અને અકસ્માતના ૯૨૧ કોલ મળ્યા

અમદાવાદઃ દિવાળીના દિવસે દાઝવાના અને આગ લાગવાના અનેક બનાવો નોંધાતા હોય છે. ત્યારે ૧૦૮ ઈમર્જન્સી સર્વિસને રાજ્યમાંથી દાઝવાના ૩૮ અને અકસ્માતના ૯૨૧ કોલ મળ્યાં હતાં. ૧૦૮ના કર્મચારીઓએ એક જ દિવસમાં ૪૮૮૯ કોલ એટેન્ડ કર્યા હતાં. દિવાળીના દિવસે સામાન્ય દિવસો કરતાં કોલમાં ૮.૫ ટકાનો વધારો થયો હતો. નોંધનીય છે કે, અમદાવાદ જિલ્લામાં સામાન્ય દિવસો કરતાં દિવાળીના દિવસે ઈમર્જન્સી કોલ ઘટ્યાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં દિવાળીના પર્વની રજાઓ પણ નહીં ભોગવી શકતા ૧૦૮ના કર્મચારીઓ ખડેપગે લોકોની સેવામાં ફરજ પર હાજર હતાં. રાજ્યમાં સામાન્ય દિવસોમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસને ચાર હજાર જેટલા કોલ મળતાં હોય છે. તેની સામે દિવાળીના દિવસે ૪૮૮૯ કોલ મળ્યા હતાં. જેમાં ૮.૫ ટકાનો વધારો નોંધાયો હતો. રાજ્યમાં ફટાકડા ફોડવાના કારણે દાઝવાના બનાવો વધ્યા હતાં. જેમાં અમદાવાદમાં આઠ, સુરતમાં ૬ અને ભરૂચમાં પાંચ કોલ મળ્યા હતાં. તે ઉપરાંત દિવાળીના દિવસે માર્ગ અકસ્માતના ૯૨૧ કોલ મળતા ૧૦૮ એમ્બ્યુલન્સ દિવસ રાત દોડતી રહી હતી. ૧૦૮ને સામાન્ય દિવસોમાં મારામારીના સરેરાશ ૧૪૪ કેસ મળતા હોય છે. તેના બદલે દિવાળીના દિવસે ૩૨૩ કેસ મળ્યા હતા. ■

# અલ્પેશ ઠાકોરે ગુજરાતમાં ૨૪ કલાક વીજળી મળતી હોવાનું કહેતા જ લાઈટ બંધ થઈ ગઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠામાં વાવ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી આગામી ૧૩મી નવેમ્બરે યોજાવાની છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા જોરશોરથી પ્રચાર શરૂ કરી દેવાયો છે. આ દરમિયાન ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર એક સભાને સંબોધિત કરતાં ગુજરાતમાં ૨૪ કલાક વીજળી મળે છે એવો દાવો કરતાં જ વીજળી ગૂલ થઈ હતી.

બનાસકાંઠામાં વાવ વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરના સમર્થનમાં ભાભર ખાતે પ્રચાર કરવા આવેલા ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે સભાને સંબોધિત કરી હતી. તેઓ ગુજરાતની ભાજપ સરકારે કરેલા વિકાસકાર્યોની વાત કરી રહ્યાં હતાં. તેમણે સભાને સંબોધતાં કહ્યું હતું કે, ભાજપ સરકારે ગુજરાતમાં ૨૪ કલાક વીજળી આપી છે. તેમની આ પંક્તિ બોલતાની સાથે જ વીજળી ગૂલ થઈ ગઈ હતી. હાથમાં માઈક પકડીને અલ્પેશ ઠાકોરને ઊભા રહેવાનો વારો આવ્યો. જોકે, થોડીવારમાં જ લાઈટ ફરી આવતા જ ફરી અલ્પેશ ઠાકોરે પોતાનું ભાષણ શરૂ કર્યું હતું. ચાલુ ભાષણ દરમિયાન વીજળી ગૂલ થઈ તે સમયનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

વાવ વિધાનસભા બેઠક માટેની પેટાચૂંટણી માટે આગામી ૧૩ નવેમ્બરના રોજ મતદાન યોજાશે, જેમાં કુલ ૨૧ ઉમેદવારીપત્ર ભરાયા હતા. ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ હવે કુલ ૧૦ ઉમેદવાર વાવ વિધાનસભા બેઠક માટે જનમત મેળવશે. વાવ વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૩૨૧ પોલિંગ સ્ટેશન આવેલા છે, જેમાં ૧૫ ઑક્ટોબર ૨૦૨૪ સુધીમાં ૧,૬૧,૨૯૩ પુરુષ, ૧,૪૯,૩૮૭ સ્ત્રી અને ૦૧ થર્ડ જેન્ડર મળી કુલ ૩,૧૦,૬૮૧ મતદારનો સમાવેશ થાય છે. ■

# પાક નિષ્ફળ જતાં રાજકોટ બાદ કેશોદના ખેડૂતે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં વરસેલા વરસાદના કારણે ખેડૂતોએ પકવેલો ઊભો પાક ધોવાઈ ગયો હતો. તે ઉપરાંત ખેતરમાંથી વાઢીને મુકવામાં આવેલો પાક બગડી જવા પામ્યો હતો. રાજ્યમાં ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છિનવાઈ જતા ખેડૂતો ચિંતિત બન્યા હતાં. છેલ્લાં એક અઠવાડિયાનાં રાજ્યમાં બે ખેડૂતોએ પાક નિષ્ફળ જતા આપઘાત કર્યો હોવાની ઘટનાઓ બની હતી. રાજકોટ બાદ જૂનાગઢના કેશોદના ખેડૂતે જીવન ટૂંકાવ્યું હતું. પ્રાપ્ત વિગતો પ્રમાણે જૂનાગઢ જિલ્લાના કેશોદના શેરગઢ ગામમાં ખેડૂતે આપઘાત કરી લેતા ચાર દીકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવી હતી. ખેતીકામ કરતા દાનુભાઈ બાબરીયાએ ખરીફ સીઝનમાં મગફળીનું વાવેતર કર્યું હતું. ■

# અમદાવાદમાં સિંધુભવન રોડ પર પાલિકાએ રોશની માટે લગાવેલી લાઈટો ટ્રાફિક પોલીસે બંધ કરી દીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં શોપિંગ ફેસ્ટિવલ અને દિવાળીના તહેવારોને અનુલક્ષીને મહાનગર પાલિકા દ્વારા રોશની માટે લાઈટો લગાવવામાં આવી હતી. ત્યારે સિંધુ ભવન રોડ ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લગાવવામાં આવેલી આકર્ષક છત્રી લાઈટોને શહેર ટ્રાફિક પોલીસ દ્વારા બંધ કરી દેવામાં આવતા આકર્ષક લાઇટિંગ જોવા આવતાં લોકોમાં નારાજગી જોવા મળી હતી.

આ અંગે મહાનગર પાલિકાના અધિકારી સૂત્રોએ કહ્યું હતું કે, શહેરમાં સિંધુ ભવન રોડ પર રાત્રે લોકોની ભારે ભીડ જામવાથી ટ્રાફિકજામની સ્થિતિ ઉદ્‌ભવે છે. જેથી ટ્રાફિક પોલીસે લાઈટો બંધ કરાવી દીધી હતી. શોપિંગ ફેસ્ટિવલ અને દિવાળીના તહેવારોને લઈને શહેરમાં મહાનગર પાલિકા દ્વારા શહેરના સિંધુ ભવન રોડ, સીજી રોડ સહિતના મુખ્ય રોડ રોશનીથી શણગારવામાં આવ્યા હતા. આ રોશની જોવા માટે લોકોની ભીડ જામતી હતી. જેના કારણે ભારે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાતી હતી.

આ અંગે ટ્રાફિક ડીસીપી સફિન હસને કહ્યું હતું કે, આકર્ષક લાઇટિંગ જોવા માટે આવતા લોકોના કારણે ટ્રાફિકજામ થતો હોવાથી ટ્રાફિક પોલીસ દ્વારા કોર્પોરેશનના લાઈટ વિભાગના અધિકારીઓ પાસે લાઇટો બંધ કરાવી દેવાઈ હતી. ઉલ્લેખનીય છે કે, આકર્ષક લાઇટિંગ જોવા માટે અનેક લોકો સિંધુ ભવન રોડ ઉપર આવતા હતા. ત્યારે આકર્ષક લાઈટની છત્રીઓ રાત્રે બંધ કરી દેતા હોવાની ફરિયાદો ઊઠી હતી. પોલીસ દ્વારા લાઇટિંગ બંધ કરાવી દેવામાં આવતા અનેક સવાલો ઊભા થયા હતા. ■

# વાસદમાં પાંચ હજાર લોકોએ માત્ર ૬૦ મિનિટમાં ૨.૫૦ લાખ સીડબોલ બનાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પૃથ્વી પર પ્રદૂષણ વધી રહ્યું છે. જેના કારણે ગ્લોબલ વોર્મિંગ, ક્લાઈમેટ ચેન્જ જેવી મોટી સમસ્યાઓ ઉદ્‌ભવી રહી છે. આ સમસ્યાને દૂર કરવા માટે લોકો દ્વારા વૃક્ષારોપણના કાર્યક્રમો હાથ ધરાય છે. ત્યારે વાસદમાં પર્યાવરણની સુરક્ષા માટે પહેલ કરવામાં આવી હતી. પાંચ હજાર લોકોએ માત્ર ૬૦ મિનિટમાં ૨.૫૦ લાખ સીડબોલ તૈયાર કરીને વિશ્વ રેકોર્ડ સર્જ્યો હતો. આ દરમિયાન ગુજરાતના રાજ્યપાલ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, જમીનમાં ઓર્ગેનિક કાર્બન ઘટતા અને રાસાયણિક ખાતરનો ઉપયોગ વધતાં તેમાંથી ઉત્પન્ન થતા અન્ન, ફળ અને શાકભાજી ઝેરયુક્ત હોય છે. જે માનવ સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. જેને પરિણામે કેન્સર, હૃદયરોગ અને મધુપ્રમેહ જેવી બીમારીઓ વધી છે. આ બધામાંથી બચવાનો એક માત્ર ઉપાય પ્રાકૃતિક કૃષિ છે. ગુજરાતમાં ૧૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે.

વાસદ એસ.વી.આઇ.ટી. કોલેજ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની હાજરીમાં પાંચ હજાર લોકો દ્વારા માત્ર ૬૦ મિનિટમાં ૨.૫૦ લાખ સીડબોલ બનાવી પર્યાવરણ ક્ષેત્રમાં અનોખી પહેલ શરૂ કરી આ એક વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો. જેની નોંધ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં લેવાઈ હતી. વાસદ ખાતે ''સીડ ધ અર્થ'' કાર્યક્રમમાં બે વર્લ્ડ રેકોર્ડ નોંધાયા હતા.

જેમાં સૌથી વધુ સીડબોલ બનાવવાનો તથા સીડબોલ ટ્રેનો ઉપયોગ કરીને સૌથી લાંબુ સ્લોગન બનાવવાનો રેકોર્ડ નોંધાયો હતો.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે,પર્યાવરણના રક્ષણ માટે મહત્તમ વૃક્ષો વાવવા જરૂરી છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે ધરતી માતાનું સ્વાસ્થ્ય બગડ્યું છે. જેને પરિણામે ધરતી માતા બિનઉપજાઉ બની છે. પ્રાકૃતિક કૃષિ એ માત્ર ખેતી નથી પરંતુ જેનાથી પર્યાવરણના બચાવ સાથે પાણીની શુદ્ધતા,ગૌ માતાનું રક્ષણ, ખેડૂતોની આવક વધવા સાથે ઝેરમુક્ત કૃષિ ઉત્પાદનો માનવજાતને મળી રહેશે. ■

# ક્ષત્રિય સમાજના મહિલાં આગેવાન પદ્મિનીબા વાળાએ લોરેન્સ બિશ્નોઈને ચેતવણી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી દરમિયાન ચર્ચામાં આવેલાં ક્ષત્રિય સમાજનાં મહિલા આગેવાન પદ્મીનીબા વાળાએ લોરેન્સ બિશ્નોઈને એક વીડિયો મારફતે ચેતવણી આપી હતી. તેમણે સોશિયલ મીડિયામાં વીડિયો પોસ્ટ કરીને કહ્યું હતું કે, લોરેન્સ બેટા તું એકવાર સામે આવ તને ખબર પાડી દઉ કે હું કોણ છું. આ બિલાડી ઉંદરની રમત અમને પસંદ નથી. જે પાછળથી હુમલો કરે છે તે ગદ્દાર કહેવાય છે.

પદ્મીનીબા વાળાએ વીડિયોમાં કહ્યું હતું કે, અમારા રાજ શેખાવતે લોરેન્સ બિશ્નોઈ માટે જાહેરાત કરી છે તેનું અમે સમર્થન કરીએ છીએ. જ્યાં પણ રાજ શેખાવત અમને બોલાવશે અમે મોટી સંખ્યા લઈને ત્યાં પહોંચી જઈશું. થોડા દિવસ પહેલાં પદ્મિનીબા વાળા અને તેમના પુત્રએ મળી પતિ ગિરિરાજસિંહ વાળા પર પાઇપથી હુમલો કર્યો હતો. જેનો વીડિયો વાઇરલ થયો હતો.

તાજેતરમાં ક્ષત્રિય કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો હતો. જેમાં તેઓ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનું એન્કાઉન્ટર કરનારા પોલીસકર્મીને કરણી સેના ઈનામ આપશે તેવી જાહેરાત કરતા નજરે પડ્યા હતા. લોરેન્સ બિશ્નોઈ હાલ અમદાવાદની સાબરમતી જેલમાં બંધ છે. ■

# ગુજરાતમાં નવેમ્બરના પ્રથમ સપ્તાહ બાદ શિયાળાની અસર વર્તાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચાલુ વર્ષે ચોમાસુ વધુ સમય સુધી ચાલ્યું હોવાથી શિયાળાની શરૂઆત પણ મોડી થઈ રહી છે. સામાન્ય રીતે દિવાળી બાદ ફૂલગુલાબી ઠંડી શરૂ થતી હોય છે, પણ આ વખતે દિવાળીના તહેવાર દરમિયાન પણ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ થયો હતો. નવેમ્બર મહિનો શરૂ થયો હોવા છતાં રાજ્યમાં ૩૭ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાયું હતું, પરંતુ આગામી એક સપ્તાહ બાદ રાજ્યમાં શિયાળાની શરૂઆત થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ગુજરાતમાં હાલ ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાઈ રહ્યા છે, પરંતુ ઉત્તર ભારત તરફના ઠંડા પવનો ગુજરાત તરફ આવવાની શરૂઆત થયા બાદ શિયાળાની અસર વર્તાશે.

હવામાન વિભાગ પ્રમાણે આગામી સાત દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ વધુ ફેરફાર થવાની શક્યતાઓ નહિવત્ છે, પરંતુ લઘુતમ તાપમાનમાં ઘટાડો થતાં સૂર્યાસ્ત બાદ અને વહેલી સવારે ઠંડીનો ચમકારો અનુભવાઇ શકે છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં સૌથી વધુ ડિસામાં ૩૯.૬ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું, જ્યારે નર્મદા જિલ્લાના સૌથી ઓછું ૧૮.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ શહેરમાં ૩૮ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન દિવસેને દિવસે એકથી બે ડિગ્રી સેલ્સિયસ જેટલો ઘટાડો નોંધાયો છે, પરંતુ હજુ પણ સામાન્ય કરતા લઘુતમ તાપમાન ૩ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાઈ રહ્યું છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ઘાટકોપરમાં પૂ. નમ્રમુનિ મ.સા.ની નિશ્રામાં પૂ. સોનલજી મ.સ.ની ગુણાનુવાદ સભા



ગોંડલ સંપ્રદાયના પૂ.શ્રી ધીરગુરુદેવ તથા ગુરુણી પૂ. હીરાબાઈ મ.સ.ના પરિવારના ડૉ. પૂ. સોનલજી મ.સ.ની ગુણાનુવાદ સભા તા. ૩-૧૧ ને રવિવારે સવારે ૯-૩૦ કલાકે રાષ્ટ્રસંત પૂ.શ્રી નમ્રમુનિ મ.સા. તથા પૂ. હસ્મિતાજી મ.સ., પૂ. ભારતીજી મ.સ. અને ઘાટકોપરમાં બિરાજીત સતીવૃંદની નિશ્રામાં હિંગવાલા ઉપાશ્રયના પટાંગણે રાખેલ છે. બૃહદ્ મુંબઈના સંઘોને ઉપસ્થિત રહેવા શ્રી કામાગલી સ્થા. જૈન સંઘે અનુરોધ કરેલ છે. પૂ. મહાસતીજીના ૩૧ વર્ષના દીક્ષા પર્યાયમાં ૧૬ ચાતુર્માસનો મુંબઈના સંઘોને લાભ મળેલ છે.

# મલાડમાં યુવકે કરી આત્મહત્યાઃ ત્રણ સામે ગુનો દાખલ

## અંતિમ પગલું ભરતા પહેલાં ઉતારેલા વીડિયોમાં ત્રણેયનાં નામ જણાવ્યાં

મુંબઈઃ મલાડમાં ૨૨ વર્ષના યુવકને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાના આરોપસર ઇન્ટરનેટ સર્વિસ ડિસ્ટ્રિબ્યુટર કંપનીના માલિક અને મેનેજર સહિત ત્રણ સામે કુરાર પોલીસે ગુનો દાખલ કર્યો હતો. યુવકે અંતિમ પગલું ભરતાં પહેલા શૂટ કરેલો વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો હતો, જેમાં ત્રણેય જણનાં નામ જણાવ્યાં હતાં.

મૃતકની ઓળખ ચંદ્રેશકુમાર તિવારી તરીકે થઇ હતી, જે મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર કંપનીમાં કામ કરતો હતો. તેના પરિવારજનોએ દાવો કર્યો હતો કે ચંદ્રેશને પરેશ શેટ્ટી, દીપક વિશ્વકર્મા સહિત ત્રણ જણ પરેશાન કરી રહ્યા હતા. આથી કંટાળીને તેણે અંતિમ પગલું ભર્યું હતું. મલાડ પૂર્વમાં શિવાજીગર ખાતેના પ્રતાપનગરમાં ચંદ્રેશ તિવારીએ તેના ઘરમાં છતના હૂક સાથે ચાદર બાંધીને ગળાફાંસો ખાધો હતો.

આત્મહત્યા કરતા પૂર્વે ચંદ્રેશે વીડિયો સ્ટેટમેન્ટ શૂટ કર્યું હતું અને તે સોશિયલ મીડિયા પર અપલોડ કર્યું હતું. ચંદ્રેશના પિતરાઇ પવને પોલીસને જણાવ્યું હતું કે બુધવારે ચંદ્રેશ ફોન રિસિવ કરી રહ્યો નહોતો, જેને પગલે સંબંધીને ઘરે તપાસ કરવા મોકલાયો હતો.

ચંદ્રેશ દરવાજો ખોલતો ન હોવાથી સંબંધીએ દરવાજો તોડતાં અંદર ચંદ્રેશ ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. ચંદ્રેશને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ડોક્ટરે તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. પવને પોલીસને ચંદ્રેશનું વીડિયો સ્ટેટમેન્ટ બતાવ્યું હતું.

પાંચમા પાનાનું ચાલુ

### બળવાખોરો અમારા જ

છે. આથી ભાજપમાં સંગઠન અને કાર્યકર્તાઓ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તેઓ જ અમને વિજય તરફ દોરી જાય છે.

ફડણવીસે જણાવ્યું હતું કે છેલ્લા ૩૦ થી ૩૨ વર્ષથી તેઓ લક્ષ્મીપૂજનના અવસર પર ભાજપના અન્ય કાર્યકરો સાથે નાગપુરમાં પાર્ટી કાર્યાલયની મુલાકાત લેતા હોય છે. અમે ટિફિન લઈ જઈએ છીએ અને સાથે ખાઈએ છીએ. તે પરંપરા રહી છે. જો કે છેલ્લા બે વર્ષમાં હું આમ કરી શક્યો ન હતો, આજે હું ફરીથી ઓફિસમાં આવ્યો છું અને કાર્યકર્તાઓ અને કર્મચારીઓને મળીને અને મનભરી યાદોને યાદ કરીને હું ખુશ છું, એમ પણ તેમણે કહ્યું હતું.

### થાણેમાં આચારસંહિતા

બપોર સુધીમાં સીવીજીલ પ્લેટફોર્મ પર આદર્શ આચાર સંહિતા લાગુ થયા પછી (ઓક્ટોબરના મધ્યમાં) કુલ ૩૪૮ ફરિયાદો મળી હતી. એમાંથી ૩૦૬ ફરિયાદ (૮૭.૯૯ ટકા) નિર્ધારિત ૧૦૦ મિનિટની અંદર ઉકેલી લેવામાં આવી છે. કુલ ગુનાઓમાંથી ૩૨૪ નોંધપાત્ર ગુનાઓ બાકીની ફરિયાદોમાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)

### ૫૦ બળવાખોરોનું

પવાર અને તેમની પાર્ટીના રાજ્ય એકમના વડા જયંત પાટીલ બળવાખોર નેતાઓનો સંપર્ક કરી તેમને નામાંકન પાછું ખેંચવા સમજાવી રહ્યા છે. કૉંગ્રેસના મહારાષ્ટ્ર એકમના વડા નાના પટોલે અને વિજય વડેટ્ટીવાર અને બાલાસાહેબ થોરાત પણ બળવાખોર સભ્યોને પક્ષના હિતમાં ઉમેદવારીપત્ર પરત ખેંચવા સમજાવી રહ્યા છે.

રાજ્યમાં નામાંકન પરત ખેંચવાની છેલ્લી તારીખ ૪ નવેમ્બર છે. મતદાન ૨૦ નવેમ્બરે છે અને ૨૮૮ સભ્યોની વિધાનસભા માટેનાં ચૂંટણી પરિણામો ૨૩ નવેમ્બરે જાહેર કરવામાં આવશે ત્યારે એ જોવાનું રહેશે કે ચૂંટણીમાં કયો પક્ષ બાજી મારશે.

### આઠ નવેમ્બરથી

રાખવામાં આવ્યું છે, ત્યાં લાખોની ભીડ એકઠી થશે.

ભાજપે મહારાષ્ટ્રના પ્રચાર તંત્રમાં કેન્દ્રીય પ્રધાનોઓને પણ ઉતાર્યા છે. તેથી કેન્દ્રના એવા નેતાઓ સાથે પણ બેઠકો યોજાશે જેઓ ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી પણ મહારાષ્ટ્રમાં વધુ સમય પસાર કરશે, નાશિકની જરા પણ ઉપેક્ષા નહીં કરે. આ સિવાય તેઓ ધુળે, નંદુરબાર પણ જશે. ગિરીશ મહાજને એવી માહિતી આપી હતી કે અહમદનગર સહિત પાંચ જિલ્લામાં મોદીની સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

### મોદી ચાર દિવસમાં ૯ સભા કરશે

કાર્યક્રમ અનુસાર, આઠ નવેમ્બરે ધુળે, નાસિક, નવ નવેમ્બરે અકોલા, ચિમુર, તેરમી નવેમ્બરે સોલાપુર, કોલ્હાપુર અને ૧૪મી નવેમ્બરે સંભાજી નગર, નવી મુંબઈ અને મુંબઈમાં મોદીની સભાઓ યોજાશે.

### દિવાળી પછી ફટાકડા ફોડીશું

વિધાનસભ્ય એકનાથ ખડસેના ભાજપમાં પ્રવેશ અંગે વાત કરતા ગિરીશ મહાજને કહ્યું કે દિવાળી પછી ફટાકડા ફોડીશું, આમાં શું તકલીફ છે, ફટાકડા ફોડવાની ઉતાવળ ન કરો.

### મહારાષ્ટ્રમાં વચની

લિંગના મતદારોનો સમાવેશ થાય છે.

રાજ્યમાં ઉમેદવારોના નામાંકન ભરવાની પ્રક્રિયા ૨૨ ઑક્ટોબરથી શરૂ થઈ હતી જે ૨૯ ઑક્ટોબરના રોજ સમાપ્ત થઈ હતી. ૩૦ ઑક્ટોબરે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી હતી. ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ ૪ નવેમ્બર છે.

મહારાષ્ટ્રમાં સત્તા માટે મુખ્ય હરીફાઇ શાસક પક્ષ મહાયુતિ અને એમવીએ (મહા વિકાસ અઘાડી) વચ્ચે છે. શાસક પક્ષ મહાયુતિમાં ભાજપ, શિંદે સેના અને અજિત પવારની એનસીપીનો સમાવેશ થાય છે. એમવીએમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના, કૉંગ્રેસ અને શરદ પવારની એનસીપીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યમાં કેટલાક નાના નાના પક્ષ અને અપક્ષ ઉમેદવારો પણ છે.

### નામ એક, ઉમેદવાર

**દેશમુખ'** નાગપુર જિલ્લામાં કાટોલમાં ૧૯૯૫થી ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખનો મતવિસ્તાર છે, પરંતુ આ વખતે તેઓ ચૂંટણી મેદાનમાં નથી. તેમના બદલે તેમના પુત્ર સલિલ દેશમુખ શરદ પવારની એનસીપી વતી ઉમેદવાર છે. જો કે, અન્ય એક અનિલ દેશમુખે કાટોલ મતવિસ્તારમાં ઉમેદવારી ફોર્મ ભર્યું છે. ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ વસંતરાવ દેશમુખના નામ જેવું નામ ધરાવતા અનિલ શંકરરાવ દેશમુખ નરખેડ તાલુકાના થુગાંવ (નિપાની)ના રહેવાસી છે. આ ઉમેદવારી ફોર્મ એનસીપી (અજિત પવાર) દ્વારા દાખલ કરવામાં આવ્યું છે. તેનો સ્વીકાર પણ કરવામાં આવ્યો છે. ચરણ સિંહ ઠાકુરને કાટોલથી ભાજપે ઉમેદવાર બનાવ્યા છે, જ્યારે એનસીપી અજિત દાદા જૂથ દ્વારા અનિલ દેશમુખના નામની વ્યક્તિને ઉમેદવારી આપવામાં આવી છે, તેથી બધાની નજર આ મતવિસ્તાર પર મંડાયેલી છે.

**તિવસામાં ત્રણ રાજેશ વાનખડે**

અમરાવતીની તિવસા વિધાનસભામાં કોંગ્રેસના નેતા યશોમતી ઠાકુર અને ભાજપના રાજેશ વાનખડે વચ્ચે સીધો મુકાબલો છે. આ સ્થિતિ છતાં રાજેશ વાનખેડે નામના બે અપક્ષ ઉમેદવારોએ પણ ઉમેદવારી નોંધાવી છે. તેથી ભાજપના સત્તાવાર ઉમેદવાર રાજેશ વાનખેડેને માટે માથાનો દુખાવો થવાનો છે.

રાજેશ શ્રીરામ વાનખેડે - ભાજપ, રાજેશ બલીરામ વાનખેડે - અપક્ષ, રાજેશ રામદાસ વાનખેડે - અપક્ષ

**કર્જત-જામખેડ મતવિસ્તારમાં સમાન નામ ધરાવતા છ ઉમેદવારો**

રામ શંકર શિંદે-ભાજપ, રામ પ્રભુ શિંદે-સ્વતંત્ર, રામ નારાયણ શિંદે-અપક્ષ, રોહિત રાજેન્દ્ર પવાર-એનસીપી-એસપી, રોહિત ચંદ્રકાંત પવાર -અપક્ષ, રોહિત સુરેશ પવાર -અપક્ષ

**કળમનુરીમાં ત્રણ સમાન નામ**

કળમનુરી વિધાનસભા મતવિસ્તારમાં શિવસેના ઠાકરે જૂથના સંતોષ તરફે સામે વધુ બે સંતોષ તરફે મેદાનમાં છે. તેથી મહાવિકાસ આઘાડીના સત્તાવાર ઉમેદવાર સંતોષ તરફેને મોટી માથાકૂટ થશે તેવું લાગી રહ્યું છે.

સંતોષ કૌતિકા તરફે -શિવસેના (યુબીટી), તરફે સંતોષ લક્ષ્મણ -અપક્ષ, તરફે સંતોષ અંબાદાસ -અપક્ષ

**ઈન્દાપુરમાં ત્રણ હર્ષવર્ધન પાટીલ**

ઈન્દાપુર વિધાનસભામાં હર્ષવર્ધન પાટીલ નામે ત્રણ વ્યક્તિઓએ ઉમેદવારી નોંધાવી હતી જ્યારે બે વ્યક્તિઓએ દત્તાત્રય ભરણેના નામે ઉમેદવારી નોંધાવી હતી.

ઈન્દાપુર વિધાનસભા બેઠક પર હર્ષવર્ધન પાટીલના નામ પર ત્રણ જેટલા લોકોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં હર્ષવર્ધન શાહજીરાવ પાટીલએ એનસીપી (એસપી) તરફથી ઉમેદવારી નોંધાવી છે. જ્યારે હર્ષવર્ધન ગોપાલરાવ પાટીલ (સોલાપુર) અને હર્ષવર્ધન શ્રીપતિ પાટીલ (પુણે) બંનેએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

આ સાથે એનસીપી તરફથી દત્તાત્રય વિઠોબા ભરણે મેદાનમાં છે, જ્યારે દત્તાત્રય સોનબા ભરણેએ અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે. એટલે કે આ બંનેએ ઈન્દાપુર વિધાનસભામાં દત્તાત્રય ભરણેના નામે ઉમેદવારી નોંધાવી છે.

**ગંગાખેડમાં ૩ ઉમેદવારોના નામ સરખા!**

વિશાલ કદમ ગંગાખેડ વિધાનસભામાં શિવસેના (યુબીટી)ના મુખ્ય ઉમેદવાર છે અને તેમનો સીધો મુકાબલો આરએસપીના મુખ્ય ઉમેદવાર રત્નાકર ગુટ્ટે સાથે થશે. વિશાલ કદમ નામના વધુ બે ઉમેદવારોએ અરજી કરી છે. રસપ્રદ વાત એ છે કે આ બંને અપક્ષ ઉમેદવારો છે. આ ઉમેદવારો પૈકી એક હિંગોલી જિલ્લાના વસમત તાલુકાનો રહેવાસી છે. જ્યારે અન્ય ઉમેદવાર નાંદેડના હદગાંવ તાલુકામાંથી આવે છે. એકસમાન નામ ધરાવતા આવા ઉમેદવારોને કારણે આગામી વિધાનસભાની ચૂંટણીમાં મતદાનના આંકડા પર કેટલી અસર થશે તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે.

### ચૂંટણી પહેલા

શરૂ થઇને ૨૦ નવેમ્બર મધરાતે ૧૨.૦૦ વાગ્યા સુધી લાગુ રહેશે. એ દરમિયાન પાંચ અથવા વધુ વ્યક્તિના ભેગા થવા પર મનાઇ ફરમાવવામાં આવી છે. કોઇ પણ સરઘસ કાઢી શકાશે નહીં. સરઘસમાં લાઉડસ્પીકર, વાર્જિંત્રો, બેન્ડ વગાડવા તેમ જ ફટાકડા ફોડવાની મનાઇ રહેશે.

જોકે સર્વ પ્રકારના લગ્નસમારંભ વિગેરે, અંતિમસંસ્કાર સભા, સ્મશાનભૂમિ સ્થળે અંતિમયાત્રા, કંપની, ક્લબ, હાઉસિંગ સોસાયટીની બેઠક, સામાજિક મેળાવડા, ફિલ્મ તથા નાટકના થિયેટરો, જાહેર મનોરંજનના સ્થળો ખાતે આ નિયમ લાગુ રહેશે નહીં.

શાળા, કોલેજ અથવા અન્ય શૈક્ષણિક સંમેલન, સરકારી અને અર્ધસરકારી કાર્યો પાર પાડવા માટે સંમેલન, કારખાનાં, દુકાન, વ્યવસાય માટે સંમેલન સહિતને આ નિયમ લાગુ નહીં થશે. પોલીસ વિભાગના ડીસીપી (ઓપરેશન્સ) અકબર પઠાણ દ્વારા આ આદેશ જારી કરાયા છે, જેનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે, એવું જણાવાયું છે.

### શિંદે-સેનાના

રાજકીય બાબતો પર પણ ચર્ચા થઈ હતી. આ મુલાકાતના કારણે બદલાપુર શહેરમાં ચર્ચાઓ જાગી છે. કારણ કે મુરબાડ મતવિસ્તારમાં, જેમાં બદલાપુર શહેરનો સમાવેશ થાય છે, ચૂંટણી પહેલા ભાજપના ઉમેદવાર કિસન કથોરે અને વામન મ્હાત્રે વચ્ચે સંબંધો વણસ્યા છે અને તેથી મ્હાત્રેએ આ વર્ષે અસહકારની હાકલ કરી છે.

મ્હાત્રેના સુભાષ પવાર સાથે મૈત્રીપૂર્ણ સંબંધો છે, જે અગાઉ શિંદેની સેનામાં હતા અને હાલમાં મહાવિકાસ અઘાડીના ઉમેદવાર છે. આથી બદલાપુરમાં એવી ચર્ચા છે કે વામન મ્હાત્રેએ આડકતરી રીતે આ પોસ્ટ દ્વારા ચોક્કસ ટાઈમિંગ સાધીને કેટલાક સંકેતો આપ્યા હતા.

દરમિયાન, વામન મ્હાત્રે અને સુભાષ પવાર મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળ્યા હતા અને શિવસેનાને મહાયુતિમાં મુરબાડ મતવિસ્તાર મળે તેવી માગ કરી હતી. પરંતુ મહાયુતિએ ભાજપના કિસન કથોરેને બીજી વખત ઉમેદવારી આપતાં નારાજ મ્હાત્રે બળવાની સ્થિતિમાં આવી ગયા હતા. પણ તેઓએ બળવો કર્યો નથી.

બીજી તરફ, સુભાષ પવારે પક્ષ બદલ્યો અને એનસીપી (એસપી) જૂથમાંથી ઉમેદવારી મેળવી હતી. આથી હવે મ્હાત્રે બદલાપુરમાં મહાવિકાસ આઘાડીના સુભાષ પવારને આડકતરી રીતે મદદ કરે તેવી શક્યતાઓ છે અને આગામી ચૂંટણીમાં મ્હાત્રેની આ મુલાકાતને કારણે નવાજૂની થવાની શકયતા નકારી શકાય નહીં.

### ઠાકુરદ્વારની

છે. ત્રણે યુવકો જખમી થતા તેમને નજીક આવેલી નાયર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

આગનો બીજો બનાવ સાયનમાં ષણ્મુખાનંદ હોલની નજીક ફીનિક્સ રોડ નજીક આવેલી રેશન ઓફિસમાં સાંજના પોણા સાત વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી. ઘટનાસ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગમાં સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. રેશન ઓફિસમાં આગને કારણે ભારે નુકસાન થયું હતું.

આગનો ત્રીજો બનાવ અંધેરી (પૂર્વ)માં મહાકાલી કેવ્સ નજીક બન્યો હતો. અહીં એમઆઈડીસી, ગુપ્તા કમ્પાઉન્ડ, રોડ નંબર ૧૧ પર આવેલી ભંગારવાડી ઝૂંપડપટ્ટીમાં એક ઝૂંપડામાં સાંજના ૭.૫૪ વાગ્યાની આસપાસ ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન સહિત ઘરના સામાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી.

ઘટનાસ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના ત્રણ ફાયર એન્જિન, ત્રણ વોટર ફાઈટર, ત્રણ જેટી સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટના કર્મચારીઓએ આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. મોડે સુધી આગ બુઝાવવાની કામગીરી ચાલી હતી.

### બે દિવસમાં ફટાકડાને કારણે અડધો ડઝનથી વધુ દાઝ્યા

ફટાકડા ફોડવા સમયે સાવધાની રાખવાની સતત સૂચના આપ્યા બાદ પણ તેની અવગણના કરનારા લોકોનું દિવાળીમાં દાઝી જવાનું પ્રમાણ વધારે હોય છે. છેલ્લા બે દિવસ દરમિયાન ફટાકડા ફોડવાને કારણે પાલિકા સંચાલિત જુદી જુદી હૉસ્પિટલમાં છ થીવધુ કેસ નોંધાયા હતા, જેમાં સાયન પરેલમાં આવેલી કે.ઈ.એમ. હૉસ્પિટલમાં પાંચ અને ૧૪ વર્ષના બે બાળક ફટાકડાને કારણે દાઝી ગયેલી હાલતમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા. નાયર હૉસ્પિટલમાં ફટાકડાને કારણે દાઝી ગયેલા પાંચ લોકો પર સારવાર કરવામાં આવી રહી છે, જેમાં સાત, નવ, ૧૨ વર્ષના બાળક સહિત એક ૨૨ અને એક ૩૮ વર્ષના યુવકનો સમાવેશ થાય છે. સાયન હૉસ્પિટલમાં મામૂલી માત્રામાં દાઝેલા ચાર લોકોને સારવાર માટે લાવવામાં આવ્યા હતા. જોકે સારવાર બાદ તેમને હૉસ્પિટલથી રજા આપવામાં આવી હતી.

### થાણેમાં ગુરુવાર-શુક્રવારના આગની ચાર ઘટના

થાણેમાં ગુરુવાર અને શુક્રવાર બે દિવસમાં આગની ચાર ઘટના બની હતી. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. આ આગ થાણેના સમતાનગર, કાપૂરબાવડી, કાસારવડવલી અને બાળકૂમ પરિસરમાં લાગી હતી.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ગુરુવારે રાતના ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ચાર માળની શ્રેયસ સોસાયટી બિલ્ડિંગના ચોથા માળા પર બંધ ઘરની બારી પર રહેલી કબૂતરની નેટને આગ લાગી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના જવાનોની સાથે ડિઝાસ્ટર મેનેજમેન્ટે આગને નિયંત્રણમાં લાવવામાં સફળ રહ્યા હતા.

આગની બીજી ઘટના ગુરુવારે રાતના ૧૧.૩૦ વાગે હોરાઈઝન સ્કૂલ સામે આનંદ નગર, કાસારવડવલી, ઘોડબંદર રોડ પર રસ્તા પર પાર્ક કરેલી ફોરવ્હીલરમાં લાગી હતી. ફાયરબ્રિગેડે અડધા કલાકમાં આગ બુઝાવી હતી. આગની ત્રીજી ઘટના થાણેના કૉસમૉસ હૅબિટાટ, કાપૂરબાવડી, માજીવાડામાં લાગી હતી. બિલ્ડિંગના ૧૫માં માળા પર ફ્લેટ નંબર ૧૫૦૨ની રૂમની બાલ્કનીમાં રાખેલા વોશિંગ મશીન સહિત અન્ય સામાનમાં આગ લાગી હતી.

આગમાં કોઈ જખમી થયું નહોતું. આગની ચોથી ઘટના થાણેના ગગનગિરી સોસાયટી, સમતા નગરમાં લાગી હતી. અહીં કચરાના ઢગલામાં આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડે કલાકની જહેમત બાદ આગ બુઝાવી હતી.

## હિન્દુ મરણ

**હાલાઇ ભાટિયા**

ગં. સ્વ. અનુરાધા અજીત કાપડિયા (ઉં. વ. ૮૮) તે સ્વ. ધરમશી રતનસીના પુત્રવધૂ સૌ. જયશ્રી, ધ્રુવના માતુશ્રી. શ્રેયસ શેઠ, સૌ. ભાવનાના સાસુ. સ્વ. હરિદાસ રતનશી ચીખલના પુત્રી. સ્વ. પદ્મિની પરષોતમ લાયજાવાલા, સ્વ. શાંતિકુમાર, સૌ. ભારતી રાજેન્દ્ર મર્ચંટ, સ્વ. પ્રદીપના બેન. તા. ૨૭ ઓકટોબરે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા.૪ નવેમ્બર સાંજે ૫થી ૬.૩૦. ઠે. હરે કૃષ્ણ મંદિર, ભક્તિવેદાંત હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, ૭ કે.એમ. મુન્શી માર્ગ, બાબુલનાથ, મુંબઇ-૪૦૦૦૦૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાયડા વણિક**

પરેશભાઇ વદનલાલ બનાતવાલા (ઉં. વ. ૭૭) તા. ૩૦-૧૦-૨૪ના બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. તે હર્ષાબેનના પતિ. ધવલ, હેતલના પિતા. નિકિતા બનાતવાલા અને હિરેન દલાલના સસરા. સ્વ. ભાનુભાઇ ગાંધી (સંખેડાવાલા)ના જમાઇ. સ્વ. રંજનબેન ઉમાકાંત ચોકસી અને બિંદુબેન જગદીશભાઇ શાહના ભાઇ. પ્રાર્થનાસભા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. બચુબાઇ પ્રેમજી ખેરાજ ભગદે ગામ કચ્છ કોઠારાવાળાના સુપુત્ર મુલજી પ્રેમજી ઉર્ફે શંકરલાલ તે સ્વ. હીરાગૌરીના પતિ (ઉં. વ. ૮૩) જે સ્વ. મુલબાઇ (ગગીબાઇ) જેરામ નારાયણજી રાઇમંગ્યા ગામ કચ્છ સોનારાવલી (વાંઢ)ના જમાઇ. તે રાજેશ તથા પ્રફૂલા સુરેશ પલણના પિતાશ્રી. તે કાલિન્દીના સસરા. સ્વ. નર્મદાબેન, સ્વ. જશોદાબેન, સ્વ. તુલસાબેન, ગં.સ્વ. પુરાબેન, ગં. સ્વ. વસુબેન તથા અ. સૌ. ભાનુબેનના ભાઇ. તા.૩૦-૧૦-૨૪ના બુધવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

ગામ ખેડ હાલ વાપી મયંક વ્યાસ (ઉં. વ. ૪૫) તે અલકા તથા નરેન્દ્ર શાંતિલાલ વ્યાસના સુપુત્ર. તે કૃપા ભરત રાઠોડના ભાઇ. તે મંજુલા મુકુંદચંદ્ર વ્યાસ, વિજયાબેન, સ્વ. કૈલાસબેન, સ્વ. વસુબેન, ભારતીબેનના ભત્રીજા. તે ભામિની જયેશ પંડ્યા, સંદીપ મુકુંદચંદ્ર વ્યાસ, અર્ચના ભાવિન ગાંધીના કાકાના દીકરા. રીટા સંદીપ વ્યાસના કાકાજીના દીકરા. તા. ૩૧-૧૦-૨૪ના ગુરુવારે દેવલોક પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. સરલાબેન (ઉં. વ. ૯૪) તે સ્વ. ઓધવજી મોતીરામ આથા (ગામ ઉગેડી, હાલ મુલુંડ)ના ધર્મપત્ની. સ્વ.જમનાબેન લધારામ રાજદે, (મોટી-વિરાણી) ના પુત્રી. રમણીકભાઇ, દમયંતિબેન મૂળજીભાઇ, ઉષાબેન મહેન્દ્રભાઇ, કોકિલાબેન વિનોદભાઇ, પ્રેમિલાબેન પ્રદીપભાઇ, સ્વ. નીતાના માતુશ્રી. ઉષાબેનના સાસુ. નેહલબેન, નિલેશ અને મીહિરના દાદીજી. સ્વ. ભીમજીભાઇ, સ્વ. દિનેશભાઇ, સ્વ. સરસ્વતીબેન, સ્વ. હરખાબેન અને શાંતાબેનના બેન. તા. ૩૧-૧૦-૨૪ ગુરુવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**મારુ કંસારા**

લાઠી નિવાસી હાલ મુંબઇ પ્રમોદરાય રાઘવજી સોલંકી (ઉં. વ. ૮૪) ભારતી (ભાગીરથી) પ્રમોદરાય સોલંકીના પતિ. તે સ્વ. નાગરદાસ, સ્વ. પ્રેમચંદભાઇ, સ્વ. રમણીકભાઇ, સ્વ. કનૈયાલાલ (બટુકભાઇ), સ્વ. મનહરલાલ, હસમુખભાઇ તથા સ્વ. નિર્મળાબેન અમીલાલ બુધ્ધના ભાઇ. મનિષભાઇ અને અપર્ણાબેન અતુલભાઇ મલકાનના પિતા. મીતાબેન મનિષભાઇ સોલંકી તથા અતુલભાઇ મલકાનના શ્વસુર. રાજ, નીલ અને યશના નાના-દાદા તા.૩૧-૧૦-૨૪ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા રાખેલ નથી.

**હાલાઈ ભાટિયા**

જામ ખંભાળિયાના હાલ ભાયંદર નલિનીબેન (ઉં. વ. ૮૦), સ્વ. કૃષ્ણરાજ ભગવાનદાસ ભાટિયા (ચપરવાલા)ના ધર્મપત્ની. તે સ્વ.વસનજી ખિમજી સંપટના પુત્રી. કિરણ તથા અર્ચના ભૂપેન્દ્ર ભાટિયાના માતુશ્રી. હર્ષના દાદી. જય તથા રાજના નાની. નીલુના સાસ. તાઃ ૩૦-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**સુરતી વિશાલાડ વણિક**

ગં. સ્વ. શ્રીમતી સુરેખાબેન રમેશ બંગાળી (ઉં. વ. ૮૦) બુધવાર, તા.૩૧-૧૦-૨૪ નાં રોજ શ્રીચરણ પામ્યા છે. તે સ્વ. રમેશ મોતીલાલ બંગાળીનાં પત્ની, ઉત્પલ તથા રમા(રચના)નાં માતુશ્રી. જુગલ ભાઈ શાહ, કાજલબેનનાં સાસુ. કૃતાર્થનાં નાનીજી. સ્વ. મોતીલાલ- નિર્મળાબેન નાં પુત્રવધૂ. સ્વ. નટવરલાલ કાપડિયા તથા ગં સ્વ લલીતાબેનનાં સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

રાજકોટ નિવાસી, હાલ મુંબઈ, ઉદયભાઇ મહેતા (ઉં. વ. ૭૫) તે સ્વ. ચંદ્રાબેન અને સ્વ. ચુનીલાલ મહેતા ના સુપુત્ર, સ્વ. હર્ષાબેનના ભાઈ. સ્વ. અરુણાબેનના પતિ. સ્વ. ચંદ્રપ્રભાબેન અને સ્વ. હિંમતલાલ હરિલાલ મહેતાના જમાઈ. તે રસેશ અને વિરલના પિતાશ્રી. લિપીના સસરા તથા વિયાનાના દાદા તા. ૧/૧૧/૨૪ ના શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ ગિરનારા બ્રાહ્મણ**

માંગરોળ નિવાસી હાલ ભાયંદર અ.સૌ આશાબેન ભરતભાઈ ભટ્ટ (ઉં. વ. ૬૫) તે ૨૯/૧૦/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. સરલાબેન પ્રતાપરાય શાહના દીકરી. સ્વ. મંજુલાબેન ધીરજલાલ ભટ્ટના પુત્રવધૂ. શિવાની તથા વૈભવના માતુશ્રી, જીમિશ તથા કિંજલ ના સાસુ. પન્ના અશ્વિનભાઇ ભટ્ટ, સ્વ. તૃપ્તિ કમલેશ ભટ્ટ તથા મહેશ્વરી મુકેશભાઈ ભટ્ટ ના ભાભી. તેમની પ્રાર્થનાસભા ૪/૧૧/૨૪ ના રોજ ૪ થી ૬ કલાકે ક્લબ હાઉસ, કાનૂનઝો ગાર્ડન, સીટી સેવન સ્કવેર સ્કૂલની બાજુમાં, ભાયંદર ઈસ્ટ .

**હાલાઇ લોહાણા**

મૂળગામ દ્વારકા હાલ કાંદિવલીના જશુમતીબેન કાકુભાઇ ભાતેલીયા (ઉં. વ. ૮૦) તે ૩૧/૧૦/૨૪ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. અમૃતબેન કાકુભાઇ ભાતેલિયાના દીકરી. સ્વ. કાંતિલાલ, જગદીશ, કલા ટેપણદાસ રૂઘાણીના બેન, નિર્મળાબેન તથા નયનાબેનના નણંદ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ભચાઉ નિવાસી હાલ કાંદિવલી ચારકોપ ઝવેરબેન કાનજીભાઈ કથરાણી ના સુપુત્ર, દિલીપભાઈ કાનજીભાઈ કથરાણી (ઉં. વ. ૭૫) તા. ૨૭-૧૦-૨૪ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. ચંદ્રિકા બેનના પતિ. તુષાર, અંજલિ, પાયલના પિતા. હીના, ભાવિન, રાહુલના સસરા. સુજલ, દેવ ના દાદા. દર્શિલ, જેનિલ, કિયારાના નાના. કિશોરભાઈ, હરીશભાઈ, પ્રદિપભાઈ, નરેન્દ્રભાઈ, ભારતીબેન કિશોરકુમાર કોટેચાના ભાઈ.

**કચ્છી ભાટિયા**

અ.સૌ. નીતા બિપીન જોગીદાસાણી, (ઉં. વ. ૫૭) તે સ્વ. ભાનુબેન તથા સ્વ. ડૉ. જયસિંહ ગોકલદાસ જોગીદાસાણીના પુત્રવધૂ. તે સ્વ. માલિની મુલરાજ તુલસીદાસ લીલાણીના સુપુત્રી. તે ચિ. સિદ્ધાર્થના માતા તથા અ.સૌ. પ્રતિભાના સાસુ. મયુર-નમ્રતા તથા સમીર - રૂપલના ભાભી તા. ૩૧-૧૦-૨૪ના પૂના મુકામે શ્રીજીચરણ પામેલ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ કચ્છ અંજાર હાલ ઘાટકોપર નિવાસી ગં.સ્વ. દમયંત્યીબેન (ઉં. વ. ૮૮), તે સ્વ. ભગવાનદાસ વિસનજી વોરાણીના ધર્મપત્ની. તે સ્વ. હરિરામ મેઘજી પલણના સુપુત્રી, ચિ. સુનીલ ભગવાનદાસ વોરાણી, અ.સૌ. કલ્પના દેવેન શાહ, અ.સૌ. સંધ્યા રમેશ શેઠ, અ.સૌ. દિવ્યા વિનોદ તન્ના તથા અ.સૌ. હર્ષા હિતેન મહેતાના માતુશ્રી. તે અ.સૌ. સ્વાતિ સુનીલના સાસુજી. તથા આકાશ, અ.સૌ. વિધિના દાદીજી. તે તા. ૧-૧૧-૨૪ને શુક્રવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**દેસાઇ સઇ સુતાર જ્ઞાતિ**

ગામ કઠવા ભાવનગરના હાલ મુંબઇ સ્વ. કમળાબેન અને ભીખાભાઇ નાનજીભાઇ વાઘેલાના પુત્ર ચંદ્રકાંત (ચંદુભાઇ) (ઉં. વ. ૬૮) તા. ૧-૧૧-૨૪ શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. તે ધૃતિબહેનના પતિ. ડો. શૌમિલ, સાહિલના પિતા. ડો. અર્ચનાના શ્વસુર. અશોક, મહેન્દ્ર, ગિરીશ, શૈલેષ, નિકુંજ, સ્મિતા, કોકિલા, નયના, શીતલ, ચિત્રા અને અલ્પાના મોટાભાઇ. પ્રાર્થનાસભા તા. ૪-૧૧-૨૪ના સોમવારે સાંજે ૪થી ૬. ઠે. દેસાઇ સઇ સુતાર જ્ઞાતિની વાડી, સ્વયંભૂ ગણેશ મંદિર, કાંદિવલી (પૂર્વ). ધાર્મિક અને લૌકિક વિધિઓ ચાણોદમાં થશે.

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. મીના લીલાણી (ઉં. વ. ૭૦) તે સ્વ. કિશોર ચંદ્રસેન લીલાણીના ધર્મપત્ની. તે સ્વ. ચંપાબેન ચંદ્રસેન લીલાણીના પુત્રવધૂ. તે સ્વ. દ્વારકાદાસ ગોરધનદાસ નેગાંધીના સુપુત્રી. તા. ૨૮-૧૦-૨૪ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા દિશાવળ વૈષ્ણવ વણિક**

કોળીયાક નિવાસી હાલ બોરીવલી સ્વ. લલિતાબેન કરસનદાસ પારેખની સુપુત્રી જયશ્રીબેન પારેખ (ઉં. વ.૭૯) ગુરુવાર તા. ૩૧-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કનૈયાલાલ, જગદીશ, ઘનશ્યામ, સ્વ. અરુણાબેન, સ્વ. દક્ષાબેન, છાયાબહેનની બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ઝરીન સામ વલવદીયા તે મરહુમ સામના ધનિયાની. તે મરહુમો હીના ફ્રામરોઝ મુનશીના દીકરી. તે જેરસપરના માતાજી. તે નીના ના સાસુજી. તે મરહુમો આલુ હોમી વલવદીયાના વહુ. તે સરોશ, રાહુલ ને મરહુમ મેહરનોશના મામી. (ઉં. વ. ૮૧) રે. ઠે. વય-૨, મેરવાનજી કામા પારક, કામા રોડ, અંધેરી (વે), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૨-૧૧-૨૪ને દીને બપોરે ૩.૪૦ વાગે, અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

પરવીઝ દારા પાવરી તે મરહુમ દારાના ધનિયાની. તે મરહુમો ઓસતી તેહમીના એરવદ અરદેશીર પંથકીના દીકરી. તે એરવદ પોરસ ને ઓસતી અનાહીતા પાવરીના માતાજી. તે મનજુ પી. પાવરીના સાસુજી. તે મરહુમો એરવદ જમશેદ, ઓસતા ઝરીન ને ઓસતા કેરસીના બહેન. તે એરવદ હોશંગ ઉનવાલાના માસી. (ઉં. વ. ૯૦) રે. ઠે. બેહરામ બાગ, શાહ બેહરામ બિલ્ડિંગ નં.૭, ફ્લેટ નં.૭૦૧, પારસી કોલોની જોગેશ્વરી (વે). મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૧૧-૨૪ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં.૧માં ડુંગરવાડી પર.

જાલ માનેકશા પટેલ તે હોમયના ખાવીંદ. તે મરહુમો પીરોજા માનેકશા પટેલના દીકરા. તે કેશમીરા જહાંગીર દુધા ને એરચના પપા. તે જહાંગીર ને આવનના સસરા. તે મરહુમો દારબશા ને નરીમાનના ભાઇ. તે મરહુમો ધનમાય એરચ દસ્તુરના જમાઇ. (ઉં. વ. ૯૩) રે. ઠે. ૧૦૨, ન્યુ ઓરીયન્ટ હાઉસ, ૬૬૬ લેડી જહાંગીર રોડ, પારસી કોલોની, દાદર-મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩-૧૧-૨૪ને દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની હોડીવાલા બંગલીમાં.

## જૈન મરણ

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભારાપુરના લીલાવંતી ખીમજી ભારાપુરીયા (સાવલા) (ઉં. વ. ૮૪) તા. ૩૦-૧૦-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. ખીમજી હંસરાજના ધર્મપત્ની. મઠાબેન હંસરાજના પુત્રવધૂ. રવિ, વર્ષાના માતુશ્રી. કાંડાગરાના વેલબાઈ ગાંગજી ગાલાના સુપુત્રી. વસનજી, જયંતી, જવેર, ભાગ્યવંતી, નયનાના બેન. પ્રાર્થનાઃ તા. ૩-૧૧-૨૪, રવિવાર, ટા. ૪ થી ૫.૩૦, સ્થળઃ શ્રી માટુંગા ક.શ્વે.મુ.પુ. જૈન સંઘની શ્રી નારાણજી શામજી વાડી, બીજે માળે, માટુંગા (સે.રે.)

મોટી ઉનડોઠ હાલે વડોદરાના પ્રભાબેન કલ્યાણજી ખીમસરીયા (ઉં. વ. ૮૪) ૨૯-૧૦-૨૪ના અવસાન પામ્યા છે. કુંવરબાઇ કુંવરજીના પુત્રવધૂ. નિલેશ, દીનાના માતુશ્રી. ગોધરાના મમીબાઇ પ્રેમજીના પુત્રી. રતનશી, વિશનજી, ધનજી, હેમચંદ, પોપટ, નેમીદાસ, લક્ષ્મીચંદ, કાંતી, હેમકુંવર મણીલાલ, મેરાઉના ચંચળ ખીમજી, ભોજાયના ડોલર જવેરચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નિલેશ ખીમસરીયા, ૧૯, ગંગોત્રી, ઓ.પી. રોડ, વડોદરા-૩૯૦૦૦૭.

બારોઇના શ્રી ધનજી રામજી કેનિયા (ઉં. વ. ૯૪) તા.૩૧-૧૦-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી ઉમરબાઈ રામજીના પુત્ર. ઝવેરબેનના પતિ. મોખાના કુંવરબાઈ હીરજી વેરશી દેઢિયાના જમાઈ. નીતા, કલ્પના, કેતન, હેમા, જતિનના પિતાશ્રી. સ્વ. આણંદજી, સ્વ.ચુનીલાલ, સ્વ.નેમજીના ભાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. કેતન ધનજી કેનીયા. ૪૪, આકાશ એપાર્ટમેન્ટ, રોડ નં. ૪, મામલતદર વાડી, મલાડ (વે), મું. ૬૪.

નાના આસંબીયાના કેતન કલ્યાણજી દેઢિયા (ઉં. વ. ૫૨) તા. ૩૦-૧૦-૨૪ના અવસાન પામ્યા છે. વિમળાબેન કલ્યાણજી મોણશીના સુપુત્ર. બેલાના પતિ. શ્રેયા, ઈશિકાના પિતાશ્રી. લતા, રેખાના ભાઈ. પ્રેમીલાબેન નેમચંદ રામજી સાવલાના જમાઈ. પ્રાર્થનાઃ રવિવારે, ઠે. માટુંગા ક.મૂ.શ્વે. સંઘની નારાણજી શામજી વાડી (૧લે માળે), ટા. ૪ થી ૫.૩૦.

મોટા આસંબીયાના ધર્મેશ (ધનપાલ) ઘેલાભાઇ નંદુ (ઉં. વ. ૫૮) તા. ૩૧-૧૦-૨૪ના અવસાન પામેલ છે. કેસરબેન ઘેલાભાઇના સુપુત્ર. કલ્પનાના પતિ. વૈભવ, આદિશના પિતા. સ્વ. ચંદ્રકાંતના ભાઇ. સ્વ. મણીબેન જેઠાલાલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : ધર્મેશ નંદુ, એ-૬૦૨, મનોરથ, દહાણુકરવાડી, કાંદીવલી (વે), મું. ૬૭.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ ઘાટકોપર મુંબઈ સરોજબેન (મીતાબેન) નરેશભાઈ નગીનદાસ શેઠના સુપુત્ર ચિંતન નરેશભાઈ શેઠ, (ઉં. વ. ૪૨) તા. ૩૦-૧૦-૨૪ને ગુરૂવારના અરિહંતશરણ થયેલ છે. તે ધારાબેનના પતિ, મીતના પિતા. ડૉ. દર્શનના ભાઈ. ડૉ. ચૈતાલીના જેઠ. લોકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે.- નરેશ નગીનદાસ શેઠ, એ-૧૯, મહાવીર એપાર્ટ. કાંતા એપાર્ટની બાજુમાં, પંતનગર, ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# ૫૦ બળવાખોરોનું ટેન્શન

**એમવીએના ૧૪ અને મહાયુતિના ૩૬ બંડખોર ઉમેદવારોની સમજાવટ કારગત નિવડતી ન હોવાથી રાજકીય પક્ષો અત્યારે તો મુશ્કેલીમાં**

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીના મતદાનની તારીખ નજીક આવતી જાય છે, તેમ તેમ દરેક પક્ષોનું ટેન્શન વધતું જાય છે. આ વખતે મહાયુતિ કે એમવીએમાંથી કોણ બાજી મારશે, એવો સવાલ ચર્ચાઇ રહ્યો છે.

આ ઉપરાંત આ વખતે ચૂંટણીમાં બળવાખોર વિધાનસભ્યોએ પણ મહાયુતિ અને મહાવિકાસ આઘાડી (એમવીએ)ના નેતાઓનો તણાવ વધાર્યો છે. મળતી માહિતી મુજબ મહાયુતિના ૩૬ ઉમેદવાર તો મહાવિકાસ આઘાડીના ૧૪ બળવાખોર ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે.

ઉમેદવારોના નામાંકન પરત ખેંચવાની તારીખ ચોથી નવેમ્બર છે. આવી સ્થિતિમાં બંને ગઠબંધનના નેતાઓ ઉમેદવારીપત્રો પરત ખેંચવાની તારીખની રાહ જોઈ રહ્યા છે અને ત્યાં સુધી દરેક પક્ષના નેતાઓની ઊંઘ હરામ થઇ ગઇ છે. મતોનું વિભાજન ના થાય એની ખાતરી કરવા માટે તમામ મોટા પક્ષના નેતાઓએ બળવાખોરોને યેનકેન પ્રકારેણ શાંત પાડવાનો પ્રયાસ પણ કર્યો છે. બંને ગઠબંધનના નેતાઓ બળવાખોર નેતાઓ ઉમેદવારીપત્ર પરત ખેંચે તેની રાહ જોઇ રહ્યા છે.

શાસક મહાયુતિમાંના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના નેતા અજિત પવાર ભાજપના દેવેન્દ્ર ફડણવીસને તેમના સત્તાવાર નિવાસસ્થાને મળ્યા હતા. ત્યાર બાદ પવારે અપક્ષ ઉમેદવાર નાના કેટને તેમની ઉમેદવારી પાછી ખેંચવા સમજાવ્યા હતા.

પક્ષવાર બળવાખોર સભ્યોની વાત કરીએ તો ભાજપના સૌથી વધુ ૧૯ સભ્યો બળવાખોરની ભૂમિકામાં છે. શિંદે સેનામાં ૧૬ અને અજિત પવારની એનસીપીમાં એક બળવાખોર સભ્ય છે. એમવીએમાં સૌથી વધુ ૧૦ બળવાખોરો કોંગ્રેસના છે અને બાકીના ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના છે. શિંદેની પાર્ટીના નવ બળવાખોરો એવા મતવિસ્તારોમાં ચૂંટણી લડી રહ્યા છે જ્યાં ભાજપે તેના ઉમેદવારો ઊભા રાખ્યા છે. આ બાબત ભાજપ અને શિંદેસેના બંને માટે માથાનો દુખાવો બની ગઇ છે.

એમવીએમાં પણ બળવો ચાલી રહ્યો છે. કેટલીક બેઠકો પર, બળવાખોર શરદ પવારની એનસીપીના ઉમેદવારોએ શિવસેના (યુબીટી) અથવા કોંગ્રેસના સત્તાવાર એમવીએ ઉમેદવારો સામે તેમની ઉમેદવારી નોંધાવી છે. શરદ (જુઓ પાનું ૪) ▶▶

## બળવાખોરો અમારા જ, ભાજપનાં હિતમાં કામ કરશેઃ ફડણવીસ

નાગપુરઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વિધાનસભા ચૂંટણીની ટિકિટ ફાળવણીમાં અસંતોષને કારણે ભાજપ સામે બળવો કરનારા ઉમેદવારો પક્ષનાં હિતમાં કામ કરવા માટે રાજી થશે.

તેઓ નાગપુરમાં પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન નાગપુર દક્ષિણ-પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારમાંથી ૨૦ નવેમ્બરની ચૂંટણી લડી રહ્યા છે. મુંબઈમાં યોજાયેલી પાર્ટીના બળવાખોરો સાથે રાજ્ય ભાજપ એકમની બેઠક વિશે પૂછવામાં આવતા ફડણવીસે કહ્યું હતું કે, તેઓ અમારા પોતાના લોકો છે અને સમજાવવાની અમારી જવાબદારી છે અને અમે તેમને સમજાવીશું.

ઘણી વખત નારાજગી જોવા મળે છે (ટિકિટની વહેંચણીને લઈને), પરંતુ અમને વિશ્વાસ છે કે તે બધાને પાર્ટી માટે કામ કરવા માટે રાજી કરવામાં આવશે. વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્ર પાછું ખેંચવાનો છેલ્લો દિવસ ચોથી નવેમ્બર છે. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, ભાજપ તેના સંગઠનાત્મક માળખા અને કાર્યકરો પર ચાલે છે. પાર્ટી તેની શક્તિ તેના કાર્યકરો પાસેથી મેળવે (જુઓ પાનું ૪) ▶▶

## ફડણવીસના જીવને જોખમઃ સલામતી વધારવામાં આવી



મુંબઈઃ મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભાની ચૂંટણીને કારણે રાજકીય વાતાવરણ ગરમ થયું છે ત્યારે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની સુરક્ષા અચાનક વધારવામાં આવી છે. ગુપ્તચર વિભાગની સૂચના અનુસાર તેમના જીવને જોખમ હોવાનું કહેવાય છે. આથી તેમના નિવાસસ્થાને વધારાના સુરક્ષારક્ષકો અને કમાન્ડોને તહેનાત કરવામાં આવ્યા છે.

ગુપ્તચર વિભાગની સૂચના બાદ ફડણવીસની સુરક્ષા વધારવામાં આવી છે. આથી હાલ તેમના બંગલો ખાતે વિશેષ ફોર્સના કમાન્ડોને તહેનાત કરાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર એસઆઇડીએ આપેલા ગુપ્ત રિપોર્ટ અનુસાર ફડણવીસના જીવને જોખમ હોવાથી તેમની સુરક્ષામાં વધારો કરાયો હોવાનું સામે આવ્યું છે. ફડણવીસના નિવાસસ્થાને વિશેષ ફોર્સના ૧૨ સશસ્ત્ર કમાન્ડોને તહેનાત કરવામાં આવ્યા છે.

ફડણવીસને ઝેડ પ્લસ સિક્યુરિટી છે, પણ ગુપ્તચર વિભાગની સૂચના બાદ તેમની સુરક્ષા વધારી દેવામાં આવી છે. ■

## મુંબાદેવીની ઉમેદવારને આયાતી માલ કહીઃ સાંસદ અરવિંદ સાવંત સામે પોલીસ ફરિયાદ



મુંબઈઃ શિવસેના યુબીટીના નેતા અને મુંબઈ-દક્ષિણના સાંસદ અરવિંદ સાવંતે તાજેતરમાં શિંદે-સેનામાં તાજેતરમાં દાખલ થઈને મુંબાદેવી બેઠક પરથી લડી રહેલા મહિલા નેતા વિશે અપમાનજનક ટિપ્પણી કરીને વિવાદ ઉભો કર્યો હતો. ઓનલાઈન ફરતા વીડિયોમાં, સાવંત મીડિયાને સંબોધિત કરતી વખતે ઉમેદવારને ‘માલ’ તરીકે સંબોધતાં સાંભળી શકાય છે. આ મામલે હવે નાગપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે, જ્યારે રાજ્ય વિધાન પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોરેએ આ મુદ્દે કેન્દ્રીય ચૂંટણી પંચને ફરિયાદ કરીને કાર્યવાહી કરવાની માગણી કરી છે.

સાવંતને એવું કહેતા સાંભળવામાં આવે છે કે, ‘આયાતી નહીં ચલતા યહાં, આયાતી માલ નહીં ચલતા હમારે યહાં, હમારે યહાં અસલી માલ ચલતા હૈ, મૂળ માલ હૈ હમારા,’ જેનો અનુવાદ થાય છે, ‘આયાતી વસ્તુ અહીં સ્વીકારવામાં આવતી નથી, આયાતી માલ અહીં સ્વીકારવામાં આવતો નથી. અહીં મૂળ માલ સ્વીકારવામાં આવે છે, અમારો માલ અસલ છે.’

સાવંતની ટિપ્પણીએ વિવાદ સર્જ્યો છે, શિવસેના (યુબીટી)ના નેતાએ કરેલી મહિલાઓ સંબંધી અપમાનજનક ટિપ્પણી માટે આગામી ચૂંટણીઓમાં મતદારો તેમને પાઠ ભણાવશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

દરમિયાન, શાઈના એનસીએ મહિલાઓ અંગે કરવામાં આવેલી ટિપ્પણી બાબતે મુંબઈના નાગપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને તેમની ફરિયાદને આધારે શિવસેના (યુબીટી)ના સંસદસભ્ય અરવિંદ સાવંત વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યો છે.

બીજી તરફ અરવિંદ સાવંતે એવો ખુલાસો કર્યો હતો કે હિન્દીમાં માલ એટલે અંગ્રેજીના ગુડ્સ (સામાન) કહેવાય છે. મેં મારી પાર્ટીના નેતાનો ઉલ્લેખ પણ ઓરિજિનલ માલ તરીકે કર્યો હતો. આ મોટી ગેરસમજ છે. શાઈના એનસી અમારા મિત્ર છે, શત્રુ નથી. મારી ૫૦ વર્ષની રાજકીય કારકિર્દીમાં મેં ક્યારેય કોઈનું અપમાન કર્યું નથી. ■

## આઠ નવેમ્બરથી ચાર દિવસમાં નરેન્દ્ર મોદીની નવ ચૂંટણીસભા

મુંબઈઃ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય વાતાવરણ ગરમાયું છે અને એકબીજા પર ટીકા થઈ રહી છે અને રાજકીય બોમ્બ ફેંકવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત મોટા નેતાઓની બેઠકોની તારીખ અને સમય પણ નક્કી કરવામાં આવી રહ્યો છે. શિવસેના યુબીટી પાર્ટીના વડા ઉદ્ધવ ઠાકરે પાંચમી નવેમ્બરથી તેમનો રાજકીય પ્રચાર પ્રવાસ શરૂ કરવાના છે. તેમની પ્રથમ ચૂંટણી પ્રચાર સભા રત્નાગીરી જિલ્લામાંથી થશે, જ્યાં એકનાથ શિંદેનો પ્રભાવ છે. ત્યારબાદ રાજ્યભરમાં તેમની ૧૫ બેઠકો યોજાશે તેવા અહેવાલ છે. આવી જ રીતે રાજ્યમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રથમ સભાની તારીખ નક્કી થઈ ગઈ છે. નરેન્દ્ર મોદીની મહારાષ્ટ્ર મુલાકાત પાકી થઈ ગઈ છે અને વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના પ્રચાર માટે નરેન્દ્ર મોદી આઠ નવેમ્બરે મહારાષ્ટ્ર આવી રહ્યા છે.

મહાગઠબંધનની પ્રથમ મોટી સભા આઠમીએ રાજ્યમાં યોજાશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર સભાઓનો ધમધમાટ થશે. નરેન્દ્ર મોદી તેમના પ્રવાસ દરમિયાન ઉત્તર મહારાષ્ટ્રમાં બે સભાઓ સંબોધશે. તેમાંથી એક સભા નાશિકમાં અને બીજી ધુળેમાં યોજાશે, મોદીની આ બંને સભા રેકોર્ડ તોડશે, એમ ભાજપના નેતા અને પ્રધાન ગિરીશ મહાજને જણાવ્યું હતું. મહાજને એમ પણ કહ્યું કે, નાશિકના મેદાનનું નામ મોદી ગ્રાઉન્ડ (જુઓ પાનું ૪) ▶▶




## ઠાકુરદ્વારની બિલ્ડિંગમાં આગથી બચવા ત્રણ જણનો બીજા માળથી કૂદકો

### સદ્‌ભાગ્યે ત્રણેય બચી ગયાઃ આગના બીજા પણ ત્રણ બનાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દિવાળીના તહેવાર દરમિયાન આગના બનાવનું પ્રમાણ વધી જતું હોય છે, જેમાં દિવસ દરમિયાન અંધેરી એમઆઈડીસી, સાયનમાં રેશનિંગ ઓફિસમાં આગ લાગવાની સાથે જ શુક્રવારે વહેલી સવારના દક્ષિણ મુંબઈની એક ઈમારતમાં લાગેલીમાં આગમાં ત્રણ જણે બીજા માળા પરથી કૂદકો મારતા જીવ બચી ગયા હતા, પરંતુ તેમને મામૂલી ઈજા પહોંચી હતી. આ ઉપરાંત મોડી રાતે ગોરેગામ ઇસ્ટમાં હબ મૉલ પાસે લોઢા ફ્લોરેન્ઝા નામની ૩૦ માળની ઇમારતના ૩૦મા માળે જ આગ લાગી હતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ઠાકુરદ્વારમાં જે.પી. રોડ પર ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની હેમરાજ વાડીમાં ઓશિયેનિક નામની બિલ્ડિંગ આવેલી છે. શુક્રવારે વહેલી સવારના લગભગ ૩.૨૦ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના બીજા માળ પર આવેલી રૂમ નંબર ૧૪માં અચાનક આગ ફાટી નીકળી હતી. એ સમયે ઘરમાં ત્રણ લોકો હાજર હતા.

આગની જાણ થતા ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જોકે એ અગાઉ જ આગને કારણે ઘરની અંદર ઝડપથી ધુમાડો ફેલાઈ ગયો હતો. તેથી જીવ બચાવવા માટે ત્રણે લોકોએ બીજા માળ પરથી કૂદકો મારી દીધો હતો.

જખમીઓમાં ૨૬ વર્ષનો કાર્તિક માઝી, ૧૯ વર્ષનો દિપેન્દર મંડલ અને ૨૬ વર્ષના ઉપ્પલ મંડલનો સમાવેશ થાય (જુઓ પાનું ૪) ▶▶

## નામ એક, ઉમેદવાર અનેક

### વિધાનસભાની ચૂંટણીમાં મતદારોમાં અસમંજસ, અનેક મતવિસ્તારોમાં એકસરખા નામના ઉમેદવારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીમાં અનેક મતવિસ્તારોમાં એક જ નામના ઉમેદવારો દેખાઈ રહ્યા છે. અપક્ષ ઉમેદવારના નામો મુખ્ય પક્ષોના નેતાઓના નામો સાથે મળતા આવતા હોવાથી મતદારોમાં મૂંઝવણ વધવાની શક્યતા જોવાઈ રહી છે.

**ક્યા મતવિસ્તારમાં એક જ નામના ઉમેદવારો?**

કલ્યાણ પૂર્વ વિધાનસભામાં એક જ નામના બે ઉમેદવારો શિવસેના શિંદે જૂથના શહેર પ્રમુખ મહેશ દશરથ ગાયકવાડે અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે. મહેશ ગાયકવાડે ભાજપના ઉમેદવાર સુલભા ગાયકવાડ સામે બળવો કર્યો છે.

**ઔરંગાબાદ**

સિલ્લોડ વિધાનસભા, સુરેશ બંકર (ઉદ્ધવ ઠાકરે જૂથ), સુરેશ બંકર (અપક્ષ), ઔરંગાબાદ પશ્ચિમ વિધાનસભા, રાજુ શિંદે (ઉદ્ધવ ઠાકરે જૂથ), રાજુ શિંદે (અપક્ષ)

નાગપુર જિલ્લાના કાટોલ મતવિસ્તારમાં ‘અનિલ (જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં આચારસંહિતા ભંગની ૮૮ ટકા ફરિયાદોનું ૧૦૦ મિનિટમાં જ નિરાકરણ

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં સત્તાવાળાઓએ સીવિજિલ પ્લેટફોર્મ (મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે જાગરૂક મતદારોનું પ્લેટફોર્મ) પર મળેલી મતદાન આચારસંહિતા સંબંધિત ફરિયાદોમાંથી ૮૮ ટકા ફરિયાદોમાં નિર્ધારિત ૧૦૦ મિનિટની અંદર કાર્યવાહી કરી નિરાકરણ કરવામાં આવ્યું હોવાની જાણકારી એક અધિકારીએ શુક્રવારે આપી હતી.

સીવિજય ભારતીય ચૂંટણી પંચ દ્વારા વિકસાવવામાં આવેલી મોબાઇલ એપ્લિકેશન છે જેનો ઉદ્દેશ નાગરિકોને ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાનાં ઉલ્લંઘનની જાણ કરવા સક્ષમ બનાવવાનો છે. ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભા માટે ૨૦ નવેમ્બરે મતદાન થશે અને ત્રણ દિવસ બાદ પરિણામ જાહેર કરવામાં આવશે. થાણા જિલ્લામાં ૧૮ વિધાનસભા મતવિસ્તારોનો સમાવેશ થાય છે.

વધુ માહિતી આપતા અધિકારીએ જણાવ્યું હતું કે ‘થાણેમાં ચૂંટણી અધિકારીઓને ગુરુવારે (જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રમાં વયની સેન્યુરી ફટકારનાર ૪૭,૩૯૨ મતદારો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે મતદાન થશે અને ૨૩ નવેમ્બરે ચૂંટણીનાં પરિણામો જાહેર કરવામાં આવશે.

મહારાષ્ટ્રમાં કુલ ૨૮૮ સીટો માટે મતદાન થશે. આ માટે કુલ ૭૯૯૪ ઉમેદવારના નામાંકન માન્ય હોવાનું જાણવા મળ્યું છે. દરમ્યાન, ચૂંટણી પંચે ઘણી જ રસપ્રદ માહિતી શેર કરી છે.

ચૂંટણી પંચના ડેટા અનુસાર રાજ્યમાં મતદાન કરવા માટે પાત્ર ૯.૭ કરોડથી વધુ મતદારમાંથી ૧૦૦ વર્ષ અને તેથી વધુ વયના મતદારોની સંખ્યા ૪૭,૩૯૨ છે.

રાજ્યના ચૂંટણી અધિકારીએ માહિતી આપી હતી કે મહારાષ્ટ્રમાં ૧૮-૧૯ વર્ષની વય જૂથના મતદારોની કુલ સંખ્યા ૨૨,૨૨,૭૦૪ છે. રાજ્યમાં ૧૦૦ વર્ષ કે તેથી વધુ વયના ૪૭,૩૯૨ મતદારો છે.

રાજ્યમાં સૌથી વૃદ્ધ મતદાતાની ઉંમર ૧૦૯ વર્ષ છે. ચૂંટણી પંચની વિગતો અનુસાર, રાજ્યમાં કુલ ૯,૭૦,૨૫,૧૧૯ રજિસ્ટર્ડ મતદારો છે, જેમાં ૫,૦૦,૨૨,૭૩૯ પુરુષો, ૪,૬૯,૯૬,૨૭૯ મહિલાઓ અને ૬,૧૦૧ તૃતીય (જુઓ પાનું ૪) ▶▶

**ઉદ્ધવ ઠાકરેનું પરફેક્ટ ટાઈમિંગ**

## શિંદે-સેનાના નેતાને મળ્યા નાર્વેકર

બદલાપુરઃ બદલાપુરના શિવસેના શિંદે જૂથના શહેર પ્રમુખ વામન મ્હાત્રે શિવસેના (યુબીટી)ના જૂથ સચિવ અને ઉદ્ધવ ઠાકરેના અંગત સહાયક વિધાનસભ્ય મિલિંદ નાર્વેકરને મળ્યા હતા. વામન મ્હાત્રેએ પોતે આ મીટિંગની તસવીરો ફેસબુક પર પોસ્ટ કરી છે. આથી ઠાકરેએ પરફેક્ટ ટાઈમિંગ સાધ્યું હોવાની ચર્ચા વ્યાપક બની છે.

વામન મ્હાત્રેએ પોસ્ટમાં કહ્યું છે કે ‘દર વર્ષની જેમ હું દિવાળીના અવસરે નાર્વેકરને મળ્યો હતો અને તેમને શુભેચ્છા આપી હતી, આ મીટિંગમાં જૂની યાદો તાજી થઈ હતી અને (જુઓ પાનું ૪) ▶▶

## ચૂંટણી પહેલા પખવાડિયા માટે મુંબઈ પોલીસનો પ્રતિબંધાત્મક આદેશ

મુંબઈઃ ૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા પખવાડિયા માટે મુંબઈ પોલીસ દ્વારા પ્રતિબંધાત્મક આદેશ જારી કરવામાં આવ્યો છે.

મુંબઇમાં જાનમાલને હાનિ અને શાંતિ તથા સાર્વજનિક વ્યવસ્થા ભંગ થવાની શક્યતાને ધ્યાનમાં રાખી આ આદેશ જારી કરાયો છે.

આ આદેશ ૬ નવેમ્બરે મધરાતે ૧૨.૦૧થી (જુઓ પાનું ૪) ▶▶

## ગરમીથી મુંબઈગરાને સાવ નજીવી રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ગુરુવારે ૩૬.૭ ડિગ્રી સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યું હતું. એ બાદ ૨૪ કલાકની અંદર જ મુંબઈના તાપમાનમાં બે ડિગ્રીના ઘટાડો થયો હતો. દિવસ દરમિયાન મુંબઈમાં ૩૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. શુક્રવારે તાપમાનમાં હળવો ઘટાડો હોવા છતાં ગરમી અને ઉકળાટ હતો. ૨૪ કલાકની અંદર જ મુંબઈના તાપમાનમાં બે ડિગ્રીથી પણ વધુ ઘટાડો નોંધાયો હતો. શુક્રવારે મુંબઈમાં કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૦ ડિગ્રી અને લઘુતમ ૨૬.૫ ડિગ્રી તેમ જ ભેજનું પ્રમાણ ૭૨ ટકા નોંધાયું હતું. સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રી અને લઘુતમ ૨૩.૬ ડિગ્રી અને ભેજનું પ્રમાણ ૭૫ ટકા નોંધાયું હતું. ■




# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'પૂજા, તને ખૂનીનો ચહેરો દેખાયો હતો...?'

પૂજા મૌન રહી.

'તને ચહેરો દેખાયો એટલે તું જગ્ગેના રૂમમાં પુરાવાનો નાશ કરવા આવી? રાઈટ?'

પૂજાની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

'બહેન, કબીર અંકલ શું કહે છે?' જય અકળાઈ ગયો.

'પૂજા, આઈ એમ સોરી, મને નામ જાહેર કરવું ગમતું નથી, પણ જગમોહન અને એના પરિવાર તરફ મારી જવાબદારી છે કે...'

બધાં શ્વાસ રોકીને કબીરની વાત સાંભળી રહ્યાં.

અચાનક પૂજા ઊભી થઈ.હાથ જોડીને એ બોલી ઊઠી :

'પ્લીઝ અંકલ, પ્લીઝ ડોન્ટ...'

કબીરે ઝડપથી એક વાર પૂજા તરફ દોડાવી પછી ધીર-ગંભીર સ્વરે ઉમેર્યું :

'જગમોહન પર ખૂન કરવાનો પ્રયાસ પૂજા અને જયના પિતા વિનાયકભાઈએ કર્યો હતો..!'

કબીરના એ શબ્દોએ જાણે વિસ્ફોટ સર્જ્યો.

એ શાબ્દીક વિસ્ફોટના પ્રચંડ અવાજે જાણે દરેકની વાચા હરી લીધી .... કબીરે કરેલા વિધાનનો અર્થ ધીરે ધીરે બધાને સમજાતો હતો :

વિનાયકભાઈ?

પૂજા-જયના પપ્પાવિક્રમના સસરા અને ખુદ જગમોહન દીવાનના વેવાઈ.

-પણ એ શા માટે આવું કરે ?

દરેકના મનમાં આ જ એક પ્રશ્ન ઘુમરાતો હતો.

'કબીર અંકલ,' જય ઊભો થયો:

'તમે એક જવાબદાર વ્યક્તિ છો. મારા પપ્પા વિશે આવા બિનજવાબદાર આક્ષેપો ન કરવા જોઈએ. ઈટ ઈઝ વેરી ઇન્સલ્ટિંગ ઍન્ડ હર્ટિંગ...'

જયના સ્વરમાં લાચારી હતી-વિવશતા હતી- વિરોધ હતો, પણ આક્રમકતા નહોતી.

'હું સમજું છું જય, બિલિવ મી, મારે જે આજે કરવું પડ્યું છે એના માટે હું પોતાની જાતને માફ નહીં કરી શકું... પણ કમનસીબે મારો આક્ષેપ ખોટો નથી. તમારા પપ્પાએ એટલે કે વિનાયકભાઈ રાઠોડે જગમોહન દીવાન વિરુદ્ધ ષડ્યંત્ર રચ્યું હતું.' જય અને પૂજા તરફ સહાનુભૂતિ સાથે જોઈને કબીર બોલ્યો.

'પણ શા માટે, કબીર અંકલ? મારા સસરા પપ્પાનું ખૂન શા માટે કરવા ઇચ્છે? એમને તો કોઈ પ્રકારની દુશ્મનાવટ નહોતી. બંનેના બિઝનેસ જુદા હતા એટલે ધંધાકીય સ્પર્ધાને કારણે પણ બંને વચ્ચે શત્રુતા ઊભી થાય એવી કોઈ શક્યતા નહોતી અને અંકલ, મારા સસરા છે એટલે બચાવ નથી કરતો પણ સાચે જ વિનાયકભાઈ એક ખૂબ ભલા ઇન્સાન છે.'

વિક્રમે સસરા વતી જુસ્સેદાર દલીલ તો કરી, પણ અંદરખાને એ જાણતો હતો કે કબીર અંકલ જેવી જવાબદાર વ્યક્તિ કોઈનું નામ સમજી વિચારીને જ આપે.

'વિક્રમ, તારી દલીલમાં તથ્ય છે અને તર્ક પણ છે, પણ અફસોસ એ વાતનો છે કે આ હત્યાની કોશિશ વિનાયકભાઈએ જ કરાવી હતી. એમણે જ પ્રોફેશનલ માણસોને રોક્યા હતા. સદનસીબે જગમોહનને ખરે ટાંકણે ગાયત્રી ભટકાઈ ગઈ ને પછી તો વિનાયકભાઈની બાજી જ ઊંધી પડતી ગઈ.' કબીર કહેતો ગયો.

'કબીરભાઈ, મારી એક રિક્વેસ્ટ માનશો?' પ્રભા બોલી ઊઠી. એવું લાગતું હતું જાણે એ હમણાં જ રડી પડશે :

'એવું ન બની શકે કે તમારી કોઈ મોટી ભૂલ થતી હોય? કેમ કે હું વિનાયકભાઈને ઓળખું છું. એ કદી આવું કામ કરે જ નહીં...'

'પ્રભાભાભી,હું તમારાં બધાંની લાગણી સમજું છું.' કબીરે જવાબ આપ્યો :

'પૂજાને આ રીતે રડતી જોવી મને પણ નથી ગમતું. જય સાથે મારે શું દુશ્મનાવટ હોઈ શકે... અને મઝાની વાત તો એ છે કે મેં વિનાયકભાઈને હજી સુધી જોયા પણ નથી... તો હું શા માટે બીજા કોઈનું નહીં અને વિનાયકભાઈનું જ નામ આપું?'

જતીનકુમાર કોઈ સાંભળે નહીં એ રીતે ગણગણવા લાગ્યા, નાયક નહીં, વિનાયક હૂં મેં...' રેવતીએ આંખ કાઢીને એમને ચૂપ કરી દીધા.

'જતીનકુમારનું નામ આપીને એમણે ગુનો કર્યો છે એ પુરવાર કરવું બહુ જ સરળ હતું... પણ ના, હું અહીં મારા જિગરી મિત્ર જગમોહનના દુશ્મનને શોધવા આવ્યો છું. જગ્ગે પર વારંવાર થતા હુમલા જોઈને હું સમજી ગયો હતો કે આ કોઈ જાણભેદુનું જ કામ છે. જોકે ત્યારે તો મને કલ્પના પણ નહોતી કે વિનાયકભાઈ આ કેસમાં સંડોવાયેલા હશે.'

'પણ મારા પપ્પા તો નાગપુરમાં રહે છે. ત્યાં બેસીને એ અહીં કોઈનું મર્ડર કેવી રીતે કરાવી શકે?' જયે તર્ક રજૂ કર્યો.

'જય, દુબઈમાં બેસીને અહીં કોઈનું ખૂન કરાવી શકાય છે તો નાગપુર બહુ દૂર ન ગણાય. આમ છતાંય એક સ્પષ્ટતા કરી દઉં... જય, તેં છેલ્લે ફોન કર્યો ત્યારે તારા પપ્પા નાગપુરમાં હતા?' કબીરે પ્રતિપ્રશ્ન કર્યો.

'ના, મમ્મીએ કહ્યું કે પપ્પા અમરાવતી ગયા છે, બે-ત્રણ દિવસ બાદ આવશે... પપ્પાને ધંધાર્થે અમરાવતી જવાનું અવારનવાર થતું...' જયે નિર્દોષભાવે કહ્યું.

'મેં પણ ઇન્કવાયરી કરાવી ત્યારે મને પણ એમ જ કહેવામાં આવ્યું હતું કે વિનાયકભાઈ અમરાવતી ગયા છે પછી મેં અમરાવતી પણ તપાસ કરાવી લીધી છે. અમરાવતીમાં એમની દરેક પાર્ટીને ફોન કરી પૂછી લીધું છે. એમના કહેવા પ્રમાણે વિનાયકભાઈ છેલ્લા બે મહિનાથી અમરાવતી આવ્યા જ નથી.' જય સામે જોઈને કબીરે કહ્યું.

'તો... પપ્પા ક્યાં જતા હતા?' જય ઢીલો પડી ગયો.

'પપ્પા કોલકાતા આવતા-જતા હતા. જ્યારે જ્યારે કોલકાતા આવતા ત્યારે હાવડાના નટરાઝ ગેસ્ટ હઉસ' માં ઊતરતા. હોટલના રેકોર્ડ્સ તપાસતા જાણવા મળ્યું છે કે છેલ્લા બે મહિનામાં વિનાયકભાઈ ૬-૭ વખત કોલકાતા આવી ચૂક્યા છે.'

જય ચૂપ રહ્યો.

'આઈ એમ સોરી, જય એન્ડ પૂજા, તમને આ સાંભળવું નહીં ગમે, પણ મારે કહેવી પડશે કે કોલકાતામાં વિનાયકભાઈએ બબલુનો સંપર્ક સાધ્યો. એ બબલુને ઓળખતા નહીં, પણ નાગપુરના કોઈ અંડરવર્લ્ડના માણસે બબલુ સાથે એમની ઓળખાણ કરાવી દીધી હતી, પણ વિધિનું ચક્કર જો, જે દિવસે સવારે જગમોહનનું ખૂન થવાનું હતું એ દિવસે જગ્ગે ઑફિસ ગયો જ નહોતો.'

બધાં એકાગ્રતાથી સાંભળતાં હતાં.વચ્ચે વચ્ચે પૂજાનાં હીબકાં સંભળાતાં હતા....

'જગમોહનની ડાયરી વાંચતા મને ખબર પડી કે જે દિવસે સવારે જગમોહનનું ખૂન થવાનું હતું એની આગલી રાતે જ જગમોહને આત્મહત્યા કરવાનો પ્લાન ઘડી નાખ્યો હતો. એ રાતના ચાર વાગ્યે મેં જગમોહનને ફોન પણ કર્યો હતો, બહુ દિવસથી વાત નહોતી થઈ એટલે વાત કરવાની મને ઇચ્છા થઈ આવી ત્યારે મેં મજાકમાં જગ્ગેને પૂછેલું:

'દોસ્ત, આટલી મોડી રાતે હત્યા કે આત્મહત્યાના પ્લાન નથી બનાવતો ને..?.' મને શું ખબર કે મારા મિત્રએ સાચે જ એનું જીવન ટૂંકાવવાનો નિર્ણય લઈ લીધો હતો.'

પ્રભાની આંખમાં આંસુ ધસી આવ્યાં હતાં. વિક્રમ-કરણ પણ ભાવુક થઈ ગયા હતા.

'જગમોહને ડાયરીમાં સ્યુસાઇડ નોટ લખી. સાથે સાથે મારા પર એક પત્ર પણ લખ્યો. એ સ્યુસાઈડ નોટ એક હારેલા માણસની નહોતી. એક ખૂબ જ સફળ પણ સંવેદનશીલ માણસને પોતાના જ આપ્તજનો પાસેથી અપેક્ષિત સહકાર અને પ્રેમ ન મળે ત્યારે થાય એવી નિરાશાથી અને હતાશાથી એ પત્ર લખાયો હતો..... જગમોહનને એમ લાગવા માંડ્યું હતું કે એની જિંદગીમાં હવે કોઈ હેતુ રહ્યો નથી, જીવવાનું કોઈ કારણ બચ્યું નથી. એટલે એ સ્વેચ્છાએ મરવા નીકળી પડ્યો હતો.'

કબીરે ખોંખારો ખાઈને ફરી વાતનું અનુસંધાન મેળવ્યું:

'એણે સવારના મેટ્રો સ્ટેશન પર જઈને પાટા પર પડતું મૂકવાનો વિચાર કર્યો. એ જ સમયે જગમોહનની ઑસિરની બહાર બબલુના માણસો બાબુ અને ઈરફાન એના શિકારની રાહ જોઈને બેઠા હતા. મને એવું લાગે છે કે વિનાયકભાઈ કોઈ કારણસર જગ્ગેનું અપહરણ કરાવવા ઇચ્છતા હતા. અપહરણ કર્યા બાદ એમનો ઇરાદો સ્પષ્ટ હતો...બે-ત્રણ કરોડની ખંડણી વસૂલ કરી એ જગમોહનનું મર્ડર કરાવવા માગતા હતા.'

'વ્હોટ નોનસેન્સ, મારા પપ્પા કદી આવું વિચારે જ નહીં.' પૂજા ઊભી થઈ ગઈ. એનું શરીર ધ્રૂજતું હતું.

'સારું થયું પૂજા, તું સામે ચાલીને આ દલીલ લઈને મારી સાથે આ વાત કરવા આવી. ....પૂજા, હવે મને સાચું કહેજે, તને છેલ્લા બે-ત્રણ દિવસથી તંદ્રાવસ્થામાં તારા પપ્પાનો ચહેરો દેખાતો હતો કે નહીં?'


પૂજા નીચું જોઈ ગઈ.

'પૂજા, તારે ક્ષોભ કે નાનપ અનુભવવાની જરૂર નથી. મને ખાતરી હતી કે તને ખૂનીનો ચહેરો દેખાઈ જશે. તને જ્યારે તારા પપ્પાનો ચહેરો દેખાયો કે તું ગભરાઈ ગઈ. તને વિશ્વાસ નહોતો બેસતો પણ તું કોઈ ચાન્સ લેવા નહોતી માગતી એટલે તેં જગમોહનના એટલે કે તારા સસરાના રૂમમાં જઈને પુરાવા દૂર કરવાની કોશિશ કરી, રાઈટ?'

કબીરના પ્રશ્નમાં રહેલી ધાર પૂજાના હૃદયમાં ચીરો પાડી ગઈ.

'અંકલ, મારા પપ્પાનો ચહેરો મને દેખાય એનો અર્થ એ નથી કે એમણે જ ખૂન કરાવવાની કોશિશ કરી છે.'

'રાઈટ યુ આર.... તારી વાત તદ્દન સાચી છે. તને કોઈનો ચહેરો દેખાય એનો અર્થ એ નથી કે એ વ્યક્તિ ખૂની છે કે એ કોઈની હત્યા માટે પ્રયાસ કરી રહી છે.... પણ પૂજા, મને અફસોસ એ વાતનો છે કે તમામ પુરાવા તારા પપ્પાની વિરુદ્ધ જાય છે અને...? કબીર અટકી ગયો.




-અને કેમ અટકી ગયા, અંકલ...?' પૂજાને ધ્રાસકો પડ્યો.

-અને વિનાયકભાઈએ ખુદ પોતાનો ગુનો કબૂલી લીધો છે...! ' કબીરને અનિચ્છાએ કહેવું પડ્યું. પછી ઉમેર્યું :

'એક દીકરી સમક્ષ એનો બાપ ગુનેગાર છે-ખૂની છે એ કહેવું ખૂબ પીડાદાયક છે. પૂજા, તારા પપ્પા અહીં કોલકાતામાં જ છે...'

પૂજા ચૂપ રહી, પણ જય ઉશ્કેરાઈ ગયો:

'શું એલફેલ ફેંકો છો, અંકલ, મારા પપ્પા કોલકાતામાં છે જ નહીં... એમણે તો ઊલટું મને કહ્યું કે જરૂર પડે તો વેવાઈની તબિયત જોવા એ કોલકાતા આવી શકે છે.'

'યસ જય, એ તને કંઈ કહેવા ઇચ્છતા નહોતા. મોબાઈલ ફોન રોમિંગ હોય તો તને કેવી રીતે ખબર પડે કે વ્યક્તિ કયા શહેરથી બોલે છે?'

જય માથું પકડીને બેસી ગયો.

'જગમોહનની ઑફિસની બહાર બાબુ અને ઈરફાન કલાકો સુધી ઊભા રહ્યા....' કબીરે વાત આગળ વધારી :

'એ દિવસે જગમોહન ઑફિસે ન પહોંચતાં બાબુએ પેલા બબલુનો સંપર્ક કર્યો. એ વખતે વિનાયકભાઈ હાવડાના નટરાજ ગેસ્ટ હાઉસ'માં પોતાના રૂમમાં જ હતા. બબલુએ એમને પોતાના મોબાઈલથી ફોન કર્યો અને હવે શું કરવું એ પૂછ્યું. હોટલ ફોનના પ્રિન્ટઆઉટ્સ તપાસતાં એ પુરવાર થઈ ચૂક્યું છે કે બબલુ અવારનવાર હોટલ પર ફોન કરીને વિનાયકભાઈ સાથે વાત કરતો...'

કબીરે દરેકના ચહેરા સામે જોયું. દરેકના ચહેરા પર આઘાત અને પીડા હતી.

'વિનાયકભાઈએ બબલુને કહ્યું કે જગમોહન ઘરથી ઑફિસ જવા નીકળ્યો છે, પણ હજી ઑફિસે પહોંચ્યો નથી. બાબુ અને ઈરફાને બપોર સુધી ઑફિસની બહાર રાહ જોઈ ને પછી જગમોહનના કિડનેપિંગનો પ્લાન બીજા દિવસ સુધી મુલવતી રાખી ત્યાંથી ચાલતી પકડી, પણ એ સાંજના...'

કબીર વાક્ય પૂરું કરે એ પહેલાં ગાયત્રી બોલી ઊઠી:

'અંકલ, એ સાંજના ઇન્ડિયન મ્યુઝિયમની ફૂટપાથ પર અમે ચાલતાં હતાં ત્યારે ઈરફાને અમને એમ ચિઠ્ઠી આપી હતી, જેમાં લખ્યું હતું કે કરણનું કોઈએ અપહરણ કર્યું છે અને ચિઠ્ઠી લખનાર અમને મદદ કરી શકે તેમ છે.... કરણનું નામ પડતાં કાકુ પીગળી ગયા અને અમે એ માણસની મારુતિ વાનમાં બેસી ગયાં. એ આખી રાત અમને કોઈ અડ્ડામાં રાખવામાં આવેલાં. એ તો ભલું થજો ઇન્સ્પેક્ટર પરમારનું કે કાકુએ એમને ફોન કર્યો અને એમણે પેલા અડ્ડા પર રેડ પાડીને અમને બચાવ્યાં.'

'હા, એ જ ઇન્સ્પેક્ટર પરમારને જ્યારે ખબર પડી કે જગમોહન પર કોઈએ ગોળીબાર કર્યો છે ત્યારે એણે મારો કોન્ટેક્ટ કર્યો અને આ કેસ પર મારી સાથે કામ કરવાની ઇચ્છા દર્શાવી. આ ઇન્સ્પેક્ટર પરમાર જ બધી વાતથી મને વાકેફ કરતો હતો.... હમણાં થોડી વારમાં ઇન્સ્પેક્ટર વિનાયકભાઈને લઈને અહીં આવી પહોંચશે...'

પૂજા અને જયે એક આંચકા સાથે ઉપર જોયું :

'અંકલ, પ્લીઝ પપ્પાને અહીં નહીં લાવતા' પૂજા બોલી.

એની વિનંતીને અવગણીને કબીરે વાત ચાલુ રાખી :

'હવે બે મહત્ત્વની વાતનો ખુલાસો કરવાનો રહી જાય છે. એક તો વિનાયકભાઈ રાતોરાત જગ્ગેના દુશ્મન શા માટે બની બેઠા? બીજું, એમણે જગમોહન પર ઍટેક કેવી રીતે કર્યો? ગાયત્રી, મારા ટેબલ પર જગમોહનની ડાયરી પડી છે એ લાવ તો...'

ગાયત્રી ઊભી થઈને ડાયરી લઈ આવી.

'રાતના કિડનેપર્સના અડ્ડામાંથી છૂટ્યા બાદ ગાયત્રીના ઘરમાં જગમોહન રોકાઈ ગયો, પણ ત્યાં પણ બબલુએ એમનો પીછો ન છોડ્યો. ગાયત્રીના ઘર પર પણ એણે હુમલો કરાવ્યો. આ બાજુ ઈરફાન અને બાબુ પોલીસ લોકઅપમાંથી છટકી ગયા અને સીધા ગાયત્રીના ઘરે પહોંચ્યા. આ બિચારી છોકરીનું ઘર રણમેદાન થઈ ગયું.'

ગાયત્રી નીચું જોઈ ગઈ. એની આંખ સામે બબલુ અને બાબુની લાશ તરવરી ઊઠી.

'બાબુ અને બબલુ ગાયત્રીના ઘરમાં જ માર્યા ગયા. ઈરફાન ફરી પોલીસ કસ્ટડીમાં ધકેલાઈ ગયો.... હવે વિનાયકભાઈ પાસે કોઈ ઉપાય નહોતો. એ મરણિયા થયા હતા. કોઈ પ્રોફેશનલ કિલરને સુપારી આપવા કરતાં આ વખતે એમણે ખુદ કામ પાર પાડવાનું નક્કી કર્યું...'

કબીર બોલતાં બોલતાં થોભી ગયો બધાની પ્રતિક્રિયા જોવા...પછી એણે ઉમેર્યું :

'પણ અહીં કહાની મેં ટ્વિસ્ટ આવે છે....'

(ક્રમશઃ)

---

## ફન વર્લ્ડ


'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જંક | ક્યારેક |
| જંગ | પૈસો |
| જઘન્ય | લડાઈ |
| જર | ચિનાઈ વહાણ |
| જવલ્લે | નિંદનીય |

### ઓળખાણ પડી?




૧૦૦ મીટરની દોડ ૧૦ સેકન્ડથી ઓછા સમયમાં પૂર્ણ કરનારા સૌપ્રથમ એથ્લિટની ઓળખાણ પડી? ૯.૯૫ સેકંડમાં તેણે સિદ્ધિ મેળવી હતી.

અ) કેલ્વિન સ્મિથ બ) બેન જોન્સન ક) કાર્લ લુઈસ ડ) જિમ હાઈન્સ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દી | પા | ૨ વ | લી | | ૩ તો | ૪ ર | ણ | | ૫ મી |
| પ | | જ | | ૬ ચો | પ | ડી | | ૭ ભા | ઠા |
| ૮ દ | મ | ન | | પ | | | ૯ ભ | વા | ઇ |
| શં | | | ૧૦ ખા | ડા | ખૈ | યા | | વે | |
| ૧૧ ન | હે | ૧૨ ર | | પૂ | | | ૧૩ આ | શ | ૧૪ કા |
| | | ૧૫ જ | દો | જ | હ | ૧૬ દ | | | જુ |
| ૧૭ ભ | ૧૮ ડ | કો | | ન | | ૧૯ વા | ૨૦ ર | | ક |
| ૨૧ યા | રો | | ૨૨ મ | | ૨૩ રા | ત | વ | ૨૪ ર | ત |
| વ | | ૨૫ વ | ન | ૨૬ વા | સ | | | ૨૬-અ ઝ | રી |
| ૨૭ હ | સ્ત | ધૂ | ન | ન | | ૨૮ રં | ગો | ળી | |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | | ૫ | ૬ | ૭ |
| | | ૮ | | | | ૯ | | | |
| ૧૦ | ૧૧ | | | | | ૧૨ | | | |
| | | | ૧૩ | | ૧૪ | | | ૧૫ | |
| ૧૬ | | | ૧૭ | ૧૮ | | | | | |
| ૧૯ | | ૨૦ | | | | | | ૨૧ | |
| | | ૨૨ | | | ૨૩ | | | | |
| ૨૪ | ૨૫ | | | ૨૬ | | | | ૨૭ | ૨૮ |
| ૨૯ | | | ૩૦ | | | ૩૧ | ૩૨ | | |
| ૩૩ | | | | | ૩૪ | | | | |

**આડી ચાવી**

૧. હિંદુઓનો મોટો તહેવાર (૩,૩)
૫. કરેલું કાર્ય (૩)
૮. લખવા માટે જોઇએ (૩)
૯. ખોટ (જો. છૂ.) (૪)
૧૦. ગળા કે છાતીમાં રૂંધામણ (૩)
૧૨. તરડ, ફાટ, ચીરો (બ.વ.) (૨)
૧૪. જંગલ (૨)
૧૫. યાત્રાનું સ્થળ, તીર્થ (૨)
૧૬. --- બોલા જૂઠાલાલ- એક ટીવી સિરિયલ (૨)
૧૭. છાપ (૫)
૧૯. નકામી લાંબી વાત (૫)
૨૨. વેગળું, આઘું (૨)
૨૩. આનંદ આપનાર (૪)
૨૪. પગલી, ઘેલી, બેબાકળી (૩)
૨૭. જ્યારે (૨)
૨૯. 'રમવું'નું આજ્ઞાર્થ (૨)
૩૦. વાસણ ઠેકાણું (૨)
૩૧. બે આંકડાની પહેલી સંખ્યા (૨)
૩૩. દુખાવો (૪)
૩૪. મનને ભાવતું (૫)

**ઊભી ચાવી**

૧. મોંઘવારીથી મધ્યમ વર્ગ--- વળી જાય (૩)
૨. 'તું' કહીને બોલાવવું તે (૩)
૩. ઓળખાણ (૨)
૪. કમાવું (૩)
૫. કપડાનો ટુકડો (૩)
૬. પૂરી શાકના --- સાથે ખવાય (૨)
૭. મનને ગમતું (૫)
૯. નવા વર્ષે બધાને કહો (૩,૬)
૧૧. છાનામાના (૪)
૧૩. સમુદ્ર, સાગર (૪)
૧૪. નાતનું જમણ (૨)
૧૬. સૌને નવા વર્ષના --- (૨,૪)
૧૮. પોપડો (૨)
૨૦. સિંદૂરિયા રંગનું કપડું (૩)
૨૧. વખત, કાળ (૩)
૨૫. પાણીમાં કાંકરી નાખો (૩)
૨૬. કિંમત, ભાવ (૨)
૨૮. છેડો, પાલવ (૩)
૩૦. શિયાળામાં --- પડે (૨)
૩૨. મેળાવડો, પરિષદ (૨)

### ગુજરાત મોરી મોરી રે

મજેદાર રોમેન્ટિક ગીતની પંક્તિમાં ખૂટતો શબ્દ જણાવો.
તને જાતા જોઈ ---------- વાટે મારું મન મોહી ગયું.

અ) આશ્રમની બ) વગડાની ક) સરિયામ ડ) પનઘટની

### જાણવા જેવું

ખજૂરીનાં તૈયાર થયેલાં પણ પાકી નહિ ગયેલાં ફળને સૂકવવાથી ખારેક અને ખૂબ પાકી ગયેલાં ફળને સૂકવવાથી ખજૂર થાય છે. અરબસ્તાનમાં મદીનાની દક્ષિણે તેનાં ઝાડ ઊગે છે. ઝાડનો ઉપરનો ભાગ અગ્નિમાં જોઇએ અને તેનાં મૂળિયાં પાણીમાં જોઈએ, એમ આરબ લોકોનું માનવું છે. હિંદુસ્તાનમાં ખજૂર થતો નથી. જોકે, ખજૂરીની ઘણી જાતો થાય છે.

### સુડોકુ-૭૦૨૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | ૫ | | | | |
| ૮ | ૬ | | | | ૧ | | | ૭ |
| | ૧ | | ૬ | ૪ | | | | ૯ |
| | | ૨ | | | | ૧ | | |
| ૧ | ૪ | | | | | | ૭ | ૫ |
| | | ૭ | | | | ૯ | | |
| ૪ | | | | ૭ | ૨ | | ૧ | |
| ૬ | | | ૮ | | | | ૯ | ૪ |
| | | | | ૩ | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૮ | ૯ | ૫ | ૧ | ૩ | ૪ | ૭ |
| ૩ | ૪ | ૧ | ૭ | ૮ | ૬ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૯ | ૭ | ૩ | ૪ | ૨ | ૧ | ૮ | ૬ |
| ૯ | ૨ | ૫ | ૪ | ૩ | ૭ | ૬ | ૧ | ૮ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૬ | ૮ | ૭ | ૫ | ૯ |
| ૮ | ૭ | ૬ | ૧ | ૯ | ૫ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૪ | ૮ | ૨ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૮ | ૨ | ૩ | ૯ | ૭ | ૧ |
| ૭ | ૮ | ૨ | ૫ | ૧ | ૯ | ૪ | ૬ | ૩ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

અહીં આપેલા ખેલાડીમાંથી કોણે ક્રિકેટ ઉપરાંત હોકીની રમતમાં પણ પોતાના દેશની ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું એ જણાવો.

અ) ચુની ગોસ્વામી
બ) ઈયાન બોથમ
ક) જોન્ટી રોડ્સ
ડ) ગોર્ડન ગ્રીનીજ

### નોંધી રાખો

ધર્મ ક્યારેક આ બે હાથ દ્વારા નક્કી થઈ જતો હોય છે. હાથ જોડાઈ જાય તો એ પૂજા કહેવાય છે, અને ખુલી જાય તો દુઆ કહેવાય છે.

### માઈન્ડ ગેમ

અનેક દેશના વિવિધ માનવ સર્જિત ઉપગ્રહો અવકાશમાં તરતા મૂકવામાં આવ્યા છે. પૃથ્વીની પરિક્રમા કરનાર સૌપ્રથમ ઉપગ્રહનું નામ કહો.

અ) વેનગાર્ડ ૧ બ) એક્સ્પ્લોરર ૧
ક) સ્પુટનિક ૧ ડ) વોયેજર ૧

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઉવાખ | શ્વાસ, દમ |
| ઉકેલ | નિકાલ |
| ઉદર | પેટ |
| ઉપકૃત | ઉપકારી |
| ઉભય | બંને |

ગુજરાત મોરી મોરી રે
લાડી

ઓળખાણ પડી
Clivia

માઈન્ડ ગેમ
બાંગ્લાદેશ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
જ્યોફ બોયકોટ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) સુરેખા દેસાઈ (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નુતન વિપીન (૧૩) પુષ્પા ખોના (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) કમલેશ મૈઠિઆ (૧૮) મહેશ દોશી (૧૯) અશોક સંઘવી (૨૦) શ્રદ્ધા આશર (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) ભાવના કર્વે (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) કિશોર બી સંઘરાજકા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) નીતા દેસાઈ (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) નિતીન બજરિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) મનીષા શેઠ (૪૦) ફાલ્ગુની શેઠ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) મહેશ સંઘવી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ગીતા ઉદેશી (૪૮) ધીરેન્દ્ર ઉદેશી (૪૯) જગદીશ ઠક્કર

# રાશિ ભવિષ્ય



# વિક્રમ સંવત ૨૦૮૧

સૌરાષ્ટ્ર આવૃત્તિ ■ શનિવાર ■ તા. ૨-૧૧-૨૦૨૪

વિક્રમ સંવત – ૨૦૮૧ના આપ સૌને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન. કારતક માસ શનિવાર તુલા/વૃશ્ચિક રાશિમાં ચંદ્ર પ્રવેશ કરે છે. જે ૨–૧૧–૨૦૨૪ના રોજ વર્ષ દરમિયાન સ્થિર ગ્રહો પ્રમાણે માર્ચ ૨૯–૩–૨૦૨૫ સવારે ૫ કલાક ૨૫ મિનિટે પૂર્વભાદ્રપ્રદ નક્ષત્રમાં શનિ ગ્રહ કુંભ રાશિમાંથી મીન રાશિમાં પ્રવેશ કરશે. ગુરુ ગ્રહ ૧૪–૦૫–૨૦૨૫ના રોજ રાત્રે ૧૧ કલાકને ૨૪ મિનિટે મૃગશીર્ષ નક્ષત્રમાં મિથુન રાશિમાં પ્રવેશ કરશે. જ્યારે તારીખ ૨૦–૫–૨૦૨૫ સવારે ૬ કલાકને ૪૪ મિનિટે રાહુ કુંભ રાશિમાં વ્રકી ભ્રમણ–પૂર્વભાદ્રપ્રદ નક્ષત્રમાં પ્રવેશ કરશે. કેતુ સિંહ રાશિમાં ઉત્તર ફાલ્ગુની નક્ષત્રમાં પ્રવેશ કરશે. અનલ નામ, સંવત્સરમાં અન્ય ગ્રહો પોતાની ગતિ મુજબ જ પરિભ્રમણ કરે છે.

**જલધારા દિપક પંડ્યા**



## મેષ
### અ, લ, ઈ

આપની રાશિમાં સ્થિર ગ્રહોમાં ગુરુ ૨૯–૩–૨૦૨૫થી ત્રીજા ભાવે રહી ભાગ્યના દ્વાર ખોલશે. રાહુ ૨૦–૫–૨૦૨૫થી કુંભ રાશિમાં અગિયારમાં ભાવે રહેતા શુભ ફળ આપનાર રહે. શનિ ગ્રહ સાડાસાતીની સાંકળમાં કર્મોના ફળ આપવા ૧૪–૫–૨૦૨૫થી મીન રાશિમાં પ્રવેશતા તમારી રાશિથી બારમા ભાવે આવે છે. જે તમારા માટે ધીરજ અને શાંતિ–સમયને સાથ આપવાનો રહેશે. દિવાળી ઝગમગ દીવડાની જ્યોત–લક્ષ્મીની કૃપા અપાર રહેશે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ– વર્ષ દરમિયાન મોટી બીમારી નથી. ઋતુગત નાની–મોટી બીમારી આવશે. પેટના રોગ કે પાચનની તકલીફ થાય માટે ખાવા–પીવામાં પરેજીથી નાની બીમારીમાંથી મુક્તિ મેળવશો.

હકારાત્મક વિચારો તરફ તમારાં કાર્યોમાં સફળતા મળશે. તમારી ઈચ્છા મુજબ એક પછી એક કાર્યો ઉકેલાય. મનને સંયમ રાખી તમારા આરોગ્યને જાળવી શકશો. આધ્યાત્મિક વિચારો, સેવામાં મન પરોવવાથી તમારા ગુણોમાં સોનામાં સુગંધ ભળશે.

પારિવારિકઃ– આ વર્ષે માતા–પિતા કે વડીલવર્ગની તબિયત અંગે કાળજી લેવી. તમારાથી મોટા ભાઈ–ભાંડુ સાથે મતભેદ થાય. નાની–મોટી ચકમક થાય, પરંતુ તમારી મદદથી તેમનાં કાર્યો પાર પડતા જણાય. પરિવારમાં શુભ માંગલિક કાર્યો થાય. દામ્પત્ય જીવનમાં સંતોષકારક સમય રહે. સંતાનો અંગે ચિંતાનો સમય રહે. તેમના લગ્ન કે જીવનના મહત્ત્વના નિર્ણયો આ વર્ષે લેવાશે.

નોકરી–વેપાર વર્ષઃ– નોકરિયાત વર્ગને પ્રમોશન અટકે. ખોટા આક્ષેપો કે આળ આવે. નોકરી બદલી થાય તો અણગમતા સ્થળ આવે. નવી નોકરીમાં તમારે મુશ્કેલી રહેશે.

વેપારીવર્ગને લોઢાના ચણા ચાવવા જેવો કઠિન સમય રહશે. અજાણ્યા સાથે ઠગાઈ જવાના વેપારમાં નુકસાન થાય. નાના વેપારીવર્ગને સમય મધ્યમ રહે. ખોટાં કાયદાકીય કાર્યોમાં ગુંચવાયેલા ન રહો તેની સાવધાની રાખવી. વેપારીવર્ગને વેપાર કરવામાં સાચી નીતિ અને ઈમાનદારી હશે તો ઈશ્વર સારથી બની રહેશે.

આર્થિક સ્થિતિઃ– આ વર્ષે ધનશ્રીના ભંડાર તમારા આંગણે દેખાય છે. તમારા આવકનાં સાધનો વધશે. વારસાગત મિલકતનાં કાર્યોથી લાભ થાય. શૅર–લોટરીમાં જોખમ ન કરવું. આકસ્મિક ધનલાભ થાય. વિદેશથી ધનલાભ થાય. પરિવારના સભ્યો પાછળ ધન ખર્ચ થાય.

સ્થાવર સંપત્તિ સુખઃ– મોટા વાહનની ખરીદી માટે શુભ સમય રહે. જમીન–મકાનની ખરીદી માટે શુભ વર્ષ રહે. સ્થાવર મિલકતના જૂના–પુરાણા બાંધકામને નવા ઓપ આપી શકશો. વેપાર માટે હમણા મિલકત ન ખરીદવી યોગ્ય રહે. રિનોવેશન કરી કામ ચલાવવું યોગ્ય રહે. વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય.

પ્રવાસઃ– આ વર્ષે નાની યાત્રા થાય. ધાર્મિક યાત્રા થશે. વિદેશના યોગ જન્મ કુંડળીમાં બતાવતા હોય તો આ વર્ષે શક્ય બતાવે છે. પ્રવાસ વેપાર અર્થે પાત્ર વર્ષ દરમિયાન ધીમા થાય. નોકરિયાતવર્ગ પણ નોકરી અર્થે બહાર ગામ અવાર–નવાર જવાનું થાય. ટુંકમાં તમારી મનની ઈચ્છા મુજબ ફરવાના યોગ ગ્રહબળ સારા આપે.

શત્રુ મિત્રવર્ગઃ– મિત્રોથી લાભ થાય. મોટી વગ ધરાવનાર સારા વ્યક્તિની ઓળખાણથી અગત્યનાં કાર્યોની પતાવટ થાય. મિત્રોને જામીન કે સાક્ષી તરીકે સહી–સિક્કા ના કરવા યોગ્ય રહે. મિત્રો ઉપર નાણાકીય વિશ્વાસ કે વ્યવહાર ના કરવો. છુપા શત્રુ ઊભા થાય. કોર્ટ કચેરી થાય તો નુકસાન. દુશ્મનોથી સમાધાનની ભાવના રાખવી. ખોટા અહમ કે વટ માટે કોર્ટના કાયદામાં ના પડશો. સાડાસાતી જેલની મુલાકાત ના કરાવે તેની કાળજી લેવી.

અભ્યાસઃ– વિદ્યાર્થી વર્ગને મહેનત ખૂબ જ કરવી પડશે. તમારા સંશોધન ક્ષેત્રમાં સફળતા મળશે. સરસ્વતીને રીઝવવા પડશે. ખૂબ જ મહેનત તમને યોગ્ય દિશામાં લઈ જાય તેમ છે.

બાર મહિના પ્રમાણે ફળ

(૧) કારતકઃ આ મહિનામાં વિવાહિત જીવનના પ્રશ્નો ઉકેલાય. ભાગ્ય સાથ ન આપે. આર્થિક સંકડામણ અનુભવો. આરોગ્ય અંગે કાળજી લેવી નોકરીમાં બદલી થાય.

(૨) માગશરઃ નાણાભીડ દૂર થાય. વેપારમાં વધારો થાય. વાણીથી ચકમક ઝરે. પ્રવાસ ના કરો.

(૩) પોષઃ જાહેર જીવનમાં ચડતી–પડતી જોવા મળે. સરકારી દંડ કે સજા થાય. કોર્ટનાં કાર્યોમાં સમાધાન રાખવું.

(૪) મહાઃ મિત્રવર્ગથી લાભ થાય. સંતાનોની પ્રગતિ થાય. સહોદર સાથે મતભેદ થાય. મુસાફરી ત્યાગવી. જીવનસાથીનો સહયોગ મળે.

(૫) ફાગણઃ વેપારમાં પ્રગતિ થાય. રાજકીય ક્ષેત્રે ઉચ્ચપદ મળે. વિવાહ યોગ્ય યુવાનો માટે શ્રેષ્ઠ સમય. ભાગ્યમાં અવરોધ આવે.

(૬) ચૈત્રઃ ધારેલાં કાર્યો પાર પડે. વેપારમાં જવલ્લંત સફળતા મળે. નોકરીમાં બદલી–ઉચ્ચપદ મળે. આરોગ્ય અંગે કાળજી લેવી.

(૭) વૈશાખઃ સ્થાવર મિલકત અંગે પ્રશ્નો હલ થાય. નાણાભીડ દૂર થાય. વેપારમાં ભાગીદારથી લાભ થાય.

(૮) જેઠઃ લાંબી મુસાફરી થાય. મિત્રવર્ગથી લાભ થાય. વેપારમાં ખોટા સાહસ થાય. નાણાકીય આવક વધશે. સહોદર સાથે વિવાદ થાય. અગત્યના કાગળો સાચવવા. ઠગાઈ ન થાય તેનું ધ્યાન રાખવું.

(૯) અષાઢઃ તમારાં ધાર્યાં કાર્યો પાર પડશે. નોકરીમાં જવાબદારી વધે. ખોટા આક્ષેપો આવે સાવધાની રાખવી. આરોગ્ય અંગે કાળજી લેવી.

(૧૦) શ્રાવણઃ આ સમય વેપારમાં વધારો થાય. તેમ જ જરૂરી નિર્ણયો આ સમયે લેવાશે. સંતાન અંગેની ઈચ્છા પૂરી થાય. નાની યાત્રા સુખદ રહે. મોજ મનોરંજનમય સમય પસાર થાય.

(૧૧) ભાદરવોઃ સ્થાવર મિલકતમાં વધારો થાય. જીવનસાથી સાથે મધુરતા જળવાય. ભાગ્યમાં અવરોધ આવે. જેની અસર નોકરી–વેપારમાં ધાર્યું ફળ ન મળે.

(૧૨) આસોઃ વિદેશ જવાની ઈચ્છા સંતાનોની પૂરી થાય. પરિવારથી વિયોગ થાય. વેપારમાં નાણાકીય આવક વધશે.

આમ આ વર્ષે તમારાં ઘણાં સપનાં સાકાર થાય. ગ્રહોનું ભ્રમણ ફળ તમને એકંદરે સારું વર્ષ અને યાદગાર શુભ ફળદાયી બનશે.



## વૃષભ
### બ, વ, ઉ

આપની રાશિમાં ગુરુગ્રહ તારીખ ૧૪–૦૫–૨૦૨૫ રાત્રે ૧૧.૨૪ મિનિટે મિથુન રાશિમાં બીજા ભાવે શત્રુ રાશિમાં ભ્રમણ કરશે. જે શુભ ફળદાયી રહેશે. શનિ દસમાં ભાવેથી ૨૯–૩–૨૦૨૫ ૫ કલાકને ૨૫ મિનિટે કુંભ રાશિમાંથી મીન રાશિમાં પ્રવેશ કરશે. જે અગિયારમા ભાવે શનિ શુભફળ આપશે. રાહુ ૨૦–૫–૨૦૨૫થી સવારે ૬ કલાકને ૪૪ મિનિટે અગિયારમાં ભાગથી દસમા ભાવે વક્રી બનશે જે જીવનમાં પરિવર્તનનો સમય બતાવે છે. અન્ય ગ્રહ પોતાની રાશિ ભ્રમણ પ્રમાણે ફળ આપશે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ– આ વર્ષે તમારી માનસિક સ્થિતિ શાંતિનો અનુભવ થતા ઘણા જ સમયે આરામદાયક જીવન જણાશે. મનસુબા થોડા અંશે પૂરા થતા જણાય. તમારું શારીરિક સાથે માનસિક મનોબળ જાળવવું જરૂરી. પરિસ્થિતિને કાબૂમાં રાખવા તમારે મનોસ્થિતિ સંભાળવી પડશે.

શારીરિક આરોગ્ય મધ્યમ રહે. તમારા શરીરમાં વિટામિનની ખામીથી થતા રોગ થાય. કમર–છાતીના રોગથી કાળજી લેવી. શરીરમાં ખોટા વિષાણુથી થતા રોગ ઉદ્દભવે જેની લાંબી દવા ચાલે તેમ છે. કોઈ શસ્ત્રક્રિયા હૃદય–પીઠની આવી શકે.

પારિવારિકઃ– પરિવારમાં ઉપરના સંબંધો રહેશે. તમારા હૃદયની નજીકના સંબંધોમાં કડવાશ રહેશે. વાણી દ્વારા સંબંધો સુધારવા પ્રયત્નો ચાલુ રાખવા. લગ્ન જીવનમાં વિખવાદ કે ગેરસમજો નાની બાબતે થયા કરશે. સંતાનોની પ્રગતિ થાય. સંતાનોને વિદેશ મોકલવાની ઈચ્છા પૂરી થાય. જેમન લગ્ન/સગાઈ થવાની હોય તેમનો સમય શુભ રહે. ભાઈ–ભાંડુ સાથે સંબંધ મધ્યમ રહે.

નોકરી–વેપારી વર્ગઃ– નોકરીયાત વર્ગને સારું વર્ષ રહે. તમારા કાર્યની કદર થાય. નવી નોકરીમાં ઉચ્ચ પદ મેળવો. સરકારી નોકરી માટે આ વર્ષ શુભ રહે અને સરકારી કર્મચારીઓ માટે આ વર્ષે નવા નિયમો સાથે સહમત થવું મુશ્કેલ ભરેલું રહેશે.

વેપારી વર્ગ આ વર્ષે નવા વેપારની શરૂઆત કરશો. વેપારમાં નવા ફેરફાર થાય. પરિવર્તન સાથે વેપારમાં શ્રીગણેશ કરશો માટે આ વર્ષ ખૂબ જ અગત્યનું પુરવાર થશે. જો તમે આ સમયને સાથે ટકી શક્યા તો વેપારમાં આગળ નવી સાંકળ મળી જશે પણ, આ સમય લોઢાના ચણા ચાવવા જેવો રહેશે.

આર્થિક સ્થિતિઃ– "નાણાં વગરનો નાથિયો નાણે નાથાલાલ" ઉક્તિ પ્રમાણે તમારી સ્થિતિ રહેશે. આવક વધુ હોવા છતાં આખર તારીખ જ દેખાશે! શૅર લાટરીથી ધન લાભ થાય. ઈનામ કે કોઈ આકસ્મિક ધનલાભ સરકારશ્રી તરફથી થાય.

નોકરીયાત વર્ગની લોન પાસ થાય. વેપારમાં નવા નાણાકીય સાહસ કરવા પડશે. કાયદાકીય ખર્ચા વધશે. આકસ્મિક પરિવાર પાછળ ખર્ચ વધશે. બીમારી તમારી અર્થતંત્ર–બજેટમાં ખોટ વધારશે.

સ્થાવર સંપતિ સુખઃ– આ વર્ષે તમારી સ્થાવર મિલકત વસાવેલી સચવાય તોય સારું કહેવાય. ચોથાભાવે કેતુ અણધાર્યા નિર્ણયો લઈ જે છે તે ગુમાવાય નહિ તે જોશો. નવા વાહન વસાવવા માટે થોડી રાહ જોવી યોગ્ય રહે. જૂનામાં લીધેલા વાહનનો ખર્ચ દુકાળમાં અધિક માસ બતાવશે. વારસાગત મિલકતના પ્રશ્નો સમાધાનથી ઉકેલાય.

પુરાણોક્ત મિલકતની નવી રૂપરેખા સામે આવે અને તેના યોગ્ય નિર્ણય લેવાય.

પ્રવાસઃ– ધાર્મિક યાત્રા–પ્રવાસ ધાર્મિક ઘણી જ થાય. વિદેશ યોગ નથી માટે ખોટા નિર્ણય–વ્યર્થ સાબિત થાય. પ્રવાસ દરમિયાન સામાન ચોરી થવાની શક્યતા વધુ બતાવે છે.

શત્રુ–મિત્ર વર્ગઃ– મિત્રવર્ગથી લાભ થાય. પણ વેપારમાં મિત્રોને દૂર રાખવા. મિત્રો નાણાકીય સંબંધો ટાળવા. જૂના મિત્રોની ઓળખ થાય. છુપા શત્રુ વધુ થાય. કોર્ટ કચેરીમાં નુકસાન થાય. ખોટા કાવા–દાવામાં જેલના દર્શન ના થાય તે જોશો. તમારા દામ્પત્યજીવનમાં સમાધાનથી પ્રશ્નો ઉકેલાય. પરિવારના કુટુંબ સભ્યો સાથે કેસ હશે તે સરળ ઉકેલ આવશે.

અભ્યાસઃ– અભ્યાસ માટે વિદ્યાર્થી વર્ગને સમય મધ્યમ રહે. ઘણી જ મહેનતે ફળ અલ્પ મળે તેમ છે. ઉચ્ચ ડિગ્રી માટે ઉત્તમ વર્ષ રહે. સંશોધન ક્ષેત્રે અભ્યાસમાં સફળતા મળે.

બાર મહિના પ્રમાણે ફળઃ–

(૧) કારતકઃ નોકરીમાં ઉચ્ચ પદ મળે. વારસાગત મિલકતનો ઉકેલ આવે. નાણાભીડ રહે.

(૨) માગશરઃ ભાગ્ય ઉન્નતિ થાય. પ્રવાસ યાત્રા થાય. દામ્પત્યમાં સુલેહભર્યો સમય રહે. જાહેર જીવનમાં અપયશ ન મળે તેની સાવધાની રાખવી.

(૩) પોષઃ આ સમયમાં આવક વધશે. મિત્રવર્ગથી ધન લાભ થાય. વેપારમાં પ્રગતિ થાય. પરિવારમાં મતભેદ દૂર થાય.

(૪) મહાઃ આ સમય મિત્રવર્ગથી લાભ થાય. યાત્રા–પ્રવાસ સફળ થાય. વેપારમાં પ્રગતિ થાય. પરિવારમાં મતભેદ દૂર થાય. સ્થાવર મિલકતની ખરીદી થાય.

(૫) ફાગણઃ આરોગ્ય અંગે કાળજી લેવી. મિત્રવર્ગથી મિલકત બાબતે લાભ થાય. પ્રવાસ યાત્રા ન કરવી. સાહસભર્યા કાર્યો થાય.

(૬) ચૈત્રઃ આરોગ્ય મધ્યમ રહે. વિદેશ યાત્રા માટે શુભ સમય રહે. સ્થાવર મિલકતની લોન પાસ થાય. સમાજમાં યશ–કીર્તિ વધે તેવા કાર્યો થાય.

(૭) વૈશાખઃ આ સમય રાજકીય ક્ષેત્રે સાવધાની રાખવી. વાહનની ખરીદી માટે મોજશોખભર્યુ જીવન વ્યતિત થાય. વેપારમાં અવરોધ બાદ પ્રગતિ થાય.

(૮) જેઠઃ આ સમયે આવક વધે. આકસ્મિક ધન લાભ થાય. ભાગીદારથી વેપારમાં લાભ થાય.

(૯) અષાઢઃ સ્થાવર મિલકતમાં અવરોધ આવે. જૂના સાધનોમાં ફેરફાર થાય. શત્રુ વિજયી બનો. યાત્રાથી લાભ.

(૧૦) શ્રાવણઃ નવા મકાન કે વાહન વસાવાય. વિદેશ જવાના યોગ પ્રબળ બને છે. વેપારમાં વધારો.

(૧૧) ભાદરવોઃ પ્રવાસ થાય. સંતાનોના અભ્યાસમાં અવરોધ આવે. મિલકતના ગુંચવાયેલા પ્રશ્નો ઉકેલાય. શત્રુ વિજયી બનો. વેપારમાં વધારો થાય.

(૧૨) આસોઃ આ સમય નોકરીયાત વર્ગને બદલી થાય. ઉચ્ચ પદ મળે. મોટા અધિકારી સાથે બગડેલા સંબંધો સુધરે. કોર્ટ–કચેરીમાં વિજય થાય. સરકારી કાર્યો ખોરંભે ચડે. દામ્પત્ય જીવનમાં ખટરાગ થાય.

આમ આ વર્ષ પરિવાર માટે ભાગ્ય રૂપી સારું ફળ આપશે. ઈશ્વરીય આજ્ઞાનું પાલન કરતા થઈ જશો. "ગીતાઊપદેશ" પ્રમાણે જીવન શૈલી અપનાવતા થશો.



## મિથુન
### ક, છ, ઘ

આ વર્ષે સ્થિર ગ્રહો મુજબ રાહુ ૨૦–૫–૨૦૨૫ને સવારે ૬.૪૪ કુંભ રાશિમાં અને કેતુ સિંહ રાશિમાં નવમાં ભાવે. ભાગ્યના દ્વાર ખોલશે. શનિ દસમાં ભાવે ૨૯–૩–૨૦૨૫માં પ્રવેશ કરશે. જે ન્યાયનો દેવતા કર્મ આધિન ફળ આપશે. ગુરુગ્રહ ૧૪–૫–૨૦૨૫ તારીખ ૧૧.૨૪ મિનિટે રાત્રે મિથુન રાશિ એટલે કે આપની રાશિમાં ૧૩ માસ માટે પ્રવેશ કરશે. પ્રથમભાવે ગુરુ સો ગુના માફ કરશે. તેવી ઉક્તિ પ્રમાણે તમારો સમય ઉત્તમ બતાવે છે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ– આ વર્ષે આપના માનસિક વિચારોમાં સ્થિરતા જોવા નહીં મળે. હકારાત્મક વિચારોને અપાવવા વધુ યોગ્ય રહે. તમને જીવનમાં નિરાશા તરફ જતા દેખાવ પણ તમારે વર્તમાન ઉજ્જવળ બનાવવા પ્રયત્ન ચાલુ જ રાખવા. માથે હાથ દઈ (લમણે) બેસી રહેવાથી કશું જ વળશે નહીં આધ્યાત્મિક પુસ્તકનું વાંચન વાંચવાની ટેવ તમને જીવનમાં નવો રસ્તો બતાવશે. તે તમારો સાચો સાથી બની રહેશે. શારીરિક આરોગ્યમાં ગુરુ અને શનિ વાયુપ્રકોપ વધારશે જેનાથી વાયુ પ્રકૃતિના રોગ થાય. હૃદય–છાતીના દર્દો પીડાકારક રહે. ચામડીના રોગ વધુ વકરશે. આયામ–વ્યાયામ–નિયમિત જીવન જીવવાની ઢબ તમને બીમારીમાંથી બહાર લાવશે. વયોવૃદ્ધને બીમારી માથે ન મારી મૂકશો.

પારિવારિકઃ– પરિવારમાં દામ્પત્યજીવન તમારામાં અસંતોષ વધશે. માતા કે માતાતુલ્ય વ્યક્તિને સમય શુભ નથી. સંતાનો માટે પ્રગતિકર્તા રહેશે. તેમને અભ્યાસ અને વ્યવસાયી કેરિયર અંગે તમે યોગ્ય નિર્ણય લઈ શકશો. સગાઈ/વિવાહ થવાના યોગ બતાવે છે. પણ વિચારોમાં ગફલત ખાસો તો ફોક વિવાહ/સગાઈ થઈ શકે છે. સહોદર સાથે ચકમક થાય.

નોકરી–વેપારી વર્ગઃ– નોકરિયાત વર્ગને નોકરીમાં સહકર્મચારી સાથે વિરોધ થાય. તમારા કાર્યની કદર ના થાય. કાર્યબોજ વધતો જણાય. જન્મના ગ્રહો નબળા હોય તો નોકરીમાંથી બરતરફ થાવ કે આક્ષેપોનો સામનો કરવો પડે. સરકારી નોકરિયાત માટે સમય સારો રહે.

વેપારીવર્ગને પરિવર્તન સાથે સરકારી ટેક્સ–કાનૂની ગૂંચમાં ફસાઈ ના જાય તે જોશો નવા વેપારમાં સમય સાનુકૂળતા ભર્યો રહે. હરીફવર્ગ ઊભા થાય. અજાણ્યા વેપારીવર્ગથી છેતરામણી થાય. હિસાબ અંગે સાવધાની રાખવી. ભાગીદારથી લાભ થાય. તમારા નવા તુક્કા વેપારમાં ચાલશે નહીં, પરંતુ કાયદાકીય સીધી રીતે તમને ટકાવી રાખવામાં મદદરૂપ થશે.

આર્થિક સ્થિતિઃ– આ વર્ષે આર્થિક પ્રશ્નો ઘણા જ વણઉકેલ્યા રહેશે. વારસાગત મિલકતમાં વધારો થાય. વાણી દ્વારા વેપાર કરનારને લાભ થાય. શૅર–લોટરીથી લાભ થાય. સ્થાવર–મિલકત પાછળ ખર્ચા વધશે. મકાન–વાહન અંગે રિપેરિંગમાં અવાર–નવાર ખર્ચા વધશે. વેપાર માટે નવી મિલકતની ખરીદી મોકૂફ રાખવી.

સ્થાવર સંપત્તિ સુખઃ– તમારા મકાન–વાહનની ખરીદી વેચાણમાં આ વર્ષે પ્રશ્નો ગૂચવાય તેમ જ તમારા રોકાણમાં ખોટા નાણાં ફસાઈ જતા લાગે. જૂનાં મકાનમાં રિનોવેશન થાય. હમણાં ખોટા સપનામાં ન રહેવું સ્થાવર મિલકત પાછળ રાહ જોવી યોગ્ય રહે.

પ્રવાસઃ– વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય. તમારા વર્ષ દરમિયાન નાની યાત્રા–પ્રવાસ થયા કરશે. તમારે લાંબી મુસાફરી વેપાર અર્થ થાય.

શત્રુ–મિત્રવર્ગઃ– મિત્રવર્ગ વિશ્વાસપાત્ર મળશે. નવા મિત્રોથી લાભ થાય. જૂના મિત્રોથી પણ સંબંધો ફરી બંધાય. કોર્ટ–કચેરીમાં કુટનીતિ દ્વારા વિજય મેળવો. નોકરીમાં ખોટા આળ આવે અને કોર્ટ–કાયદો દેખાડશે. સરકારી દંડ સજા થાય. તેવા સંજોગો બતાવે છે. તમારી ફેવરમાં ચુકાદો લાવવા કરતા સમાધાનની વાત કરવી વધુ યોગ્ય રહે.

અભ્યાસઃ– અભ્યાસમાં સફળતા મળે. સાયન્સ લાઈનમાં, ડૉક્ટરી લાઈનમાં જનારા વ્યક્તિને ખૂબ જ મહેનત માંગી લે છે. ધો.૧૦–૧૨ના વિદ્યાર્થીવર્ગને સમય મધ્યમ રહે.

બાર માસનું ફળ

(૧) કારતકઃ આ સમય જાહેરજીવનમાં સફળતા મળે. સરકારી કાર્યોમાં સાવધાની રાખવી. નોકરીમાં બદલી થાય.

(૨) માગશરઃ નોકરીમાં પ્રમોશન મળે. વેપારમાં વધારો થાય. રાજકીય ક્ષેત્રે સાવધાની રાખવી.

(૩) પોષઃ આ સમયે તાવ–પડવા–વાગવાથી સાચવવું. વેપારમાં સાવધાની રાખવી. સ્થાવર મિલકતના કાર્યો સારા થાય.

(૪) મહાઃ આ સમય પ્રવાસ યાત્રા સુખદ રહે. કોર્ટના કાર્યોમાં સફળતા મળે. મિત્રવર્ગથી વિશ્વાસઘાત થાય. ભાગીદારીમાં મતભેદ થાય.

(૫) ફાગણઃ આ સમય વેપારમાં નવા સાહસ નાના પાયે થાય. આવકમાં વધારો થાય. અંગત આરોગ્ય બગડે.

(૬) ચૈત્રઃ મિત્રવર્ગથી વિશ્વાસઘાત થાય. સમાજમાં વગ ધરાવનાર સરકારી વ્યક્તિની મદદથી અગત્યના કાર્યો પૂરા થાય. બીમારીમાં વધુ મુશ્કેલી ઊભી થાય.

(૭) વૈશાખઃ લાંબી યાત્રા થાય. નોકરીમાં ઉચ્ચપદ મળે. બદલી થાય. બૅન્કના કાર્યોની પટાવટ થાય. વેપારમાં વધારો થાય.

(૮) જેઠઃ વિદેશ યાત્રા માટે શુભ સમય રહે. નાણાં ભીડ દૂર થાય. વિચારોમાં સ્થિરતા ન રહે. કાર્યોમાં અવરોધ બાદ પૂરા થાય.

(૯) અષાઢઃ મિત્રવર્ગથી લાભા થાય. પોતાના રાજકીય ક્ષેત્રે યશ મળે. માંગલિક કાર્યોમાં સફળતા મળે. નાણાંકીય ચડાવ–ઉતાર રહે.

(૧૦) શ્રાવણઃ આરોગ્ય બગડે, વાયુ પ્રકૃતિ વધશે, મોજશોખ–બીમારી પાછળ ખર્ચા થાય. સહોદર સાથે સંબંધ સુધરે. સાહસ ભર્યા થાય.

(૧૧) ભાદરવોઃ ધનલાભ કર્તા સમય રહે. વેપાર–નોકરીમાં આવક વધે. વારસાગત મિલકતથી લાભ થાય. પરિવારમાં સુખશાંતિ જળવાય.

(૧૨) આસોઃ આ સમય વેપારમાં સાવધાની રાખવી. ખોટા/અજાણ્યા સાથે વેપાર ટાળવો. સ્થાવર મિલકતમાં નિર્ણય ન કરવો.

આમ આ વર્ષે જીવન થોડું ફોરમ ભર્યું અને કાંટાળું નીવડશે. જેમાં છેવટે તમારી જીવનની સાચી શૈલી શોધી શકશો. સમય–સંજોગો પ્રમાણે સંબંધોની પકડમાં બાંધછોડ કરતા શીખી જશો.



## કર્ક
### ડ, હ

આ વર્ષે સ્થિર ગ્રહો મુજબ રાહુ મીન રાશિમાંથી વક્રી કુંભમાં થાય અને કેતુ સિંહમાં આવશે જે તમારી રાશિથી આઠમા ભાવે રહેતા કષ્ટીમય સમય બતાવે છે. શનિ ગ્રહ આઠમા ભાવે પનોતીમાંથી અઢી વર્ષનો છુટકારો આપશે અને મીન રાશિમાં નવમા ભાવે આવતા શનિ તેના શુભ ફળ પ્રદાન કરશે. ગુરુ ગ્રહ અગિયારમાં ભુવનથી બારમાં ભાવે આવે જે મિશ્રફળદાયી રહેશે. જો જન્મના ગ્રહો વિદેશ યાત્રા માટે બળવાન હશે તો આ વર્ષે સાત સમુદ્ર પાર જઈ શકશો.

માનસિક અને શારીરિક સ્થિતિ : માનસિક શાંતિ હણાતી જાય. ખોટી ચિંતાઓ કરી તમે પોતે જવાબદાર હશો શરીરને રોગનું ઘર બનાવવામાં. માટે ખોટા વહેમ–શંકા, ખોટા નકારાત્મક વિચારોને ત્યાગી સમયને અનુસાર જે કાંઈ થાય છે તેમાં ઈશ્વરની મરજી સમાયેલી સમજી મનોબળ વધારી સ્વસ્થ મનથી સંબંધોની તિરાડોમાં વાટા કરી બચાવી લેશે.

શારીરિક આરોગ્ય કથળે. તમારા આંખ – ગળાના – દાંતના રોગ થવાની શક્યતા બતાવે છે. હરસ – મસાની શસ્ત્રક્રિયા પણ થઈ શકે. શારીરિક આરોગ્ય મધ્યમ રહે. માનસિક વ્યગ્રતા રહ્યા કરે. માથાના દુઃખાવાની ફરિયાદ રહ્યા કરે. આવી નાની બીમારીને પણ યોગ્ય ઉપચાર કરાવવો.

પારિવારિક : પરિવારમાં બધા જ સુખ–શાંતિથી રહેતા હશે પણ જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ ઉક્તિ પ્રમાણે તમારી નજરના દોષને દૂર કરવો યોગ્ય રહે. સહોદર સાથે અચાનક લાગણીના તાંતણા તૂટતા જાય. દામ્પત્યજીવનમાં ગેરસમજો ઊભી થાય. સંતાનો અર્થે અવરોધ અને વિલંબ બાદ પ્રગતિ જોવા મળે. સંતાનોથી વ્યાધિ થાય. વિવાહ યોગ્ય યુવાનો માટે હજી સમય શુભ નથી. વડીલોની મીઠી નજરમાં રહેશો. વાણીથી સંયમ રાખશો તો પરિવારમાં સંપની ભાવના જળવાશે.

નોકરી–વેપારી વર્ગ : નોકરિયાત વર્ગને જવાબદારી વધવાની સાથે ઉચ્ચ હોદ્દો પણ મેળવશો. તમારા બગડેલા સંબંધો નોકરીમાં સુધરે, ઉપરી અધિકારીથી લાભ થાય. નોકરીમાં બદલી થાય. સારી નોકરી મેળવવાની આશા ફળે. સરકારી નોકરિયાતને આ વર્ષ શ્રેષ્ઠ સાબિત થાય.

વેપારીવર્ગને સમય સાનુકૂળભર્યો રહે. તમારા નવા વેપારમાં પ્રગતિ જોઈ શકો. નવા કાયદાકીય પાલન કરવાથી વેપારમાં લાભ થાય. મોટો ઉદ્યોગ ચાલતો હશે તો વર્ષ દરમિયાન સરકારી દંડ કે કોર્ટના ધક્કા ના ખાવા પડે માટે સાવધાની રાખવી. સરકારી કાર્યોમાં કોઈ ગફલત રાખશો નહીં. વેપારીવર્ગને પોતાના કાર્ય પ્રત્યે ખેવના રાખવી અને આગળ વધવાના પ્રયત્નો ચાલુ જ રાખવા.

આર્થિક સ્થિતિ : 'તરત દાન મહાફળ' મુજબ આ વર્ષે દાન આપવાથી આવક અવળા માર્ગે નાણાં ખર્ચાય ન જાય તે લાભ થઈ શકે. બાકી આવક કરતા જાવક વધશે. ખૂબ જ મહેનત પ્રમાણે અલ્પ ધન મળે. ધનશ્રીને રીઝવવા પૂજા–મંત્ર કાર્ય કરી જવા અને જાવકનો રસ્તો બંધ થાય. બીમારી પાછળ ખોટા આકસ્મિક ખર્ચા વધી જાય. માંગલિક કાર્યો અને ધાર્મિક પ્રવાસ પાછળ ખર્ચ વધશે.

સ્થાવર સંપત્તિ સુખઃ આ સમય તમારા નવા મકાનમાં રહેવાના સ્વપ્ન સાકાર થાય. જમીન–મકાનના કાર્યો પૂરા થાય. જૂના મકાનમાં રિનોવેશન કરાવી નવું સ્વરૂપ આપી શકશો. અને ભાડાના મકાનમાંથી પોતાના મકાનમાં જઈ શકશો. વાહન–ખરીદી થાય સારો સમય છે. તમારા ઉપર વિશ્વકર્માભગવાનની કૃપા રહેશે આ વર્ષે.

પ્રવાસ : બારમા ભાવે ભાગ્યાધિપતિ હોવાથી તમારા લાંબા પ્રવાસનું આયોજન થાય. વિદેશ ફરવા જઈ શકશો. ધાર્મિક યાત્રા ઘણી જ થાય. નોકરીમાંથી યાત્રા થાય. યાત્રા દરમિયાન પડવા–વાગવાથી સાવધાની રાખવી.

શત્રુ–મિત્ર વર્ગ : કોર્ટના કાર્યોમાં સફળતા મળે. વર્ષોથી ચાલતા કેસની સુનાવણી તમારા તરફેણમાં આવે. નોકરીમાં કેસ હશે તો સમાધાનથી કાર્ય પતે. બૅંકના હપ્તા માટે લોન ચાલુ હોય તો કેસ અર્થે સાવધાની રાખવી. સરકારી કેસમાં ગુનેગાર સાબિત હશો તો દંડ/સજા ભોગવવા તૈયાર રહેવું પડે. જો જન્મના ગ્રહો જેલયોગ હશે તો આ વર્ષે બંધનયોગ થઈ શકે.

મિત્રો તમારા સારા સંબંધો જાળવી રાખવાના જ કામમાં રહેશે. નાણાકીય મદદ કે જામીન કે વિશ્વાસપાત્ર રહેશે નહીં માટે મિત્રો સાથે છેટેથી સલામ ભરશો – જેથી સમાજમાં બદનામીથી બચી શકશો.

અભ્યાસઃ અભ્યાસમાં સફળતા મળશે. ટૅક્નિકલ લાઈનમાં દાકતરી અભ્યાસમાં ખૂબ જ સારી સફળતા મળશે.

બાર મહિના પ્રમાણે ફળઃ

(૧) કારતક : સ્થાવર મિલકતમાં રાચરચીલાવાળું વસાવશો. શૅર લોટરીથી લાભ થાય. નોકરીમાં સહકર્મચારી સાથે સમાધાન થાય.

(૨) માગશર : આ સમયે પેટના રોગ થાય. પાચનશક્તિમાં નાદુરસ્તી જણાય. વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ સમય રહે.

(૩) પોષ : વેપારમાં લાભપ્રદ સમય રહે. જાહેર જીવનમાં ચડતી–પડતી રહ્યા કરે. સામાજિક ક્ષેત્રે યશ મેળવો.

(૪) મહા : નોકરિયાત વર્ગને નોકરી જોખમી ગણાય. ખોટા આક્ષેપોનો સામનો કરવો પડે. ભાગ્ય સાથ આપે. મિત્રવર્ગથી લાભ થાય. જો તમે સારા હશો તો નિર્દોષ છૂટી જશો.

(૫) ફાગણ : આ સમય વેપારમાં ભાગીદારથી લાભ થાય. નવા મોટા પાયે સાહસ ઠરવાથી લાભ થાય. નાણાંભીડ દૂર થાય. નાની યાત્રા સુખદ રહે.

(૬) ચૈત્રઃ આ સમય વેપાર વૃદ્ધિ સાથે પ્રતિષ્ઠા નામના પણ મેળવશો. મિત્રવર્ગથી લાભ થાય. ભાગીદાર સાથે વિવાહ થાય.

(૭) વૈશાખ : આ સમય શૅર–લોટરીથી લાભ થાય. દામ્પત્યજીવનમાં સંવાદિતતા જળવાય. પરિવારમાં આવકમાં વધારા સાથે ખર્ચા વધશે.

(૮) જેઠ : આ સમય વેપારમાં ઉન્નતિ થાય સાથે હરીફો સામે વિજય મેળવો. અભ્યાસ કરનારને સફળતા મળે. મિત્રવર્ગથી લાભ થાય. સ્થાવર મિલકતમાં વધારો થાય.

(૯) અષાઢ : આ સમય તમારા પરિવારની જવાબદારી વધશે, આવક કરતા ખર્ચ વધશે. દામ્પત્યજીવનમાં વિખવાદ થાય. વેપાર–નોકરીમાં લાભપ્રદ સમય રહે.

(૧૦) શ્રાવણ : આ સમય પરિવારથી વિયોગ થાય. આવક વધે. સરકારી નાણાકીય લાભ થાય અને નાની યાત્રા થાય. વેપારમાં વૃદ્ધિ જોઈ શકો.

(૧૧) ભાદરવો : આ સમય સુખ–શાંતિ જળવાય. મોજશોખ મનોરંજન પાછળ સમય વ્યતિત થાય. દામ્પત્યજીવનમાં મધુરતા રહે. વેપારમાં વધારો થાય.

(૧૨) આસો : આ સમય આરોગ્ય અંગે કાળજી લેવી. મિત્રવર્ગથી લાભ થાય. નોકરીમાં ઉચ્ચપદ મળે. નાની યાત્રા સફળ.

આ સમય તમારા માટે વેપાર વૃદ્ધિકર્તા અને યશ પ્રતિષ્ઠા અપનાવનાર બનશો. તમારા સાહસભર્યા કાર્યો કરનાર બનશો. વિદેશ યાત્રા માટે શ્રેષ્ઠ સમય રહે.

# રાશિ ભવિષ્ય



મુંબઈ સમાચાર

# વિક્રમ સંવત ૨૦૮૧

સૌરાષ્ટ્ર આવૃત્તિ ■ શનિવાર ■ તા. ૨-૧૧-૨૦૨૪



## સિંહ
### મ, ટ

આ રાશિના જાતકોને સ્થિર ગ્રહો મુજબ આ વર્ષે શનિ દેવ સાતમા ભાવથી આઠમા ભાવે આવતા નાની અઢી વર્ષની પનોતીનો પરચા શરૂ કરશે. જે કર્મ અનુસાર ફળ મળે. રાહુ આઠમા ભાવેથી સાતમા ભાવે આવશે. જે દરેક કાર્યમાં સમાજમાં આગવુ સ્થાન–પદ અપાવશે. નવી સિદ્ધિ ઉપાસનામાં પ્રાપ્ત થાય. તેમા કાર્યો ધારેલા પાર પડશે. ગુરુ ગ્રહ દસમા ભાવે રાજયોગનું ફળ આપી અગિયારમાં ભાવે આવશે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ મનથી અડગ રહેશો તો પર્વત પણ ડગી જાય. ‘‘મેરુ તો ડગે પણ જેના મનડા ડગે નહીં, તેવા દૃઢ નિશ્ચયી બનવાથી તમારું કોઈ કાર્ય અટકશે નહીં અને તમારા કાર્યો બીજાને પ્રેરણાદાયી બની રહેશે.’’ ખોટા વહેમ, અંધશ્રદ્ધામાં અટકાશો નહીં.

શારીરિક આરોગ્ય મધ્યમ રહે. આંખ–યુરિનને લગતા રોગ થાય. ઈન્ફેક્શન થાય. તેમ જ લાંબી બીમારી કે દવા લાંબો સમય ચાલે તેમ ફળ આપે છે. વયોવૃદ્ધને આ વર્ષે અણી ચૂક્યો સો વર્ષ જીવશે. ગ્રહોયોગ શરીરની કાળજી લેવી યોગ્ય રહે. અંગત આરોગ્ય કથળે તેમ છે.

પારિવારિકઃ આ વર્ષે પરિવારના સભ્યો સાથે કલ્પનામાં રાચવું નહીં. નુકસાનીની ગણતરીમાં પડયા વગર પરિવારને સાચવવામાં રહેવું યોગ્ય રહે. ત્યાગની ભાવના ચરમ સીમાએ પહોંચશે. છુપા શત્રુ ઊભા થાય. જીવનસાથી સાથે ગેરસમજો ઊભી થાય, પણ આ ભ્રમ ગણવો. જેથી મોટો ખોટો નિર્ણય જીવનથી સાથે ના કરવો. રાહુ+શનિની ગોઠવણી જ તમને પરિવારના સંબંધમાં ગુંચવણ ઊભી કરશે. જે નમતુ રાખી સમાધાની વલણ રાખવાથી કુંટુબમાં સંબંધો જળવાય છે. નાની બીમારી સંતાનોમાં આવે. તેમના અભ્યાસ અંગે કાળજી લેવી વડીલોની તબિયત કથળે નહીં તેની દવા–સંભાળ લેવી.

નોકરી–વેપારી વર્ગઃ નોકરીયાત વર્ગને નોકરીમાં સમય અનુકૂળતા ભર્યો રહે. ધીરજ રાખી તમારા કાર્ય પ્રત્યે ચીવટ અને સાવધાની રાખવી. બદલી થાય. નવી નોકરીની સારી શોધ ઉચ્ચપદ નોકરી મેળવો. વેપારી વર્ગને આ વર્ષ મધ્યમ ફળદાયી રહે. જે તેને ચાલવા દો તેમાં ફેરબદલી કે નવા આયોજન ના કરવા. ભાગીદાર સાથે મતભેદ થાય. વિવાદથી ભાગીદારી છૂટી જાય. નવા કાયદા–નિયમોમાં મોટો ફાળો આપવો પડશે. નાના પાયે રોકાણ કરવાથી વેપારમાં લાભ થાય.

આર્થિક સ્થિતિઃ આવકમાં ભાવિ બચતો કરી શકશો. વર્ષ દરમિયાન જમાપાસુ નમેલું દેખાશે. ખોટા ખર્ચા બાદ થતા જણાય. નોકરી–વેપારમાં ધનલાભ થાય. વારસાગત મિલકતથી ધનલાભ થાય. કોઈ સ્પર્ધાત્મક વિભાગમાં નાણાકીય લાભ થાય આવકમાં વધારો સાથે તેનો યોગ્ય જગ્યાએ ઉપયોગ થાય.

સ્થાવર સંપત્તિ સુખઃ વર્ષ દરમિયાન જમીન–મકાન–વાહનમાં એજન્ટોને લાભ ઓછો રહે. તમારા પોતાના મકાનમાં પ્રશ્નો પણ સમાધાનથી ઉકેલ લાવી શકશો. સમય અનુસાર નિર્ણય મિલકત બાબતે કરવા વળગી ન રહેવું. વારસાગત મિલકતમાં બાંધછોડ કરવી જરૂરી બનશે.

પ્રવાસઃ વર્ષ દરમિયાન નાની યાત્રા થાય. ધાર્મિક એક–બે યાત્રા થાય. મોટા પ્રવાસ માટે–લાંબી યાત્રાનો સમય હજી યોગ્ય નથી. વેપાર અર્થે પ્રવાસ થાય જે સફળતા મળે.

શત્રુવર્ગ–મિત્રવર્ગઃ કોર્ટના કાર્યો આ વર્ષે સફળતા અપાવે. જૂના કેસનો ઉકેલ આવશે. જમીનના પ્રશ્નો ઉકેલાય. કેસ દ્વારા નોકરીમાં કોર્ટ–કેસમાં સફળતા મળે. મિત્રો સાથે વેપાર અર્થે ખોટા લાભ–લાલચમાં ખોટી સહી કે સાક્ષી બનશો નહીં. મિત્રતામાં સંબંધો સમયને પાસ કરવા. મન હળવું કરવા જ ઉપયોગ કરશો.

અભ્યાસઃ અભ્યાસમાં તમારા કર્મ પ્રમાણે ફળ મળશે. તમારી ૧૦૦ ટકા મહેનતે ૬૦ ટકા ફળ મળે તેમ છે.

બાર મહિના પ્રમાણે ફળ

(૧) કારતકઃ આ સમયે સ્થાવર મિલકતમાં વધારો થાય. વિદેશ જવાના માટે સમય શુભ રહે. નાણાં ભીડ દૂર થાય.

(૨) માગશરઃ વિદ્યાર્થી વર્ગને અભ્યાસમાં સફળતા મળે. શેર–લોટરીથી લાભ થાય. સંતાનોની પ્રગતિ થાય. વેપારમાં વૃદ્ધિ થાય.

(૩) પોષઃ નોકરીમાં ઉપરી અધિકારી સાથે મતભેદ થાય. બદલી થાય. પેટને લગતી બીમારી થાય. કોર્ટના કાર્યોમાં વિજય મળે.

(૪) મહાઃ વિવાહિત જીવનમાં સુલેહ થાય. વેપાર વૃદ્ધિ. સંતાનોની પ્રગતિ થાય. પ્રવાસ થાય.

(૫) ફાગણઃ નોકરીયાત વર્ગને ઉત્તમ તક મળે. વિરોધીઓને હંફાવી શકશો. વેપારમાં હરીફો સામે વિજય મેળવો. ભાગ્યનો સાથ મળે. વિવાહિત જીવનમાં સુખ–શાંતિ જળવાય.

(૬) ચૈત્રઃ આ સમય નાણાંભીડ દૂર થાય. તમારો પ્રગતિકારક સમય બતાવે છે. નોકરીમાં યશ મળે કાર્યની કદર થાય.

(૭) વૈશાખઃ વેપારમાં ન ધારેલી સફળતા મળે. વેપારમાં લીધેલા નિર્ણયો સફળતા અપાવશે. સ્થાવર મિલકતમાં વધારો થાય.

(૮) જેઠઃ મિત્રવર્ગને સાક્ષી કે સહી–સિક્કા ન કરવા. વિશ્વાસે વહાણ વેપારમાં ન ચલાવવું. મીઠાબોલા શત્રુ ઊભા થાય.


(૯) અષાઢઃ આ સમય મોટી યાત્રા થાય. સાથે નોકરીમાં ચડતી–પડતી થાય. વેપારમાં લાભકર્તા સમય રહે. રાજકીય ક્ષેત્રે મધ્યમ સમય રહે.

(૧૦) શ્રાવણઃ તમારા દરેક કાર્યોમાં સફળતા મળે. ‘જ્યાં હાથ નોખા ત્યાં સોનાની ખાણ જોવા મળે.’ જેવો સોનેરી સમય રહે.

(૧૧) ભાદરવોઃ આ સમય નાણાકીય લાભ થાય. તમારી વાણી દ્વારા થતા વેપારમાં વધુ ધનલાભ થાય. પરિવારમાં કાર્યની જવાબદારી સારી રીતે નિભાવી શકશો.

(૧૨) આસોઃ આ સમય તમારા સ્થાવર મિલકત અંગે અગત્યના નિર્ણય લઈ શકશો. વેપારમાં વધારો થાય. નોકરીમાં ધીમી ગતિ વાતાવરણ શાંત થતું જણાય.

આમ, આ વર્ષે તમારા ‘સોનેરી સૂરજ’ જીવનમાં દિશા બદલાતી જણાય. સારા–પરિણામો વર્ષનો અંત જોઈ શકશો. નોકરી–રોગ–કાયદાકીય વાવાઝોડું આવતું જાય. પણ સમય પ્રમાણે બધુ જ થાળે પડી જશે.



## કન્યા
### પ, ઠ, ણ

આ વર્ષે આપના સ્થિર ગ્રહો મુજબ રાહુ સાતમા ભાવથી છઠ્ઠા ભાવે અઢાર માસ માટે સ્થિર રહેશે. કુંભ રાશિમાં જે શુભફળ દાતા રહે. છઠ્ઠા ભાવે રાહુ શુભ ફળ આપે છે. શનિ ગ્રહ ૨૯–૩–૨૦૨૫થી સાતમાં ભાવે રહેતા દેહભુવને દૃષ્ટિ તમારા આત્મબળ–પ્રગતિ માટે કેવું ફળ આપશે? તે આગળ ફળમાં જોઈએ. શુભ ગ્રહ ૧૪–૫–૨૦૨૫થી મિથુન રાશિમાં દસમા ભાવે શુભ ફળ આપશે. અન્ય ગ્રહો તેની ભ્રમણ કક્ષાએ સમય અનુસાર ભ્રમણ કરશે.

માનસિક અને શારીરિક આરોગ્યઃ– ‘‘મન ચંગા તો કથરોટ મેં ગંગા’’ મુજબ ૬૮ તીર્થ તમારા મન ઉપર દર્શનો કરાવશે. એટલે મનથી શુદ્ધ રહેશો તો દરેક યાત્રામાં થનારું ફળ નિર્મળ મનને આ વર્ષે મળશે. ખોટી વિના કારણ ચિંતા તમારી ઊંઘ ઊડાડી દેશે. તમારી જવાબદારી તમને માનસિક રીતે નિવૃત થવા દેશે નહીં. સંતાનોના કાર્યોથી સંતોષજનક મન તમને રાહતનો શ્વાસ લઈ શકશો. શારીરિક આરોગ્ય મધ્યમ રહે. સાંધાના દુઃખાવા ને વાયુ પ્રકૃતિના રોગ થાય. લાંબી બીમારી આવી શકે અને દવા પણ લાંબી ચાલશે. પીઠ–શરીરના દુઃખાવાની ફરિયાદ અવાર–નવાર કરશો. મૃત્યુતુલ્ય બીમારી નથી.

પારિવારિક :– પરિવારમાં સમય મધ્યમ પસાર થાય. દામ્પત્ય જીવનમાં અવારનવાર ગેરસમજો ઊભી થાય. સંતાનો સાથે વિવાદ થાય. સહોદરથી લાભ થાય. વડીલો પિતા તૂલ્ય કે પિતાની આરોગ્ય અંગે કાળજી લેવી. વિવાહ યોગ્ય યુવાનો માટે સમય મધ્યમ રહે. પરિવારમાં સહકાર તમને આરોગ્ય સુધારો આપશે.

નોકરી–વેપારી વર્ગઃ– નોકરીયાત વર્ગને ઉચ્ચપદ મળશે. તેમ જ ધાર્યા પ્રમાણે કાર્યો પાર પડશે. તમારી જવાબદારી વધતી જાય. ખોટા વહેમ–શંકામાં ના રહેતા કાર્યને ખંતથી કરવામાં માનશો. તમારા કર્મ સારા હશે તો કુદરત તમારી સાથે રહેશે. બદલી તમારા મનપસંદ સ્થળ–સ્થાને નહીં મળે.

વેપારી વર્ગને ખુબ જ સારો સમય રહેશે. ન ધારેલી સફળતા મળશે. ભાગીદાર છેતરામણી કે કપટ–હિસબમાં ચોરી કરતા હશે તો તમારી નજર બહાર નહીં જઈ શકે. વિદેશ સાથે વેપાર કરનારને લાભપ્રદ સમય રહેશે. નવા સાહસ આ વર્ષે વેપારમાં થાય. સમાજમાં માન–મોભો વધશે.

આર્થિક સ્થતિ :– આ વર્ષ આવક જાવકના સરવૈયા કરતા ઉધાર પાસું ઊંચું થતું જણાય. ખર્ચાઓ અગણિત થાય અને આવકમાં શૂન્ય ગણાશે. માટે આવકને ધ્યાનમાં રાખીને આવકના વધુ સ્રોત વધારશો. શેર–લોટરીથી લાભ થાય. લક્ષ્મીજીને મનાવવા મંત્ર–દાન કરવાથી ગ્રહોની અશુભ અસરમાં રાહત મેળવશો.

સ્થાવર સંપત્તિ સુખઃ– જમીન–મકાન–વાહન વસાવવા માટે આ વર્ષ ઉત્તમ રહે. નવા વાહનની ખરીદી થાય. તમારી જૂના મકાનમાં નવું અદ્યતન સ્વરૂપ આપી રાચરચીલાયુક્ત શણગારી શકશો. મોટા વાહનની લે–વેચ માટે સાનુકુળતાનો સમય.

પ્રવાસઃ– આ વર્ષે પ્રવાસમય રહેશે. સારું આયોજન નાની મોટી યાત્રામાં ખુશમિજાજ અને આહ્લાદક આનંદ માણી શકશો. નોકરી અર્થે વિદેશ યાત્રા પણ શક્ય બને.

શત્રુ વર્ગ–મિત્ર વર્ગ :– કોર્ટના કાર્યો કાચબાની ગતિએ ચાલશે. તમારી નીતિ–રીતિ સાચી હશે તો ન્યાય તમારી તરફેણમાં થાય. વેપાર–નોકરીમાં હરીફો થાય. તમારા ઘણા શત્રુ ઊભા થાય. કુટનીતિ કરવા જાય પણ તમારી જીત થાય. તમારું કોઈ બગાડી શકશે નહીં. પણ ‘ઊગતા રોગ ને શત્રુ’ને તરત ડામવો – રાહ ના જોવાય.

મિત્રો સાથે વેપારમાં લાભ થાય. મિત્રોથી નાણાકીય મદદ મેળવશો. તમારા માંગલિક કાર્યોમાં જોડે રહેશે. તમારા મિત્રો તમારી સાથે જ રહેશે.

અભ્યાસ :– અભ્યાસમાં સફળતા મળે તમારા ધાર્યા પ્રમાણે ફળ મળે.

બાર મહિના પ્રમાણે ફળ

(૧) કારતક :– આ સમયે માતા કે માતા તૂલ્ય વ્યક્તિની તબિયત બગડે તમારે હૃદય–છાતીના દર્દો હોય તો કાળજી લેવી. વેપારમાં છેતરામણી થાય. નવા વાહન–મકાનની ખરીદી મોકૂફ રાખવી.

(૨) માગશર :– આ સમય પરિવારની જવાબદારી વધતી જાય. સ્થાવર મિલકતમાં વધારો થાય. વેપારમાં વધારો થાય.

(૩) પોષ :– આ સમય સંતાનોની પ્રગતિ થાય. સંતાનો વિદેશ જવા માટે શુભ સમય બતાવે છે. સહોદર સાથે લાભ થાય. સાહસ ભર્યા કાર્યો થાય.

(૪) મહા :– નોકરીમાં બદલી થાય. કાયદાકીય સફળતા મળે. વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ સમય.

(૫) ફાગણ :– શેર–લોટરીથી લાભ થાય. વેપારમાં નવા સાહસ દ્વારા લાભ થાય. પેટને લગતી શસ્ત્રક્રિયા થાય.

(૬) ચૈત્ર :– વિવાહિત જીવનમાં મધુરતા જળવાય. સંતાનોની નામના થાય. પણ ખોટા કાર્યોમાં ફસાય જાય. તેવા કુટનીતિનો ઉપયોગ થાય નહીં તેની કાળજી લેવી. વારસાગત મિલકતથી લાભ થાય.

(૭) વૈશાખ :– આ સમયે નોકરીમાં બદલી થાય. સંતાનોથી ધન લાભ થાય. ભાગ્ય સાથ આપે. નાની યાત્રા થાય. વેપારમાં વધારો થાય.

(૮) જેઠ :– વેપારમાં ખૂબ જ સારી સફળતા મળે તેમ જ મિત્રવર્ગથી લાભ થાય. સ્થાવર મિલકતમાં લાભ થાય. સંતાનોની પ્રગતિ થાય.


(૯) અષાઢ :– આ સમય રાજકીય ક્ષેત્રે ખોટા આક્ષેપો આવે. સ્થાવર મિલકતમાં લોન પાસ થાય. પ્રવાસ ન કરવો. મિત્ર વર્ગથી વિશ્વાસ ન કરવો.

(૧૦) શ્રાવણ :– આ સમય વિદેશ યાત્રા માટે શુભ રહે. તમારા વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. આવકમાં વધારો થાય. આરોગ્ય અંગત સાચવવું.

(૧૧) ભાદરવો :– આ સમય તમારી લાંબી યાત્રા સફળ થાય. દરેક કાર્યોમાં યશ અને સફળતા મળે. રાજકીય ક્ષેત્રે ઉચ્ચપદ મળે. વાણી ઉપર સંયમ રાખવો.

(૧૨) આ સમય તમારા નાણાકીય કાર્યો ઉકેલાય. વિદેશથી ધન લાભ થાય. વેપારમાં વધારો થાય. સ્થાવર મિલકતના પ્રશ્નો ઉકેલાય. નવું વાહન ખરીદી થાય.

આમ આ વર્ષે બધા જ સ્થિર ગ્રહો શુભ સ્થાનમાં તમારી રાશિથી છે જે વર્ષે દરમિયાન શુભ ફળ આપે છે. દરેક ક્ષેત્રમાં ધીરજ અને ચોકસાઈ તમારી હશે તો સરળતા અને સફળતાથી કાર્યોની પતાવટ થશે.



## તુલા
### ર, ત

આપની રાશિમાં વર્ષ દરમિયાન સ્થિર ગ્રહોની ગતિમાન ગ્રહો જે ચાલે છે. જેમાં શનિગ્રહ પાંચમા ભાવથી છઠ્ઠા ભાવે આવતા શુભ ફળદાયી રહેશે. રાહુ છઠ્ઠા ભાવેથી પાંચમા ભાવે સ્થિર થાશે. જે શુભ ફળ આપશે. ગુરુ ગ્રહ આઠમા ભાવથી નવમા ભાવે આવે છે. આ વર્ષે ઈષ્ટદેવની અપાર કૃપા થાય અને ગ્રહોની શુભ અસર તમારા યાદગાર વર્ષ સાબિત થશે.

માનસિક અને શારીરિક આરોગ્ય :– મન સ્થિર રહેશે નહીં. મનને માકડા જેવું કહ્યું છે. આ વર્ષે મનને સ્થિર કરવા ૐકારનો જાપ, યોગા કે આધ્યાત્મિક વાતોમાં મન પરોવવાથી મનને શાંત કરી શકશો.

શારીરિક આરોગ્ય સારું રહે. પણ વાયુ પ્રકૃતિના રોગના હુમલા અવારનવાર થાય જેનાથી અન્ય રોગ થવા સંભવ રહે માટે રોગનું મૂળ ને દૂર કરવો યોગ્ય રહે.

પારિવારિક :– પરિવારમાં સુખ–શાંતિ જળવાય. વર્ષના અંતે પરિવારમાં શોકજન્ય વાતાવરણ છવાય કે આઘાતજનક બનાવ બને, લાગણી ઘવાતી જાય, જીવનસાથીની આરોગ્ય અંગે કાળજી લેવી. સંતાનોની પ્રગતિ થાય. વિવાહ યોગ્ય યુવાનો માટે સમય મધ્યમ રહે. સહોદર સાથે કહેવાના સંબંધો રહે.

નોકરી–વેપારી વર્ગઃ– નોકરિયાત વર્ગને ચૂપ રહેવું અને કર્મ કર્યે જાવ. નાની–મોટી મુશ્કેલી આવે. સહકર્મચારી સાથે મતભેદ થાય. સમયની રાહ જોવી નોકરીમાં બદલી થાય. નવી સારી નોકરી જોઈતી હોય તો હમણાં શુભ સમય નથી. ઊપરી અધિકારી સાથે જો તમે સાચા હોય તો વિરોધ કરવામાં પાછા ન પડતા.

વેપારીવર્ગમાં નવા સાહસ દ્વારા સફળતા મળે. તમારા ગૃહઉદ્યોગના વેપારમાં વધારો થાય. નવા વેપાર સાહસ ન કરવા.

આર્થિક સ્થિતિઃ– આ સમય આવકમાં વધારો થાય. મિલકત દ્વારા આવક વધશે તથા દેવામાંથી મુક્તિ મળશે. તમારા સ્થાવર મિલકત માટે લોન પાસ થાય. આવક વર્ષના અંતે સરવાળો કરતા બાદબાકી થતી જોવા મળશે. શેર–રોકાણમાં લાભ થાય. વાણીથી થતા વ્યાપારમાં ધનલાભ થાય.

સ્થાવર સંપત્તિ સુખઃ– વર્ષ દરમિયાન તમારા ‘એક બંગલા બને ન્યારા’ આ સ્વપ્નું પૂરું થતું જોવા મળે. તમને જૂના મકાન–વાહનની ખરીદી કરીને સફળતા અચુક મળશે. વેપાર માટે નવી ઓફિસ કે દુકાનની ખરીદી કરી શકશો. જમીનની વેચાણ–ખરીદીના કાર્યો થાય.

પ્રવાસ :– વર્ષ દરમિયાન પ્રવાસ ઘણા જ કરશો. તમારા યાત્રા દરમિયાન શરીરમાં થાક–અશક્તિનો અનુભવ થાય. તમારા વેપાર અર્થે બહારગામ જવાનું થાય. નોકરીમાં અપડાઉન–કરતા હશો તો સ્થિરતા થાશે.

મિત્રવર્ગ – શત્રુવર્ગ :– મિત્રવર્ગ ઉપર વિશ્વાસે વહાણ ન ચલાવવું. કોઈ દસ્તાવેજ કે અગત્યના કાગળો ઉપર સહી–સિક્કા ન કરવા યોગ્ય રહે. મિત્રો તમારા ઓળખતા શીખી જશો.

કોર્ટકચેરીમાં ખોટા ફસાઈ જવાના કેસમાં તમારી નબળી બાજુ પુરવાર થાય. સરકારી કેસમાં તો લટકતી તલવાર જેવું જ રહેશે. જો મધ્યસ્થી દ્વારા સમાધાનથી કાર્યની પતાવટ થાય તો સારું ગણાય. જૂના કેસમાં તમારી કમજોરી સાબિત કરતા ફેંસલો તમારી વિરુદ્ધ આવશે. આમ આ વર્ષે ‘‘રોગ અને શત્રુ’’ને ઊગતો જ ડામવો (ન થવા દેવો) યોગ્ય રહેશે.

અભ્યાસ :– આમ આ વર્ષે તનતોડ મહેનત કરશો તો જ સફળતા મળશે.

બાર મહિના પ્રમાણે ફળ

(૧) કારતક : આ સમય સ્થાવર મિલકતના પ્રશ્નો ઉકેલાય. વિવાહિત જીવનમાં સફળતા મળે. ધનલાભ થાય.

(૨) માગશર : યાત્રા ટાળવી. અગત્યના કાગળો ઉપર સહી–સિક્કા કરતા સાવધાની રાખવી.

(૩) પોષ : આ સમયે વેપારમાં વધારો થાય. નવી સ્થાવર મિલકત વસાવવા મિત્રોનો સાથ સહકાર સારો મળશે.

(૪) મહા : નોકરીમાં ઉચ્ચપદ મળે. કોર્ટના કાર્યોમાં સફળતા મળે. સરકારી કાર્યોમાં સફળતા મળે.

(૫) ફાગણ : વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ સમય બતાવે છે. દામ્પત્ય જીવનમાં મધુરતા રહે. સ્થાવર મિલકતમાં વધારો થાય. હૃદયના રોગીને સારું થાય.

(૬) ચૈત્ર : આ સમય હૃદય–છાતીના દર્દીને સારું ફળ બતાવે છે. વેપારમાં વધારો થાય. જાહેર જીવનમાં યશ–પ્રતિષ્ઠા વધે તેવા કાર્યો થાય. રાજકીય શ્રેત્રે ઉચ્ચપદ મળે.

(૭) વૈશાખ : વારસાગત મિલકતથી લાભ થાય. વાણીથી ધન લાભ થાય. સારી જમીન–મકાન–વાહનથી ધનલાભ થાય. વેપારમાં પ્રગતિ થાય.

(૮) જેઠ : આ સમય સહોદરથી લાભ થાય. અગત્યની લોન પાસ થાય. વેપારમાં વધારો થાય. નાની યાત્રા ન કરવી.

(૯) અષાઢ : આ સમય નોકરીમાં બદલી થાય. ઉપરી અધિકારી સાથે બગડેલા સંબંધો સુધરે. વેપારમાં વધારો થાય. ખોટા જોખમભર્યા સાહસ તમને મુશ્કેલીમાં મૂકી દેશે.

(૧૦) શ્રાવણ : વિવાહિત જીવનમાં વિખવાદ થાય. યાત્રા–પ્રવાસ ન કરવા. મિત્રવર્ગથી ધન લાભ થાય. વેપારમાં નવીન તક મળે. અગત્યના નિર્ણય વેપાર માટે લેવાય.

(૧૧) ભાદરવો : આ સમયે વેપારમાં ખૂબ જ સારો ગણાય. નોકરીમાં બદલી થાય. પદવી પ્રાપ્ત થાય. વિદેશ જવા માટે શુભ સમય રહે. સહોદરના સંબંધ દૂરથી સારા રાખવા.

(૧૨) આસો : આ સમય મિત્ર વિદેશ રહેતા હશે તો લાભ થાય. નોકરી–વેપારમાં યશ. દામ્પત્ય જીવનમાં વિખવાદ થાય.

આ વર્ષે ગ્રહોની ચાલ તમારા માટે સારી છે. તમારે સારા થવું જ હોય તો આત્મબળથી કાર્ય કરવાનું છોડવાનું નથી. જેમ હાથમાં લીધેલ કામ અને શ્વાસથી ચાલતો જીવ શરીર છોડતું નથી તેમ ગ્રહો તમારા આત્મબળને વધારો કરશે. તમે ખોટી કલ્પનામાં રાચતા હોય તો થોડી વાસ્તવિક જીવન જીવવાની રીત અપનાવવી જરૂરી છે.



## વૃશ્ચિક
### ન, ય

આપની રાશિમાં સ્થિર ગ્રહો મુજબ ગુરુ સાતમા ભાવથી આઠમા ભાવમાં આવશે. શનિ નાની પનોતીમાંથી છુટકારો આપી પાંચમા ભાવે શુભ ફળ આપશે. રાહુ પાંચમા ભાવથી ચોથા ભાવે આવતા કષ્ટદાયક સમય આપે.

માનસિક અને શારીરિક આરોગ્ય :– આ વર્ષે નાની પનોતીમાં તમારી મનોદશામાંથી બહાર નીકળતા જે શાંતિ અનુભવશો તે તમારા માટે આ સમય શ્રેષ્ઠ છે. માનસિક સ્વસ્થતા તમારા ઉપર નિર્ભર રહે છે. મનથી આઘાત–પ્રત્યાઘાત જે પારકા પોતાનાની સમજ તમને અનુભવોમાંથી નીકળી ગયા છો. એટલે ઘણી જ સારી રીતે મનોદશા રાખી શકશો.

શારીરિક આરોગ્યમાં નાની બીમારી નથી પણ રાજરોગ–હૃદય–છાતીના રોગ – ક્ષયરોગ – ઉદરને લગતી તકલીફ આવે. એટલે વયોવૃદ્ધ વ્યક્તિએ ખાસ સાવચેતી રાખવી. શરીરની આરોગ્ય અંગે કાળજી લેવી જરૂરી, ડૉક્ટરી રિપોર્ટ પણ કરાવવા યોગ્ય રહે.

પારિવારિક :– પરિવારમાં ગાંઠ બંધાયેલી છૂટવા ગમે તેટલા પ્રયત્ન કરશો તો ગાંઠની વળતો રહેવાની જ છે. તમારા મીઠા વચનો – મોટું મન રાખવાથી સંબંધો જળવાય પછી સરવાળે મન – મોતી ને કાચ તૂટયા પછી સંધાતા નથી તેમ હૃદયથી તો દૂર જ રહેશો. સંબંધોને કરતા અનુભવી સંબંધો કેવા રહ્યા તેની ઉપર સંબંધો પરિવારજનોમાં રાખશો. વિવાહિત જીવનમાં સુખ–સંવાદિતતા જળવાય. વિવાહ યોગ્ય યુવાનો માટે શ્રેષ્ઠ સમય રહે. દામ્પત્યજીવનમાં મધુરતા રહે.

નોકરી – વેપારી વર્ગ :– નોકરિયાત વર્ગને સમય પરીક્ષાલક્ષી ગણાય. નાના–મોટા કાર્યબોજ આવશે જે સાવધાની રાખવી. ખોટા આક્ષેપોથી કાળજી રાખવી. કોઈના ઉપર વિશ્વાસ રાખી કાર્ય ન છોડવું. નવી નોકરીની રાહ જોતા હશો તો આ વર્ષે ઈચ્છા પૂરી થાય.

વેપારમાં અણધાર્યા સંકટ આવે. નાના વેપારની શરૂઆતથી લાભ થાય. નવીન તક મળે. સફળતા પણ મળશે. તમારે કેવી રીતે પચાવવી તે તમારા હાથમાં છે. વેપારમાં હરીફો વધશે. તમારા કાર્ય પ્રત્યે ખંત–આવડત–સંબંધોની પરીક્ષા થશે.

આર્થિક સ્થિતિ :– આ વર્ષે આવકમાં વધારો થાય. સાથે જાવક વધશે. નવા આવકના સ્રોત ખુલ્લા જોવા મળશે. દેવામાંથી મુક્તિ મળતા જણાય. અગત્યની લોન પાસ થાય. મોટા માણસની વગથી ધનલાભ થાય. કોઈ ઈનામ દ્વારા પણ આવક મળે. સ્થાવર મિલકતમાં ભાડાની આવક વધશે. તમારા નાણાકીય પ્રશ્નો વર્ષ દરમિયાન હલ થતા જણાય.

સ્થાવર સંપત્તિ સુખ :– આ વર્ષે મકાનમાં ભાડે આપવાની વાત ચાલતી હોય તો કાયદાકીય રીતે આવક વધે તેવા પગલાં લઈ આપવું. નવા વાહન–મકાનની ખરીદીમાં ખોટા–લોભ–લાલચ કે છેતરામણીથી નાણાં ફસાઈ જાય તેમ છે. તમારા સ્થાવર મિલકતના પ્રશ્નો ગૂંચવાયેલા લાગશે. વારસાગત મિલકતમાં વણઉકેલ્યા પ્રશ્નો જ રહેશે. આ વર્ષે મકાનની – જમીન – ખેતીમાં તમારે નફો કરતા નુકસાન વધારે બતાવે છે.

પ્રવાસ :– તમારા માટે વિદેશગમનના યોગ છે. પણ જો જન્મના ગ્રહો જેલયોગ કે મહાદશા અશુભ ફળ આપનારી હશે તો ખોટા માર્ગેથી પ્રવાસ ન કરવો યોગ્ય રહે. આ વર્ષે પ્રવાસ જરૂરી હોય તો જ કરવો.

શત્રુવર્ગ – મિત્રવર્ગ :– સરકારી ચોપડે કુખ્યાત કે ગુનેગાર તરીકે નામ ચડે નહીં તેની સાવધાની રાખવી. જમીન–ખેતી કે સ્થાવર મિલકત અંગે કોર્ટ–કેસ થાય તો ઘરબાર છોડવાનો કે જેલયોગ પણ બતાવે છે. કોઈના વચ્ચે દખલ ના દેતા તમારા ઈમાનદારીના કાર્યો જ તમને શત્રુતામાંથી મુક્તિ આપી શકે તેમ છે.

મિત્ર વર્ગથી માપસરના સંબંધો રાખવા. વધુ પડતા નાણાકીય કે આંધળો વિશ્વાસ તમને ‘‘સૂડીના માચડે ચડાવી શકશે’’ મિત્રની પરખ રાખવી (કરવી) પછી વધુ સંબંધ બાંધવા યોગ્ય રહે.

અભ્યાસ :– ઉચ્ચ ડિગ્રી માટે મહેનતની સાથે માતા સરસ્વતીની ઉપાસના સફળતા અપાવશે.

બાર મહિના પ્રમાણે ફળઃ

(૧) કારતક : આ સમય વેપારમાં ઉન્નતિ થાય. વિદેશ યાત્રા થાય. અંગત આરોગ્ય બગડે.

(૨) માગશર : આ સમયે ધાર્યા કાર્યો પાર પડશે. ધન લાભકર્તા સમય રહે. વાણીથી લાભ થાય. પરિવારમાં માંગલિક કાર્યો થાય.

(૩) પોષ : આ સમય વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ રહે. વેપારમાં વધારો થાય. વેપાર માટે લોન પાસ થાય. નવા સાહસભર્યા કાર્યો થાય. સ્થાવર મિલકતમાં રાચરચીલાયુક્ત વસ્તુ વસાવો.

(૪) મહા : શેર–લોટરીથી લાભ થાય. સંતાનોની પ્રગતિ થાય. વિદ્યાર્થીવર્ગને અભ્યાસ અર્થે વિદેશ જવાની ઈચ્છા પૂરી થાય. આવક વધારા સાથે ખર્ચ પણ વધશે.

(૫) ફાગણ : પરિવારમાં જવાબદારી વધતી જાય. સહોદર સાથે વિવાદ સાથે તેના સંકટોમાં મદદરૂપ થશો. સાહસભર્યા કાર્યો થાય. નાની યાત્રા થાય.

(૬) ચૈત્ર : વિચારોમાં સ્થિરતા રાખવી. તમારા ધાર્યા પ્રમાણે કાર્ય થાય. નોકરીમાં ઉચ્ચપદ મળે. વેપારમાં હરીફો સામે વિજય થાય.

(૭) વૈશાખ : આ સમય સ્થાવર મિલકતમાં વધારો થાય. વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ સમય રહે. વેપારમાં ભાગીદારથી લાભ થાય.

(૮) જેઠ : આ સમય સંતાનોની પ્રગતિ થાય. આકસ્મિક ધનલાભ થાય. મિત્રવર્ગથી વિશ્વાસઘાત થાય. નાની ધાર્મિક યાત્રા થાય.


(૯) અષાઢ : આ સમય નોકરીમાં ઉચ્ચપદ મળે. તમારા દેવામાંથી મુક્તિ મળે. કોર્ટના કાર્યોમાં સફળતા મળે.

(૧૦) શ્રાવણ : આ સમય વેપારમાં ઉચ્ચપદ મળે. વિદેશથી અને વિદેશને લગતા વેપારથી લાભ થાય. ધન લાભકર્તા સમ રહે. વેપાર વૃદ્ધિ થાય.

(૧૧) ભાદરવો : આ સમય મિત્રવર્ગથી લાભ થાય અને અવરોધાયેલા અગત્યના કાર્યોની પતાવટ થાય.

(૧૨) આસો : અંગત આરોગ્ય સાચવવું. ચામડીના રોગ થાય. પેટના રોગ થાય. નાની યાત્રા થાય. વિવાહિત જીવનમાં વિખવાદ થાય.

આમ આ વર્ષે તમારા કાર્યોમાં વધારો થાય. વેપારમાં વૃદ્ધિ થાય. પરિવારમાં થોડા મનદુઃખ સાથે સહકાર તો જળવાશે જ. તમે ગુલાબ જેવી સ્થિતિ અનુભવો. કાંટા સાથે તમે સુવાસિત થઈ શકશો તેવો સમય રહેશે.



## ધન
### ભ, ધ, ફ, ઢ

આપની રાશિમાં સ્થિર ગ્રહો મુજબ શનિ ત્રીજા ભાવથી ચોથા ભાવે મીન રાશિમાં આવતા નામી અઢી વર્ષની પનોતી ચિંતા કરાવે તેમ બતાવે– રાહુ ત્રીજા ભાવે શુભ ફળદાતા બનશે. ગુરુ છઠ્ઠા ભાવથી સાતમા ભાવે શુભ ફળ આપનાર બનો.

માનસિક અને શારીરિક આરોગ્યઃ– માનસિક આરોગ્ય સારું રહે. શંકા– કુશંકા–કલ્પનાઓમાં વધુ પડતા વિચારોથી દૂર રહેવું તમારા મન ચંગા તો કથરોટમેં ગંગા આ પ્રમાણે દરેક કાર્યોમાં સંતોષ માનશો તો મનની શાંતિ જળવાશે. વિચારોમાં સ્થિરતા ના રહે. વાયુ– વિચારના રોગી ના બનો તે સાચવવું શારીરિક આરોગ્ય સારું રહે. અંગત રોગમાં વધારો ના થાય તે માટે વાયુ જન્ય ખાદ્ય પદાર્થમાં ચરી પાળવી, કાન– હાથના રોગ થાય. હૃદય– છાતીમાં વાયુ વિકારના રોગ થાય.

પારિવારિકઃ– પરિવારમાં ત્યાગની ભાવના રાખવાથી સહકાર ભર્યું વાતાવરણ જળવાય. દાંમ્પત્ય જીવનમાં જીદ, અમે, મારા, હું પણું છોડી દેશો તો સુખ– શાંતિ જળવાશે. વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ વર્ષે છે– સંતાન અંગેની ઈચ્છા પૂર્ણ થાય. સંતાનોની પ્રગતિ થાય.

નોકરીયાત વર્ગ– વેપારી વર્ગઃ– નોકરીયાત વર્ગને સમય શ્રેષ્ઠ રહે. વર્ષનના અંતે મતભેદ દૂર થાય, સહકર્મચારી સાથે સમાધાનની ભાવના રાખવી. નોકરીયાતવર્ગને હરીફોથી સાવધાની રાખવી. નવી નોકરી મેળવવાની શોધમાં હોય તો ઈચ્છાપૂર્તિ થાય.

વેપારી વર્ગને હોશિયારી અને ચતુરાઈથી વેપારમાં હાર આપવી એક કરામતી કરવી યોગ્ય રહે. ચાણક્યબુદ્ધિ જ અહીં કામ આવશે. વેપારમાં બેસ્ટમેન બની શકશો. નવા પરિવર્તન કે નિયમો સરકારી આવે તો ખૂબ જ સાવધાનીથી કાયદાનું પાલન કરવું યોગ્ય રહે.

આર્થિક સ્થિતિઃ– આ વર્ષે આવક વધશે. તમારા આર્થિક પ્રશ્નો હલ થાય. વર્ષના અંતે ધન સંચય તમે કરી શકશો. ‘‘કાચબાની ગતિ એ બચતની શરૂઆત. ટીપે ટીપે સરોવર ભરાશે.’’

સ્થાવર મિલકત પાછળ ખર્ચ થાય. પ્રવાસ પાછળ નિરર્થક ખર્ચા વધશે. સાહસવેપાર નાણાકીય સ્થિતિ જોઈને કરવા. શેર– સટ્ટાથી દૂર રહેવું.

સ્થાવર સંપત્તિ સુખઃ– અત્યાર સુધી તમારા સ્થાવર મિલકતના પ્રશ્નો વણ ઉકેલ્યા હતા તે ઉકેલાશે. નાણાકીય જોગવાઈથી વાહન મકાનના કાર્યો પુરા થતા જોવા મળે. મકાન અંગે લોન થાય. વેપાર માટે હમણા સ્થાવર મિલકત ખરીદવી મુલતવી રાખવી યોગ્ય રહે.

પ્રવાસઃ– આ સમય પ્રવાસ ન કરવો યોગ્ય રેહ. શરીરની કાર્યક્ષમતા સારી ન રહે. થાક અશક્તિ લાગે, માટે, જરૂરી હોય તો જ પ્રવાસ ગોઠવવો. જન્મસ્થળે– રહેઠાણ છોડી વિદેશમાં સ્થાયી થઈ શકશો.

મિત્રશત્રુ વર્ગઃ– મિત્ર વર્ગ સાથે સંબંધો સચવાય– નવા મિત્રો સારા મળે– મુલાકાતથી લાભ થાય.

મીઠાબોલા શત્રુ ઊભા થાય. સમાજમાં કોર્ટકચેરી કાર્યમાં મધ્યસ્થની મદદથી કાર્ય ઉકેલાય. જૂના કેસનો ઉકેલ થાય. નોકરી–વેપારમાં નવા કાયદાકીય ગૂંચમાં ફસાય ન જાય તેની તકેદારી રાખવી.

અભ્યાસઃ– અભ્યાસમાં સફળતા મળે. વિદ્યાર્થી વર્ગને ઉચ્ચ ડિગ્રી માટે વિદેશ જવાની ઈચ્છા પૂરી થાય.

બાર મહિના પ્રમાણે ફળ

(૧) કારતક– આ સમય આનંદમય પસાર થાય મોજ શોખ– મનોરંજન પાછળ ખર્ચ વધશે.

(૨) માગશર– વિદેશ યાત્રા માટે જવાના યોગ પ્રબળ બને છે. આર્થિક ભીડ રહ્યા કરે. વેપારમાં વૃદ્ધિ જોવા મળે.

(૩) પોષ– આ સમય પરિવારમાં વિવાદ બાદ શાંતિ થાય. જાહેર જીવનમાં કાર્યોમાં અવરોધ થાય. આવક જાવક સરખા રહે.

(૪) મહા– સહોદર સાથે વિવાદ દૂર થાય. ભાગ્ય સાથ આપે. સાહસ દ્વારા સિદ્ધિ મળે. આરોગ્ય બગડે.

(૫) ફાગણ– આવકમાં વધારો થાય. વિદેશથી ધનલાભ થાય. વેપારમાં ધનલાભ થાય. વાણી ઉપર સંયમ રાખવો.

(૬) ચૈત્ર– પરિવારના સ્નેહભર્યા સંબંધો જળવાય. આવક વધે વેપારમાં વધારો થાય. રાજકીય ક્ષેત્રે સફળતા મળે.

(૭) વૈશાખ– શૅર લોટરીમાં લાભ– થાય. સહોદર સાથે વિવાદ વધે. યાત્રા થાય. નોકરીમાં પ્રમોશન મળે અને બદલી થાય.

(૮) જેઠ– પરિવારમાં નાણાભીડ દૂર થાય નોકરીમાં યશ મળે. વિવાહિત જીવનમાં વિખવાદ થાય.

(૯)અષાઢ– સમાજમાં અપયશ ન મળે. તેની સાવધાની રાખવી. વેપારમાં ભાગીદાર સાથે વિવાદ થાય. દાંમ્પત્ય જીવનમાં ગેરસમજ દુર થતી જણાય.

(૧૦) શ્રાવણ– આ સમય સંતાનોની પ્રગતિ થાય. હરીફો સામે વિજય થાય. ભાગ્ય ઉન્નતિ થાય. સર્વ કાર્યોમાં પાસા પોબારા પડે.

(૧૧) ભાદરવો– આ સમય વારસાગત મિલકતમાં લાભ થાય. વાણીથી થતા વેપારમાં ધનલાભ થાય. આરોગ્ય અંગે કાળજી લેવી.

(૧૨) આસો– આ સમય તમારા શાંતિ, મનમાં જાણે નવી શક્તિનો સંચાર થયો હોય તેવો લાગે. વિદેશ યાત્રા થાય. વિદેશ વસવાટ માટે સારું મકાન થાય–મિત્ર વર્ગથી લાભ થાય.

આમ, આ વર્ષે ગ્રહોની ચાલ તમારી તરફેણમાં છે જે સમય તમારા ઈશારા ઉપર ચાલે છે તેમ કહેવાય. ઈશ્વરી ઈચ્છા અને તમારી મનોકામના એકાકાર થતી જણાય છે. યાદગાર સારું વર્ષ જાય.



## મકર
**ખ, જ**

આપની રાશિમાં સ્થિર ગ્રહો મુજબ શનિદેવ તા. ૨૯–૩–૨૦૨૫ના કુંભ રાશિમાંથી મીન રાશિમાં ત્રીજા ભાવે આવશે. શનિ મહારાજની સાડા સાતીની સાંકળમાંથી છુટા કરશે. તમને મુક્ત હવામાં શ્વાસ લેવાની જે મજા છે તેવો અનુભવ પનોતી પૂર્ણ થવાથી થશે. રાહુ ત્રીજા ભાવથી બીજા ભાવે આવશે અને ગુરુ ગ્રહ પાંચમાં ભાવથી છઠ્ઠા ભાવે પ્રવેશ કરશે. વર્ષ દરમિયાન શુભ સ્થિતિમાં આપ છો તેમ કહી શકાય.

માનસિક અને શારીરિક આરોગ્ય :– ‘‘મન હોય તો માળવે જવાય’’ તમારે મજબૂત રહેવું અને ધ્યેય પ્રાપ્ત કરવા ગમે તેમ અવરોધને પાર મનથી કરવા પડશે. તમારી મનની ઈચ્છા તો જ પૂર્ણ થશે. વિચારોને કાર્ય પ્રત્યે પ્રવૃત કરવા સતત મનને વાંચન–કાર્યમાં પરોવવું, ‘‘ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે’’ આ ઉક્તિને અનુસરવું. તમારે વધુ વાસ્તવિકતામાં વર્તમાનમાં જીવવા પ્રયત્ન કરવો. ભૂતકાળને વાગળવો નહીં. ભાવિની ભીતરમાં જાવું નહીં.

શારીરિક આરોગ્ય સારુ રહે. અંગત અવયવોનો દર્દને સહન કરવું પડશે. પેટને લગતા અવયવની બીમારી આવે. નાની બીમારી ન સમજવી. યોગ્ય સારવારથી ઉકેલ આવી જાય.

પારિવારિક :– પરિવારમાં ‘‘કમ ખાઓ અને ગમ ખાઓ’’ વાક્યને અનુસરવું. વાણીથી વિવાદ વધશે. વડીલોને મનદુઃખ થાય તેવા પ્રસંગો સર્જાય. દાંમ્પત્ય જીવનમાં વિખવાદ વધે નહીં તે જોઉં. સંતાનોની તબિયત સાચવવી. વયોવૃદ્ધને આરોગ્ય અંગે તકેદારી લેવી. સહોદર સાથે મીતભાષી બની રહેવું.

નોકરીયાત વર્ગ અને વેપારી વર્ગ :– નોકરીયાત વર્ગને આ વર્ષ બદલી થાય. નોકરીમાં સ્થાનફેર થાય અને સ્થળાંતર પણ થઈ શકે. મોટા પાયે અધિકારી હોય તો વધુ પ્રગતિ થાય. સમાજમાં પ્રતિષ્ઠા વધે તેવા કાર્યો થાય. સરકારી કર્મચારીને સમય સુખ–સાનુકૂળતા ભર્યો સમય રહે. ખાનગી નોકરીયાત વર્ગને જવાબદારી વધતી જાય અને સહકર્મચારી સાથે વિરોધ સહન કરવો પડે.

વેપારી વર્ગને સમય શ્રેષ્ઠ અને સાનુકૂળતાભર્યો રહે. નવો વેપાર મોટા પાયે શરૂ થાય. નાના વેપારીને સમય દુંદાળાદેવની કૃપા રહેશે. પોતાના ઉપર જ બુદ્ધિ–આયોજનથી વેપારમાં વિકાસ અને વૃદ્ધિ કરી શકશો તે અંગેની સવલતો પણ પ્રાપ્ત થશે.

આર્થિક સ્થિતિ :– આવકમાં વધારો વર્ષની શરૂઆતમાં જોઈ શકશો. તમારી બચતો પણ કરી શકશો. પણ કીડી ભેગુ કરે ને તેતર ખાય તેમ ન બને તે ધ્યાનમાં રાખી આવકનું રોકાણ કરવું. વિદેશથી ધનલાભ થાય. નીતિનું ફળ તમને ફળશે. જોઈતી લોન પાસ થાય. આકસ્મિક ખર્ચા બીમારી અને અણધાર્યા નુકસાન પાછળ વધશે. સંતાનોને વિદેશ મોકલવા અર્થે ખર્ચા થાય. અભ્યાસ પાછળ ખર્ચ જરૂર કરતા વધુ થાય.

સ્થાવર સંપત્તિ સુખ :– મિલકત તમારી નવા વાહનની ખરીદવાની ઈચ્છા પૂરી થાય. જૂના મકાનમાં રિનોવેશન થાય. પરંતુ મોટા મકાનમાં રહેવાની હજી રાહ જોવી પડશે. જમીનના ખરીદ વેચાણ માટે શુભ વર્ષ રહે. જૂની વારસાગત મિલકતનું વેચાણ થાય.

પ્રવાસ :– નોકરીયાત વર્ગને સ્થળાંતર થાય જે દરરોજ પ્રવાસ ખેડયા બરાબર લાગે. વિદેશ ફરવા જવાની ઈચ્છા પૂર્ણ થાય. વર્ષ દરમિયાન પ્રવાસ ઘણા જ થાય. ધાર્મિક યાત્રા ઘણી જ થાય.

મિત્રવર્ગ – શત્રુવર્ગ :– મિત્રવર્ગ સાકર જેવા લાગે. વધુ પડતી ગળી વસ્તુમાં જીવાત ઝડપી પડે માટે સબંધોમાં સ્વાદ પારખવાની સૂઝ રાખી મિત્રતા ઘનિષ્ટતા જાળવશો.

મીઠાબોલા શત્રુ ઊભા થાય. શત્રુ વર્ગથી ત્રાસદાયક સમય ઊભો થાય. નોકરીયાત વર્ગને ખોટા આક્ષેપોમાં સંડોવણી થાય. પરિવારમાં વાણી દ્વારા કટુ વચનથી સ્વયં પગ ઉપર કુહાડી મારી રહ્યા હોય તેમ લાગે. કોર્ટના કાર્યોમાં કુટનીતિ કરતા મધ્યસ્થીથી સમાધાન કરવું યોગ્ય રહેશે.

અભ્યાસ :– અભ્યાસમાં મહેનત કઠિન – વાંચન વધારવું. યોગ્ય આયોજન હશે તો ધાર્યું પરિણામ મેળવી શકશો.

બાર મહિના પ્રમાણે ફળ

(૧) કારતક :– આ સમય નાની યાત્રા થાય. નોકરીમાં બદલી થાય. બઢતી મળે. વેપારમાં વધારો થાય. સ્થાવર મિલકતમાં વધારો થાય.

(૨) માગશર :– શેર–લોટરીથી લાભ થાય. વેપારમાં વધારો થાય. નોકરીમાં ચકમક સહકર્મચારી સાથે થાય.

(૩) પોષ :– અંગત આરોગ્ય બગડે. જીવનસાથી સાથે મતભેદ થાય. જાહેર જીવનમાં અપયશ મળે.

(૪) મહા :– સહોદર સાથે સાથસહકાર મળે. નાની યાત્રા સફળ થાય. સંતાનોની પ્રગતિ થાય. મિત્રવર્ગથી વિશ્વાસઘાત થાય. નાણાભીડ દૂર થાય.

(૫) ફાગણ :– આ સમયે ઉચ્ચપદ કે પદવી મોટી મળે. શારીરિક આરોગ્યમાં મગજના તાવ કે નાની શસ્ત્રક્રિયા થાય. સ્થાવર મિલકતમાં વધારો થાય.

(૬) ચૈત્ર :– આ સમય વિવાહ યોગ્ય યુવાનો માટે શ્રેષ્ઠ સમય રહે. દામ્પત્ય જીવનમાં મધુરતા રહે. વેપારમાં વધારો થાય.

(૭) વૈશાખ :– આર્થિક સુખમાં વધારો થાય. નોકરીમાં બદલી થાય. સંતાનોની વ્યાધિ વધે.

(૮) જેઠ :– રોગ–શત્રુને જડમૂળથી દૂર કરવા તત્પર આળસ ખંખેરીને કરવી. વિદેશ જવાની ઈચ્છા પૂરી થાય.

(૯) અષાઢ :– આ સમય નાની યાત્રા પણ ન કરવી. ખોટા લોભ–લાલચમાં આવી વેપારમાં નુકસાન થાય. નોકરીમાં પ્રમોશન મળે.

(૧૦) શ્રાવણ :– આ સમય તમારા સ્થાનિક સ્થાવર મિલકતનો ઉકેલ આવશે. નવી મિલકત વેપાર અર્થે વસાવી શકશો. વારસાગત મિલકતનો ઉકેલ આવે.

(૧૧) ભાદરવો :– દામ્પત્ય જીવનમાં મધુરતા જળવાય. ભાગ્ય ઉન્નતિ થાય. વિદેશમાં નોકરીમાં પ્રગતિ થાય.

(૧૨) આસો :– મિત્રવર્ગથી લાભ થાય. નાની યાત્રા નાછુટકે કરવી. સંતાનોની વ્યાધિ વધે. ધાર્મિક કાર્યો કરનાર બનો.

આમ આ વર્ષે જીવન ઝેર જેવું કોઈ એક કાર્ય કે કારણ પાછળ બંધાયેલુ જણાશે. તમારે નક્કી કરવાનું છે કે આ સારી રીતે ધાર્મિક કે પારિવારિક બંધન સારું ફળ આવે.



## કુંભ
**ગ, સ, શ, ષ**

આપની રાશિમાં સ્થિર ગ્રહો મુજબ શનિદેવ સાડાસાતીના ત્રીજા તબક્કામાં આવે છે. જન્મરાશિથી બીજા ભાવે જે હજી કારણ વગર ચિંતા કરાવે. પનોતી એ પાંચને નોતરું વગર જોતું આપે છે. (૧) પૈસામાં પડતી (૨) બેકારી (૩) આબરૂ–કલંક (૪) આરોગ્ય (૫) મૃત્યુશૈયા જેમાં પાંચ નીતિ અને કર્મ અનુસાર ફળ આપે છે. રાહુ ગ્રહ બીજા ભાવથી વક્રી બની પ્રથમ દેહાધિભાવે સ્થિર થાય છે. ગુરુ ગ્રહ ચોથા ભાવથી પાંચમાં ભાવે આવતા શુભ ફળ આપે છે.

માનસિક અને શારીરિક આરોગ્યઃ– મનની શાંતિ હણાતી જાય. પોતાના અને પારકાની પરીક્ષામાં તમારા પોતાના અસલી સ્વભાવમાં તમે બદલતા જણાવ માટે તમારો મનથી પ્રફુલ્લિત અને આનંદિત જીવન ઈશ્વરીય દેણ છે. તેમ સમજી સમય પ્રમાણે મનને વાળી લેતા શીખવાથી મનની તત્પરતા શાંત થશે.

આ વર્ષ શારીરિક નાદુરસ્તી જણાય, પરંતુ તમારે યોગા–હળવી કસરત – ચાલવું વગેરે નિયમ રાખવા. ખાવા–પીવામાં નિયમિતતા રોગના મૂળને શરીરમાં ઘર નહિ બનાવી દે. આયામ–વ્યાયામ તમારા શરીરને કુદરતી જડીબુટ્ટી પણ અસાધ્ય રોગમાં મદદરૂપ બની શકશે.

પારિવારિકઃ– પરિવારમાં મીતભાષી અને ત્યાગના દેવ જેવી સ્થિતિ રહેશે તો જ સુખ–શાંતિ અને રાહત મેળવી શકશો. લાગણીભર્યા સંબંધો વાંધા પાડ્યા વગર ચૂપ રહેવાથી જળવાશે. સંતાનોની પ્રગતિ થાય. સંતાન અંગેની ઈચ્છા પૂર્ણ થાય. દામ્પત્ય જીવનમાં ખટરાગ ઊભો થાય. સમાધાની ભાવના રાખવાથી સુખ–શાંતિ જળવાશે.

નોકરિયાત વર્ગ અને વેપારી વર્ગઃ– નોકરીમાં વિદેશથી લાભ થાય. નોકરી અર્થે બહારગામ જવાનું થાય. નાની બદલી–પ્રમોશન–નાનું મળે. તમારી મહેનત હજી સેવાકાર્યમાં લગાવવી રહે. નવી નોકરીની શોધ હમણાં મુલતવી રાખવી યોગ્ય રહે. સરકારી કર્મચારીને કાર્યો ખોરંભે ચડે. અગત્યના કાગળો–દસ્તાવેજોની જવાબદારી વધે તો ખૂબ જ તકેદારી રાખવી. જો યોગ્ય હોય તો ચાવી–લોકર મુખ્ય અધિકારીને સોંપવા યોગ્ય રહે – જેથી ખોટા કાર્યમાં પદભ્રષ્ટ ના થવાય.

વેપારી વર્ગને વેપારમાં સમય મધ્યમ રહે. વિશ્વાસે વહાણ ચાલે તેમ ચલાવવું. વેપારમાં ભાગીદાર છોડવાનો સમય આવે એટલે વેપારમાં સંપૂર્ણ કાર્યબોજ વધતો જાય. હરીફો પણ વધે. વિરોધીઓનો સામનો કરતા પીછેહઠ ના થાય માટે સાવધાનીપૂર્વક કરવો.

આર્થિક સ્થિરતાઃ– આ વર્ષે પરિવારની જવાબદારીમાં અર્થપ્રાપ્તિની જવાબદારીમાં પણ વધારો થશે. વેપારમાં નાણાં ડુબવાનો યોગ છે. ભાગીદાર સાથે હિસાબમાં ચોખ્ખો વ્યવહાર રાખવો. લખાણ સાથે ભાગીદાર સાથે સંબંધ રાખવા. ધન પ્રાપ્તિ માટે સમય લોઢાના ચણા ચાવવા જેવો છે. ગ્રહો બળવાન ગોચરના મધ્યમ છે. લક્ષ્મીના મંત્ર–જાપ તમને ચમત્કારિક આવકમાં સ્રોત ખોલી શકશે. ચાલુ આવકમાં સંતોષ માનવો યોગ્ય રહે. કોઈને છેતરામણી કે લાલચભર્યા કાર્યો તમને દેવાદાર બનાવી શકે છે.

સ્થાવર સંપત્તિ સુખઃ– પોતાના ઘરના માલિક આ વર્ષે બની જશો. નવા મકાનમાં રહેવાની ઈચ્છા પૂર્ણ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય.

પ્રવાસઃ– આ સમય પ્રવાસ થાય. નાની ધાર્મિક યાત્રા થાય. નોકરી–વેપાર અર્થે પ્રવાસ થાય.

મિત્રવર્ગ અને શત્રુવર્ગઃ– મિત્રવર્ગથી લાભ થાય. નાણાંભીડ દૂર કરવામાં, વેપારમાં – પરિવારમાં અંગત કાર્યોમાં મિત્રોનો સાથ મળે.

મીઠાબોલા શત્રુ વધે. કોર્ટ–કાર્યમાં વ્યર્થ સમય બગડતા નહિ. તેના ઉકેલ આ વર્ષે જણાતો નથી. જૂના કેસનો ઉકેલ આવે તો સમાધાનથી જ આવે તેમ છે.

અભ્યાસઃ– અભ્યાસમાં વિદ્યાર્થી વર્ગને સારી સફળતા મળશે. મોટી ડિગ્રી મેળવવા માટે ખૂબ જ મહેનત માંગી લે તેમ છે.

બાર મહિના પ્રમાણે ફળ

(૧) કારતકઃ– મિત્ર વર્ગથી લાભ. વેપારમાં વધારો થાય. કોર્ટકચેરીમાં નુકસાન થાય. નોકરીમાં ખોટી જવાબદારી વધતી જાય.

(૨) માગશરઃ– આ સમય સ્થાવર મિલકત ખરીદી થાય. મોજશોખ પાછળ ખર્ચ વધશે. વેપારમાં વધારો થાય.

(૩) પોષઃ– આ સમયે આરોગ્ય કથળે. તાવ –થાક–અશક્તિ અનુભવો. મિત્રવર્ગથી લાભ.

(૪) મહાઃ– આ સમયે વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ સમય રહે. નાણાંભીડ દૂર થાય. મિત્ર વર્ગથી વિશ્વાસઘાત થાય.

(૫) ફાગણઃ– ભાગીદારથી વેપારમાં લાભ થાય અને ધન સુખમાં વધારો થાય. વિદેશ યોગ સારો રહે છે. વેપારમાં વધારો થાય.

(૬) ચૈત્રઃ– યાત્રા–પ્રવાસમાં અવરોધ આવે. સાહસ દ્વારા સફળતા મળે. પરિવારમાં માંગલિક કાર્યો થાય.

(૭) વૈશાખઃ– સ્થાવર મિલકતની ખરીદી માટે સમય શુભ બતાવે છે. વેપારમાં વધારો થાય.

(૮) જેઠઃ– આવક વધે સાથે ખર્ચા આકસ્મિક વધે. પ્રવાસ પાછળ ખર્ચ વધે. નોકરીમાં ખૂબ જ મુશ્કેલી ઊભી થાય. સમાધાનથી પ્રશ્ન ઉકેલવો યોગ્ય રહે.

(૯) અષાઢઃ– આ સમય આવક વધશે. સાથે નવાં વાહનની ખરીદી માટે સમય શુભ રહે. પ્રવાસ થાય. શેર–લોટરીથી લાભ થાય.

(૧૦) શ્રાવણઃ– આ સમય નવા સાહસ થાય. વિચારોમાં ઉતાવળા નિર્ણય નુકસાન થાય. સંતાનોની પ્રગતિ થાય. મિત્ર વર્ગથી લાભ થાય. દામ્પત્ય જીવન મધુરતા જળવાય.

(૧૧) ભાદરવોઃ– આ સમય વિવાહ યોગ્ય યુવાનો માટે સમય શુભ રહે. વારસાગત મિલકતથી લાભ થાય. આવક વધે.

(૧૨) આસોઃ– આવક વધતા સાથે ખર્ચા પણ વધે. વેપારમાં પરિવર્તન આવે. મિત્ર વર્ગથી ધનલાભ થાય. આરોગ્ય અંગે કાળજી લેવી.

આ વર્ષે તમારે તમારા વિશે જ ફક્ત વિચારવાનું છે ‘‘પહેલું સુખ જાતે નર્યા’’. આ પંક્તિને અનુસરવાથી આખું વર્ષ તમારા માટે ઉત્તમ રહેશે.



## મીન
**દ, ચ, ઝ, થ**

આપની રાશિમાં સ્થિર ગ્રહો મુજબ શનિ ગ્રહ દેહભૂવને પનોતીનો બીજો તબક્કો શરૂ કરશે જે ધન–શુભદાયી રહેશે. ગુરુ ગ્રહ રાશ્યાધિપતિ બીજા ભાવથી ત્રીજા ભાવે આવતા શુભફળ પ્રદાન કર્તા રહેશે. રાહુ ગ્રહ જાણે બંધનમાંથી મુક્ત થયાનો અનુભવ થાય તે પહેલા બીજી સાંકળ–ગૂંચમાં ભરાવી દેશે. દેહભૂવનેથી બારમા ભાવે રાહુ અશુભ ફળદાતા બનશે.

માનસિક સ્થિતિ અને શારીરિક આરોગ્યઃ– ‘‘મન એ માંકડ જેવું છે’’ સ્થિર નથી. તેમાં પણ વગર કારણ વિચારવાયુની અસર થાતી જોવા મળશે. જે મનને નિયંત્રણમાં રાખવું જરૂરી બનશે. મેડિટેશન તેની સારવાર ગણાશે. તમારે સંતોષ માની લાલચમાં મન લલચાવવું નહિ અને ‘‘ઈચ્છા એ દુઃખની મા છે’’ આ વાક્ય મુજબ વધુ પડતી ઈચ્છા ન રાખવી. વર્તમાનમાં જ સમયને આનંદમાં રાખવા પ્રયત્ન કરો.

દેહભૂવને શારીરિક આરોગ્ય અંગે કાળજી લેવી. શનિ–રાહુ જેવા વાયુ પ્રકૃતિના ગ્રહોની બેઠક વાયુ જન્ય રોગ આપે. યોગ હળવી કસરત તમારા મન–તનને સ્વસ્થ્ય રાખશે.

પારિવારિકઃ– આ સમય પરિવારમાં સુખ શાંતિ જણાય. સહોદર સાથે સંબંધો વર્ષના અંતે બગડે. વડીલોની તબિયત અંગે કાળજી લેવી. સંતાનોની પ્રગતિ થાય, દાંમ્પત્ય જીવનમાં ચકમક રહે. મોટી તકરાર નથી. શનિની દૃષ્ટિ લગ્ન જીવન ઉપર છે જે તમારે ત્યાગ–સમર્પણ–સેવા જેવા ગુણો અપનાવવાથી ખરાબ સમયને સારો બનાવી શકશો.

નોકરી–વેપારી વર્ગઃ– નોકરીમાં ચડતી–પડતી રહે. ઉપરી અધિકારી સાથે વિવાદ થાય. સહકર્મચારી સાથે કુટનીતિથી કે છુપા શત્રુ ઊભા થતા જોવા મળે. રાજની નોકરીમાં બરતરફ થવાનો સમય આવે. વેપાર માટે વર્ષ ૧૦૦% સારુ રહેશે. નવી સીડી વેપારમાં મળશે. નવા પરિવર્તનોમાં તમે મળીને ઉંચાઈ પર પહોંચી શકશો. તમારા મનથી મજબૂત મનસૂબા તમને વેપારમાં ઘણા જ આગળ લઈ શકે. નવા વેપારમાં સાહસ થાય.

આર્થિક સ્થિતિઃ– આવકમાં વધારો થાય. મિત્રવર્ગથી લાભ થાય. ધન, સુખમાં આવક વધશે. સમાજમાં મોટા વગ ધરાવનાર વ્યક્તિથી ધન લાભ થાય શૅર–લોટરીથી ધન લાભ થાય.

સ્થાવર સંપત્તિ સુખઃ– સ્થાવર મિલકતમાં ‘‘મૃગ જળ સમાન’’ થાય મિલકત દેખીતી તમારી જણાય, પણ હાથમાં કશુ જ ન આવે. દ્રવ્ય સંપત્તિમાં વધારો થાય. નવા વાહનની ખરીદી થાય. અજાણ્યા સાથે વેચવા કે ખરીદવાનો સાદો ન કરવો યોગ્ય રહે. સ્થાવર મિલકતના પ્રશ્નો સમાધાનથી ઉકેલી શકશો. અગાઉ નોંધાયેલ મકાન–વાહન હશે તો આ વર્ષે સુખનો સંતોષ માણી શકશો.

પ્રવાસઃ– વિદેશ યોગ – લાંબી યાત્રા – જેલયોગ એટલે કે બંધન જેમ કે કોઈ કાર્યમાં ગુંથાયેલા રહેવું. બીમારી એવી આવે કે તેની સારવાર માટે લાંબો સમય પસાર થાય. સંતાનની કેરીયર માટે સતત તેની સાથે જોડાયેલા રહેવું. વડીલોની કાળજી માટે વ્યસ્ત થઈ જાવ એવા અનેક રીતે બંધન એટલે કે જેલમાં હોય તેવો અનુભવ થાય. પ્રવાસ જરૂરી હોય તો જ કરવો નહિતર ઉપરોક્ત મુજબ યાતનારૂપ ફળ મળી શકે. ધાર્મિક યાત્રા વર્ષમાં એકાદ વખત થાય.

શત્રુવર્ગ–મિત્રવર્ગઃ– મિત્રવર્ગથી લાભ થાય. સંકટ સમયની સાંકળ જેવું કામ લાગશે. સારા–ખોટા મિત્રની પરખ થાય. સારા વર્ગના મિત્રોથી સમાજમાં નામના–યશ મળે તેવા કાર્યો થાય. વેપારમાં મિત્રની મદદથી અગત્યના કાર્યો થાય. છુપા શત્રુઓ આ વર્ષે બહાર આવશે. કોર્ટ કચેરીના કાર્યમાં નુકસાન થાય. માટે પીછેહઠ કરી સમાધાન અપનાવવું યોગ્ય ગણાય. ચાણક્યનીતિથી શત્રુ ઉપર વિજય મેળવશો. તમે લાભમાં રહો અને શત્રુને બીજા શિકસ્ત આપી જાય. સાવધાની રાખવી. શત્રુને આપણાથી ઓછો બુદ્ધિશાળી ન માનવો યોગ્ય રહે.

અભ્યાસઃ– અભ્યાસમાં સફળતા મેળવવા ખૂબજ મહેનત કરવી પડશે. ધોરણ–૧૦–૧૨ના વિદ્યાર્થી માટે આ સમય કસોટી રૂપી બની શકે તેમ છે. સંશોધન–ઉચ્ચ ડિગ્રી માટે અથાગ મહેનત માગી લે સમય.

બાર મહિના પ્રમાણે ફળઃ–

(૧) કારતકઃ– વેપારમાં વધારો. આવકમાં વાણી દ્વારા વધારો થાય. નાની યાત્રા થાય.

(૨) માગશરઃ– મિત્રવર્ગથી લાભ થાય સ્થાવર મિલકતની ખરીદી માટે સમય મધ્યમ રહે. સહોદરથી લાભ થાય.

(૩) પોષઃ– મિત્રવર્ગના જામીન–સાક્ષી ન થવું. કોર્ટના કાર્યોમાં સફળતા. શત્રુ વિજયી બનો.

(૪) મહાઃ– આ સમય મોજશોખ–મનોરંજન પાછળ સમય પસાર થાય. નોકરીમાં બદલી થાય. બઢતી મળે, કોર્ટ કચેરીમાં વિજય મળે.

(૫) ફાગણઃ– નોકરીમાં બધે જ તમારા કાર્યની કદર થાય મિત્ર વર્ગથી ધન લાભ થાય. મોટાં વાહનની ખરીદી થાય.

(૬) ચૈત્રઃ– આ સમય તમારી નોકરીમાં આવક વધે. કોર્ટ કાયદાકીય પાછળ, રોગ પાછળ નાણાં ખર્ચ થાય.

(૭) વૈશાખઃ– વિચારોથી કાર્યો સરળતાથી પૂરા થાય. નાની યાત્રા સફળ થાય. વેપારમાં વધારો થાય.

(૮) જેઠઃ– મિત્ર વર્ગથી લાભ થાય. વેપારમાં ધનલાભ થાય. નાણાંકીય કાર્યો સરળતાથી પૂરા થાય. સ્થાવર મિલકતની ખરીદી ન કરવી.

(૯) અષાઢઃ– આ સમય આવક વધવાની સાથે ખર્ચા પણ વધશે. સંતાનોની વ્યાધિ વધશે. પડવા–વાગવાથી સાચવવું.

(૧૦) શ્રાવણઃ– આ સમય આવક વધશે. નવી આવક ઊભી થાય. નોકરીમાં યશ મળે. રોગ દૂર થાય. શત્રુ વિજયી બનો. લાંબો પ્રવાસ.

(૧૧) ભાદરવોઃ– આ સમય તમારા સંતાનોની પ્રગતિ થાય. તમારા મિત્ર વર્ગથી લાભ થાય. મોજશોખ–મનોરંજન પાછળ સમય પસાર થાય. વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ સમય રહે.

(૧૨) આસોઃ– આ સમય આવક વધવાની સાથે ખર્ચા વધશે. પ્રવાસ થાય. સ્થાવર મિલકતથી લાભ થાય. મિત્રવર્ગથી લાભ થાય. વેપારમાં વધારો થાય.

આમ, આ વર્ષે આપના માટે મહેનત તમારી અને ફળ ઉપરવાળો (ઈશ્વર) આપે તેમ છે. માટે તમારે નક્કી કરવાનું કે સારા–ખોટા વિચારોમાં રહ્યા વગર જે સમય સાથ મળે તેમાં ભળી જઈએ તો લક્ષ્મીજી અવશ્ય આપણા ઘરે પધારશે. આમેય આ વર્ષે લક્ષ્મીજીનાં પગલાં તમારાં ઘરે અને તમારા ઉપર અમી નજર વર્ષભર રહેશે. ■

## નવા વર્ષે કેવું છે ભારતનું ભાવિ...

■ જ્યોતિષાચાર્ય આશિષ રાવલ

પંચાંગ અનુસાર કાર્તિક વિક્રમ સંવત ૨૦૮૧નો પ્રારંભ તા.૦૧-૧૧-૨૦૨૪ શુક્રવારે સાંજે ૦૬.૧૮ મિનિટે થયો...

આ સમયે સ્વાતિ નક્ષત્ર આયુષ્માન યોગ-તુલા રાશિનો ચંદ્ર - ‘અનલ’ સંવતસર અને વીર સંવત ૨૫૫૧નો પ્રારંભ શનિવારથી થશે. આ અનુસાર ભારત દેશના ભાવિની કેટલીક ઝલક .....

- મધ્ય ભારતે દુકાળ થાય તેમજ રાજ્યોમાં વર્ગવિગ્રહ વકરે...
- ઉત્તર ભારતમાં મબલક-અનરાધાર વરસાદ ખાબકે...
- આકસ્મિક કોઈ મોટા રાજકીય નેતાની હત્યાના સમાચાર હેડલાઇન બને...
- અમુક પક્ષમાં આંતરવિગ્રહ તેમજ વિરોધ પક્ષ સાથે ઘર્ષણ સતત વધે...
- તમામ ખાદ્ય ચીજવસ્તુઓ માઘી બને...
- મંદી -બેકારી- મોંઘવારીની સમસ્યાઓ સતત વધે...
- દુધાળાં પશુઓમાં રોગચાળો ફેલાય...
- દૂધની તમામ બનાવટોના ભાવ આસામને પહોંચે..
- અસહ્ય ગરમીનો પ્રકોપ વધે...
- શિક્ષણ સંશોધન કાર્યમાં આમૂલ પરિવર્તનો આવે...
- ન્યાયાલયોના ચુકાદાઓ ચોકાવનારા આવે...
- બાળ મરણો વધી શકે...
- વર્ષની શરૂઆતથી આયુર્વેદિક દવાઓનું વેચાણ વધે...
- ધાર્મિક પ્રવૃત્તિઓને વેગ મળે...
- પ્રાચીન દેવમંદિરોનાં જીર્ણોદ્ધાર થાય...
- વર્ષના મધ્યે મગ-નાળિયેર-ચંદન-અગરબત્તી સોંઘી થશે....
- રિ-ડેવલપમેન્ટની સ્કીમોના લાભાર્થીઓ વધે...
- શેરમાર્કેટમાં રોકાણકારો કૂદકે ભૂસકે વધે...

અને છેલ્લે...સોશિયલ મીડિયામાં અર્થહીન ચર્ચાઓ-અંધાધૂંધ અફવાઓ ફેલાય !

### હવે જાણીએ મહારાષ્ટ્ર રાજ્યનું ભાવિ કેવું છે.?

મહારાષ્ટ્ર રાજ્ય એ ભારતનું પ્રભુત્વ ધરાવતું રાજ્ય ગણાય છે...

- રાજ્ય ઉપર વૈશ્વિક અને સિંહ રાશિનો દબદબો રહ્યો છે. આ નવેમ્બરના ઉત્તરાર્ધમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે.સત્તાધારી પક્ષ-યુતિ માટે નિશ્ચિત રીતે આ વર્ષ કસોટીરૂપ સાબિત થાય.
- સત્તાપક્ષમાં જોખમ વધે... અંદરો-અંદર ખેંચતાણ વધે.
- સત્તાધારી પક્ષ માટે લોઢાના ચણા ચાવવા જેવા યોગ બની રહે...
- કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્યનાં વિકાસ કાર્યો આગળ વધે... વીજ સેવા નોંધનીય બને.
- પૂર્વ ભારતની સાથે મહારાષ્ટ્રમાં ઘૂસણખોરી તથા આતંકી ઉપદ્રવો વધે.ચોતરફ અરાજકતા ફેલાય...
- રાજ્યના મોટા માથાના નેતાઓનાં કૌભાંડ બહાર આવે...
- કુદરતી-અકુદરતી આફતોનો સામનો કરવો પડે.... મુશળધાર વરસાદ અને રાજ્યનાં ઘણાં સ્થળોએ જળપ્રલય સર્જાય... રોગચાળામાં અનેક જીવ હોમાય... દરિયાઈ તોફાનોથી તબાહી થાય...
- મુંબઈ શહેરમાં અનેકવિધ ક્ષેત્રોની સેલિબ્રિટી આપઘાત કરે...

આમ ગ્રહયોગોની ખરાબ અસરોથી આ વર્ષે પ્રજાનું રક્ષણ થાય એવી ગૌમાતા અને ગણેશજીને પ્રાર્થના.

## પ.પૂ. આનંદબાવાશ્રી જન્મ દિવસ વૃક્ષારોપણ કરી ઉજવશે



તા. ૪ નવેમ્બર, સોમવારના રોજ સવારે ૧૦ વાગ્યે નંદાલય હવેલી પાસે ડીવાઇડરમાં ૩૩ વૃક્ષોનું વૃક્ષારોપણ કરી ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી આનંદબાવાશ્રી પોતનો જન્મ દિવસ ઉજવશે. ભાવનગર ગ્રીન સીટીના દેવેનભાઇ શેઠ એ જણાવ્યું હતું કે મને આ વાતનો ખૂબજ આનંદ છે કે નવા વર્ષના વૃક્ષારોપણની શરૂઆત પ.પૂ. આનંદબાવાશ્રીના હસ્તે થશે અને તે પણ તેમના જન્મ દિવસના દિવસે જ થશે. વધુમાં દેવેનભાઇ એ જણાવ્યું હતું કે કોઇ મોટી વ્યક્તિ જ્યારે પોતાનો જન્મદિવસ વૃક્ષારોપણ કરીને ઉજવે છે તો તેનો સંદેશો સમગ્ર સમાજમાં જાય છે અને લોકોને પણ પોતાનો જન્મદિવસ વૃક્ષારોપણ કરી ઉજવવાની પ્રેરણા મળે છે. નવેમ્બર માસમાં પૂજ્ય સંતશ્રી મોરારીબાપુની કથાનું આયોજન ગુજરાતની સૌથી મોટી વૃક્ષારોપણ માટેની સંસ્થા રાજકોટની સદ્ભાવના ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે અને આ કથા વૃક્ષો અને વૃદ્ધો આ બે વિષય પર આધારિત છે. આથી અનેક લોકોને વૃક્ષારોપણ કરવાની પ્રેરણા મળશે. જેનો મને ખૂબજ આનંદ છે તેમ દેવેનભાઇ શેઠ એ જણાવ્યું હતું.

# કોહલી, રોહિત, અશ્વિન અને જાડેજા છેલ્લી વાર હોમ-ટેસ્ટમાં એકસાથે રમી રહ્યા છે?

(અજય મોતીવાલા)

મુંબઈઃ ઘણા વર્ષોથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મૅચોમાં વિરાટ કોહલી, રોહિત શર્મા, રવિચન્દ્રન અશ્વિન અને રવીન્દ્ર જાડેજા ખાસ કરીને હોમ-ગ્રાઉન્ડ પરની ટેસ્ટમાં ટીમ ઇન્ડિયાના ચાર આધારસ્તંભ રહ્યા છે. જોકે વાનખેડેમાં શુક્રવારે (સવારે ૯.૩૦ વાગ્યાથી) શરૂ થયેલી ન્યૂ ઝીલૅન્ડ સામેની છેલ્લી ટેસ્ટ આ ચાર પીઢ ખેલાડીની હોમ-ટેસ્ટમાં હાજરી બતાવતી કદાચ અંતિમ મૅચ બની શકે.

એક તો આ ચાર ખેલાડી ટેસ્ટના રિટાયરમેન્ટની નજીક પહોંચી રહ્યા છે અને બીજું, હવે ટેસ્ટ મૅચો ઓછી રમાય છે. એમાં પણ વર્ષ દરમ્યાન ઘરઆંગણે આંગળીને વેઢે ગણાય એટલી ટેસ્ટ રમાતી હોય છે.

શુક્રવારે ઘણા ક્રિકેટપ્રેમીઓ હોમ-ટેસ્ટમાં આ ચારેયને છેલ્લી વાર જોવા મળશે એવું જ કદાચ વિચારીને વાનખેડેમાં આવ્યા હશે.

કોહલી મંગળવારે ૩૬ વર્ષનો થશે. રોહિત ૩૭ વર્ષનો તેમ જ અશ્વિન ૩૮ વર્ષનો છે અને જાડેજા આવતા મહિને ૩૬ વર્ષ પૂરા કરશે.

આ ચારમાંથી ખાસ કરીને જાડેજા તથા અશ્વિન હજી પણ સારા ફૉર્મમાં છે. કોહલી અને રોહિત ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી રિટાયર થઈ ગયા છે અને હવે થોડા જ સમયમાં ટેસ્ટ-ક્રિકેટને પણ ગુડબાય કરશે એવી સંભાવના છે. કારણ એ છે કે ટેસ્ટમાં તેઓ એક પછી એક મૅચમાં ફ્લૉપ જઈ રહ્યા છે. ખાસ કરીને સ્પિનર્સ સામે કોહલી નિષ્ફળ જવા લાગ્યો છે.

ભારતમાં હવે પછીની હોમ ટેસ્ટ-શ્રેણી છેક ઑક્ટોબર, ૨૦૨૫માં રમાશે. એ શ્રેણીમાં આ ચારેય પીઢ પ્લેયરો ટેસ્ટની ઇલેવનમાં સ્થાન પામી શકશે કે કેમ એ અત્યારથી કહેવું મુશ્કેલ છે. ત્યાં સુધીમાં આ ચારમાંથી કોઈ ખેલાડીએ ટેસ્ટને કદાચ ગુડ-બાય કરી દીધી હશે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ભારતીય ટીમે (આ ચારેય વેટરન્સની હાજરીમાં) ઘરઆંગણે સતત ૧૮ ટેસ્ટ-સિરીઝ જીતવાનો ૧૨ વર્ષ જૂનો વિક્રમ તૂટતો જોયો છે.

૨૦૧૨માં ભારતનું હોમ-ગ્રાઉન્ડ પરનું એ સફળ અભિયાન શરૂ થયું ત્યારથી માંડીને અત્યાર સુધીમાં ભારતે પંચાવનમાંથી ૪૨ હોમ-ટેસ્ટ જીતી છે અને એમાં (અમુક મૅચોને બાદ કરતા) એકસાથે આ ચારેય ખેલાડીઓનો સારો દેખાવ રહ્યો છે. તેઓ ચારેય ભેગા મળીને બાવીસ હોમ-ટેસ્ટ રમ્યા છે જેમાંથી ૧૭ ટેસ્ટમાં ભારતે વિજય માણ્યો છે.




**ચાર પીઢ ખેલાડીની સાગમટે સફરઃ** રોહિત શર્મા, વિરાટ કોહલી, આર. અશ્વિન અને રવીન્દ્ર જાડેજામાંથી કોણ ભારતને વાનખેડેમાં જિતાડશે?




વાનખેડેની બહાર ગઈ કાલે વિરાટ-રોહિતના ટી-શર્ટ વેચી રહેલો કોલ્હાપુરનો મનીષકુમાર અને તેના સાથીઓ.

## પ્રેક્ષકોમાં જબરદસ્ત ઉત્સાહ, જાડેજાએ જલસો કરાવ્યો

વાનખેડે સ્ટેડિયમમાં ૩૨,૦૦૦ જેટલા પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે અને શુક્રવારે શરૂઆતમાં જ પોણા ભાગનું સ્ટેડિયમ ભરાઈ ગયું હતું. ભારત આ શ્રેણી હારી ચૂક્યું છે અને ગરમી પણ અસહ્ય છે. જોકે આ બે કારણ છતાં ક્રિકેટપ્રેમીઓએ દિવાળીની રજાનો સદુપયોગ વાનખેડેમાં મૅચ જોવા આવીને કર્યો. આ તમામ કારણો છતાં મોટી સંખ્યામાં પ્રેક્ષકો વાનખેડેમાં ઊમટ્યા હતા. બની શકે કે અનેક ક્રિકેટપ્રેમીઓએ વિરાટ કોહલી, રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ તેમ જ બીજા બૅટર્સની ફટકાબાજી માણવા મૅચની શરૂઆતમાં જ સ્ટેડિયમમાં આવી જવાનો પ્લાન કર્યો હશે, પરંતુ સવારે ૯.૦૦ વાગ્યે ટૉસ ઉછાળવામાં આવ્યો અને ન્યૂ ઝીલૅન્ડે ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હોવા છતાં સ્ટેડિયમમાં લોકોના પ્રવેશનો ધસારો અટક્યો નહોતો.

રવીન્દ્ર જાડેજાએ આ મૅચમાં જોરદાર જલસો કરાવ્યો હતો. તેણે બે વખત ઓવરમાં બે-બે વિકેટ લીધી હતી. તેણે કિવી ટીમની ૪૫મી ઓવરમાં વિલ યંગ (૭૧ રન) અને ટૉમ બ્લન્ડેલ (૦)ને આઉટ કર્યા બાદ ૬૧મી ઓવરમાં ઇશ સોઢી (૭) તથા મૅટ હેન્રી (૦)ની વિકેટ લીધી હતી. જાડેજાએ ૬૫ રનમાં કુલ પાંચ શિકાર કર્યા હતા. જાડેજાની આ કમાલને લીધે જ વાનખેડેમાં નીરસ વાતાવરણમાં ઊર્જાનો સંચાર થયો હતો અને લાંબા સમય સુધી શાંત બેઠેલા પ્રેક્ષકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળ્યો હતો.






વાનખેડેમાં પ્રેક્ષકોને વિનામૂલ્યે પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે (ઉપર). મૅચ દરમ્યાન સિરાજ ગરમીથી ત્રસ્ત હતો (ડાબે).

## ગરમીથી સૌ કોઈ તોબા...

મુંબઈમાં ગઈ કાલે ભરબપોરે ૩૨ ડિગ્રી આસપાસ તાપમાન હતું. જોકે ૩૯થી ૪૦ ડિગ્રી જેટલી ગરમી હોય એવું લાગતું હતું. ન્યૂ ઝીલૅન્ડના બૅટર્સ મુંબઈની ગરમીથી પરેશાન હતા. તેઓ લગભગ દરેક પાંચ-છ ઓવર બાદ નાનો ડ્રિન્ક્સ-ઇન્ટરવલ લેતા હતા. બેન્ગલૂરુ અને પુણેની ટેસ્ટ જીતી ચૂકેલા કિવી બૅટર્સ હવે મુંબઈમાં મૅરેથોન ઇનિંગ્સ રમવાના ઇરાદા સાથે આવ્યા હશે એટલે ડીહાઇડ્રેશનનો ભોગ ન થઈ જવાય એ હેતુથી વારંવાર પાણી કે એનર્જી ડ્રિન્ક લેતા જોવા મળ્યા હતા. બીજી તરફ, બાઉન્ડરી લાઇનની નજીક ઊભેલા ભારતીય ફીલ્ડર્સ પણ વારંવાર પાણી પી લેતા હતા.

## બુમરાહ વાયરલ બીમારીને કારણે નથી રમ્યો

આવતા મહિને ઑસ્ટ્રેલિયા જનારી ભારતીય ટીમ ફાસ્ટ બોલર્સમાં ખાસ કરીને જસપ્રીત બુમરાહ પર આધાર રાખશે એટલે એ પહેલાં બુમરાહે પૂરતો આરામ કરી લેવો પડશે અને ૧૦૦ ટકા ફિટ હાલતમાં ઑસ્ટ્રેલિયા જવું પડશે. ઉલ્લેખનીય છે કે મુંબઈમાં શુક્રવારે ન્યૂ ઝીલૅન્ડ સામે શરૂ થયેલી શ્રેણીની છેલ્લી ટેસ્ટમાં બુમરાહ વાયરલ બીમારીને કારણે નથી રમ્યો. તેના સ્થાને મોહમ્મદ સિરાજને સિરીઝમાં બીજી વાર રમવાનો મોકો મળ્યો છે. જોકે સિરાજને શુક્રવારે વિકેટ નહોતી મળી. ભારતે પ્લેઇંગ-ઇલેવનમાં ફક્ત આ ફેરફાર કર્યો હતો. બીજી તરફ, ન્યૂ ઝીલૅન્ડે પુણેની બીજી ટેસ્ટમાં કુલ ૧૩ વિકેટ લેનાર સ્પિનર મિચલ સૅન્ટનરના સ્થાને વાનખેડેની મૅચમાં લેગ સ્પિનર ઇશ સોઢીને રમાડવામાં આવ્યો છે. ટિમ સાઉધીના સ્થાને મૅટ હેન્રીને અગિયાર પ્લેયરની ટીમમાં સમાવવામાં આવ્યો છે. ■

# રોહિત-યશસ્વીની જોડીનો કીર્તિમાન, મુંબઈમાં ૪૯ વર્ષે રચાયો નવો ઈતિહાસ

મુંબઈઃ વાનખેડે સ્ટેડિયમમાં રવીન્દ્ર જાડેજાએ પાંચ વિકેટ અને વૉશિંગ્ટન સુંદરે ચાર વિકેટ લઈને ન્યૂ ઝીલૅન્ડને ત્રીજી ટેસ્ટના પ્રથમ દિવસે ૨૩૫ રન સુધી સીમિત રખાવવામાં મોટી ભૂમિકા ભજવી અને ત્યાર બાદ ઓપનર્સ રોહિત શર્મા તથા યશસ્વી જયસ્વાલની જોડી ફક્ત પચીસ રનની ભાગીદારી કરી શકી હતી, પરંતુ ભાગીદારી શરૂ થવાની સાથે રોહિત-યશસ્વીનું નામ ભારતીય ક્રિકેટમાં ખાસ કરીને મુંબઈ કનેક્શનમાં સામેલ થઈ ગયું હતું.



ગઈ કાલે વાનખેડેમાં ફીલ્ડિંગ દરમ્યાન રોહિત શર્મા. (પીટીઆઇ)

વાનખેડેમાં ટેસ્ટના દાવની શરૂઆત કરતી વખતે ઓપનિંગ જોડીના રૂપમાં મુંબઈના બે બૅટર મેદાન પર ઊતર્યા હોય એવું ૪૯ વર્ષે બન્યું. આ પહેલાં છેલ્લે ૧૯૭૫માં આવું જોવા મળ્યું હતું જેમાં સુનીલ ગાવસકર અને ફરોખ એન્જિનિયર વાનખેડેમાં ભારત વતી ઓપનિંગ જોડી તરીકે રમ્યા હતા. ત્યારે જાન્યુઆરી, ૧૯૭૫માં વાનખેડેમાં ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે ટેસ્ટ રમાઈ હતી. ત્યારે ટેસ્ટમાં એક રેસ્ટ-ડે પણ હતો. વેસ્ટ ઇન્ડિઝ એ મૅચ ૨૦૧ રનથી જીતવામાં સફળ રહી હતી.

વેસ્ટ ઇન્ડિઝે ત્યારે ક્લાઇવ લૉઇડના સુકાનમાં એ સિરીઝ ૩-૨થી જીતી લીધી હતી.

શુક્રવારે વાનખેડેમાં રોહિત ફક્ત ૧૮ રન અને યશસ્વી ૩૦ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. મુંબઈની ડોમેસ્ટિક ક્રિકેટમાં તેમનું મોટું યોગદાન રહ્યું છે. ■

# જાડેજા હવે બેદીની બરાબરીમાં, ઝહીર-ઇશાંતને પાછળ પાડી દીધા

મુંબઈઃ લેફ્ટ-આર્મ સ્પિનર રવીન્દ્ર જાડેજાએ શુક્રવારે વાનખેડે સ્ટેડિયમમાં પાંચ વિકેટની સિદ્ધિની બાબતમાં મહાન ભારતીય સ્પિનર બિશનસિંહ બેદીની બરાબરી કરી લીધી છે. બેદીની જેમ જાડેજાએ પણ ટેસ્ટના એક દાવમાં પાંચ કે વધુ વિકેટની સિદ્ધિ ૧૪મી વાર મેળવી છે.

જાડેજાએ એકસાથે બે ભારતીય બોલરને રેકૉર્ડ-બુકમાં પાછળ રાખી દીધા છે. ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેનારા ભારતીય બોલર્સમાં જાડેજા હવે ઝહીર ખાન અને ઇશાંત શર્માથી આગળ થઈ ગયો છે.

જાડેજાએ શુક્રવારે વાનખેડેમાં ૬૫ રનમાં પાંચ વિકેટ લીધી હતી. બેદીએ ૧૯૬૬થી ૧૯૭૯ દરમ્યાન ભારત વતી ટેસ્ટના એક દાવમાં પાંચ કે વધુ વિકેટની સિદ્ધિ ૧૪ વાર મેળવી હતી. ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી વધુ ૬૭ વાર દાવમાં પાંચ કે વધુ વિકેટ લેવાનો વિશ્વવિક્રમ મુથૈયા મુરલીધરનના નામે છે. તેણે ૬૭ વખત દાવમાં પાંચ કે વધુ શિકાર કર્યા હતા.





જાડેજા ગઈ કાલે પાંચ વિકેટના તરખાટ બદલ બેહદ આનંદમાં હતો. એક તબક્કે તેણે કોહલી સાથે અલગ સ્ટાઈલમાં વિકેટ સેલિબ્રેટ કરી હતી (ડાબે). વૉશિંગ્ટને ચાર વિકેટ લીધી હતી (જમણે). (પીટીઆઇ)

ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારા ભારતીયોમાં જાડેજાએ ઝહીર ખાન અને ઇશાંત શર્માને પાછળ મૂકી દીધા છે. ટેસ્ટમાં જાડેજાની ૩૧૪ વિકેટ થઈ છે. ઝહીર તથા ઇશાંતના નામે ૩૧૧ વિકેટ છે. ભારતીયોમાં સૌથી વધુ (૬૧૯ વિકેટ) સ્પિનર અનિલ કુંબલેએ લીધી છે.

ભારત વતી ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેનારાઓમાં જાડેજાથી હવે કુંબલે (૬૧૯) ઉપરાંત અશ્વિન (૫૩૩), કપિલ દેવ (૪૩૪) અને હરભજન સિંહ (૪૧૭) આગળ છે. ■

# પૉઈન્ટ ટેબલમાં દક્ષિણ આફ્રિકાની છલાંગ

## વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઈનલની સ્પર્ધા બની વધુ રસપ્રદ

દક્ષિણ આફ્રિકાઃ બાંગ્લાદેશ અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની બે ટેસ્ટની શ્રેણી ગુરુવારે પૂરી થઈ ગઈ. ટેસ્ટ મૅચનું પરિણામ ત્રીજા જ દિવસે આવી ગયું હતું. દક્ષિણ આફ્રિકાએ એક ઈનિંગ અને ૨૭૩ રનથી બાંગ્લાદેશને હરાવી શ્રેણી ૨-૦થી કબજે કરી લીધી હતી.

આ સાથે જ આઈસીસી વર્લ્ડ ટૅસ્ટ ચૅમ્પિયનશિપ ૨૦૨૫ના પૉઈન્ટ ટેબલમાં મોટું પરિવર્તન જોવા મળ્યું હતું. દક્ષિણ આફ્રિકાની ટીમે પૉઈન્ટ ટેબલમાં ટોચના ચારમાં સ્થાન મેળવી લીધું છે તો ન્યૂ ઝીલૅન્ડની ટીમ ગબડીને પાંચમા સ્થાને પહોંચી ગઈ છે.

એ જોતાં હવે દક્ષિણ આફ્રિકા, ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ ટૅસ્ટ ચૅમ્પિયનશિપની ફાઈનલમાં સ્થાન મેળવવા મુકાબલો થઈ રહ્યો છે.



રબાડાએ બાંગ્લાદેશ સામેની સિરીઝમાં મુખ્ય પુરસ્કાર મેળવ્યો.

જોકે શ્રીલંકા અને ન્યૂ ઝીલૅન્ડની ટીમ પણ સ્પર્ધામાં છે.

દક્ષિણ આફ્રિકાની ટીમે સતત બે વિજય મેળવી પૉઈન્ટ ટેબલમાં મોટી છલાંગ લગાવી છે. ચટગાંવમાં બીજી ટેસ્ટ જીત્યા બાદ દક્ષિણ આફ્રિકાની જીતની ટકાવારી ૫૪.૧૭ ટકા થઈ ગઈ છે. ન્યૂ ઝીલૅન્ડની જીતની ટકાવારી પચાસ ટકા હતી જેને કારણે તે ગબડીને પાંચમા સ્થાને પહોંચી ગઈ છે.

આ પરિસ્થિતિમાં દક્ષિણ આફ્રિકાની ટીમ ચોથા સ્થાને આવી ગઈ છે. બાંગ્લાદેશની જીતની ટકાવારી ઘટી છે, પરંતુ હજુ પણ તે આઠમા સ્થાન પર છે. જીતની ૬૨.૮૨ ટકાવારી સાથે પૉઈન્ટ ટેબલમાં ભારત હાલ ટોચના સ્થાને છે તો ૬૨.૫૦ ટકા સાથે ઑસ્ટ્રેલિયા બીજા સ્થાને છે અને શ્રીલંકા ત્રીજા સ્થાને છે. ૪૦.૭૯ ટકા સાથે ઈંગ્લૅન્ડ છઠ્ઠા, ૩૩.૩૩ ટકા સાથે પાકિસ્તાન સાતમા સ્થાને છે અને ૧૮.૫૨ ટકા સાથે વૅસ્ટ ઈંડીઝ સૌથી નીચલા એટલે કે નવમા સ્થાને છે. ■


# બેન સ્ટોક્સના ઘરમાં ચોરી, એકની ધરપકડ

લંડનઃ ઇંગ્લેન્ડની ક્રિકેટ ટીમે હાલમાં જ પાકિસ્તાનમાં ત્રણ ટેસ્ટ મેચની સિરીઝ રમી હતી, પાકિસ્તાનની ટીમે આ સિરીઝમાં ૨-૧થી જીત મેળવી હતી. એવામાં ઇંગ્લેન્ડની ટીમના કેપ્ટન બેન સ્ટોક્સે મોટો દાવો કર્યો છે. તેમણે બુધવારે જણાવ્યું કે જ્યારે તે પાકિસ્તાનના પ્રવાસ પર હતો, ત્યારે તેના ઘરમાં ચોરી થઇ હતી, આ સમયે તેમનો પરિવાર ઘરમાં હતો. માસ્ક પહેરેલી ગૅંગ તેમના ઘરમાં ઘુસી આવી હતી. તેમણે જણાવ્યું કે તેમના પરિવારને કોઈપણ પ્રકારનું શારીરિક નુકસાન થયું નથી. આ બનાવ સંબંધમાં પોલીસે એક શખસની ધરપકડ કરી હતી. ■

# રોનાલ્ડો પહેલી વાર પેનલ્ટી કિક ચૂક્યો, તેની સાઉદી ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ

રિયાધઃ પોર્ટુગલનો સુપરસ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો સાઉદી અરેબિયાની અલ નાસર ટીમ સાથે જોડાયો ત્યાર બાદ તેણે ૨૯મી ઑક્ટોબર સુધીમાં આ ટીમ વતી અગાઉની તમામ ૧૮ પેનલ્ટી કિકને ગોલમાં પરિવર્તિત કરીને એને સફળ બનાવી હતી, પરંતુ મંગળવારની મૅચમાં છેલ્લી ક્ષણે મળેલી પેનલ્ટીને ગોલમાં ફેરવવામાં તે નિષ્ફળ ગયો અને અલ નાસરની ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી.

કિંગ્સ કપમાં ૧૪,૫૧૯ પ્રેક્ષકોની હાજરીમાં રોનાલ્ડોને મુખ્ય મૅચ પછીના સ્ટોપેજ ટાઇમમાં સુપર-હીરો બનવાનો મોકો મળ્યો હતો. ટીમની અત્યંત પ્રેશરવાળી મૅચમાં



ગોલ કરીને અથવા સાથી ખેલાડીને ગોલ કરવામાં મદદ કરીને પોતાની ટીમને મુસીબતમાંથી ઉગારવા માટે રોનાલ્ડો જાણીતો છે. જોકે અલ-તાવૉન સામેની મૅચમાં તે પેનલ્ટીને ગોલમાં ન ફેરવી શક્યો અને અલ નાસર ટીમ આ ટૂર્નામેન્ટમાંથી ફેંકાઈ ગઈ હતી.

રોનાલ્ડોના તેમ જ અલ નાસર ટીમના અસંખ્ય પ્રેક્ષકો તેમ જ કરોડો ટીવી-દર્શકો માટે એ ક્ષણ યાદગારને બદલે આઘાતજનક બની હતી.

અલ-નાસર સામે અલ-તાવૉન ટીમનો ૦-૧થી વિજય થયો હતો. મૅચનો એકમાત્ર ગોલ અલ-તાવૉનના વલીદ અલ-અહમદે ૭૧મી મિનિટમાં હેડરથી કર્યો હતો.

હવે રોનાલ્ડો અને અલ નાસર ટીમને આ સીઝનમાં બાકીની બે ટ્રોફી જીતવાનો મોકો છે. સાઉદી પ્રો લીગમાં તેઓ સર્વોચ્ચ ટીમ અલ હિલાલથી છ પૉઇન્ટ દૂર છે. એશિયન ચૅમ્પિયન્સ લીગમાં ત્રણ મૅચ રમીને તેમણે સાત પૉઇન્ટ નોંધાવ્યા છે. ■

# વિકેટ લેવામાં નિષ્ફળ રહેવા છતાં અશ્વિને રચી દીધો ‘અનોખો રેકૉર્ડ’

મુંબઈઃ વાનખેડેમાં શુક્રવારે ન્યૂ ઝીલૅન્ડને ૬૫.૪ ઓવરમાં માત્ર ૨૩૫ રનમાં ઑલઆઉટ કરાવવામાં રવીન્દ્ર જાડેજા (૬૫ રનમાં પાંચ) અને વૉશિંગ્ટન સુંદર (૮૧ રનમાં ચાર)ના સૌથી મોટા યોગદાન હતા, જ્યારે ત્રીજો મુખ્ય સ્પિનર રવિચન્દ્રન અશ્વિન (૪૭ રનમાં વિકેટ નહીં) એક પણ વિકેટ નહોતો લઈ શક્યો. ન્યૂ ઝીલૅન્ડ સામે બોલર તરીકેની બાવીસ ઇનિંગ્સ રમનાર અશ્વિને આ નિષ્ફળતા વચ્ચે પણ એક વિક્રમ નોંધાવ્યો હતો.

અશ્વિન ન્યૂ ઝીલૅન્ડ સામેની જે ટેસ્ટમાં રમ્યો હોય અને એમાં કિવીઓ ઑલઆઉટ થયા હોય એવી ઇનિંગ્સમાં તે એક પણ વિકેટ ન લઈ શક્યો હોય એવું પહેલી જ વાર બન્યું છે.

અશ્વિને કિવીઓ સામે બાવીસ ઇનિંગ્સમાં ૭૨ વિકેટ લીધી છે અને તેની બોલિંગ-ઍનેલિસિસ ખૂબ જ સારી (૧૮.૪૩) છે.

અશ્વિને નવેમ્બર, ૨૦૧૧માં ટેસ્ટમાં ડેબ્યુ કર્યું હતું અને ઑગસ્ટ, ૨૦૧૨માં હૈદરાબાદમાં પહેલી વાર ન્યૂ ઝીલૅન્ડ સામે ટેસ્ટમાં રમ્યો હતો. એ મૅચમાં અશ્વિને ૩૧ રનમાં છ વિકેટ તેમ જ બીજા દાવમાં ૫૪ રનમાં છ વિકેટ લીધી હતી. મૅચમાં કુલ ૧૨ વિકેટ લેનાર અશ્વિનનું ભારતને એક દાવ તથા ૧૧૫ રનથી વિજય અપાવવામાં સૌથી મોટું યોગદાન હતું. ત્યાર બાદ અશ્વિને કિવીઓ સામેની તમામ ટેસ્ટ ઇનિંગ્સમાં વિકેટ લીધી હતી. ફક્ત બેન્ગલૂરુમાં ગયા મહિને મૅચના બીજા દાવમાં તેને માત્ર બે ઓવર બોલિંગ મળી હતી જેમાં છ રનમાં તેને વિકેટ નહોતી મળી. એ દાવમાં કિવીઓએ બે વિકેટે ૧૧૦ રન બનાવીને મૅચ જીતી લીધી હતી. ■


# ગૌતમની મુશ્કેલી બની ગંભીર, છેતરપિંડીના કેસમાં અદાલતનો નવેસરથી તપાસનો આદેશ

નવી દિલ્હીઃ ૨૦૧૧ની સાલમાં ગાઝિયાબાદમાં એક હાઉસિંગ પ્રોજેક્ટમાં ફ્લેટ ખરીદનારાઓ સાથે થયેલી કથિત છેતરપિંડીના કેસ સંબંધમાં ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર અને ટીમ ઇન્ડિયાના વર્તમાન હેડ-કોચ ગૌતમ ગંભીરને નિર્દોષ જાહેર કરતો જે ચુકાદો મેજિસ્ટ્રેટની અદાલત દ્વારા અપાયો હતો એને દિલ્હીની એક અદાલતના વિશેષ ન્યાયમૂર્તિએ કાઢી નાખ્યો છે અને ગંભીર સામેના આક્ષેપો સંબંધમાં વધુ તપાસ કરવાનો આદેશ આપ્યો છે.

સ્પેશિયલ જજ વિશાલ ગોગણેએ આ કેસ મેજિસ્ટ્રેટ કોર્ટમાં પાછો મોકલીને આદેશમાં જણાવ્યું છે કે ગૌતમ ગંભીર સામેના આક્ષેપો સંબંધમાં નવેસરથી તપાસ કરવાનો આદેશ આપો. એટલું જ નહીં, આ કેસ સાથે સંકળાયેલા તમામ આરોપીઓ સામેના આક્ષેપ તથા દરેક આરોપીની ભૂમિકા વિશે પુરાવા સાથે વિગતવાર જાણકારી આપો.

૨૦૧૧ની સાલમાં ઉત્તર પ્રદેશમાં ગાઝિયાબાદના ઇન્દિરાપુરમ વિસ્તારમાં રુદ્ર બિલ્ડવેલ રિયાલિટી પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીએ સેરા બેલા નામનો હાઉસિંગ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. એ પ્રકલ્પનું નામ ૨૦૧૩માં બદલીને પાવો રિયલ રાખવામાં આવ્યું હતું. ગૌતમ ગંભીર એ જોઈન્ટ વેન્ચરમાં બ્રેન્ડ એમ્બેસેડર તેમ જ વધારાનો ડિરેક્ટર હતો.

રોકાણકારોએ જાહેરાતોથી ભરમાઈને એ પ્રોજેક્ટમાં ફ્લેટ બુક કરવા રૂપિયા છ લાખથી ૧૬ લાખ રૂપિયા આપ્યા હતા. જોકે આ પ્રોજેક્ટમાં કોઈ જ વચનનો અમલ નહોતો કરાયો અને કંપનીએ લોકોના ફોન કોલ્સના જવાબ આપવાના પણ બંધ કર્યા હતા. ૨૦૧૯માં દિલ્હી પોલીસે કલમ ૪૦૬ તથા ૪૨૦ હેઠળ જે આરોપનામું નોંધાવ્યું હતું એમાં



ગૌતમ ગંભીર ઉપરાંત પ્રમોટર મુકેશ ખુરાના, ગૌતમ મેહરા તેમ જ બબીતા ખુરાનાને આરોપી બતાવ્યાં હતાં.

રાજ્ય સરકારના સત્તાધીશો તરફથી એ પ્રકલ્પને કોઈ મંજૂરી પણ નહોતી અપાઈ.

પ્રોજેક્ટ માટેની જમીનના કબજા પર ૨૦૦૩માં જ અદાલતે સ્ટે આપ્યો હતો.

૨૦૧૩માં ગંભીરે ડિરેક્ટરપદેથી રાજીનામું આપ્યું હતું. આ કેસના મુખ્ય આરોપીઓમાં મુખ્ય કંપની ઉપરાંત ગંભીર તેમ જ એચ. આર. ઇન્ફ્રાસિટી પ્રા. લિ. અને યુ. એમ. આર્કિટેક્ચર્સ એન્ડ કોન્ટ્રેક્ટર્સ લિ.ના નામ પણ આરોપીઓ તરીકે છે. જોકે અગાઉ મેજિસ્ટ્રેટની અદાલતે આરોપી તરીકેના આક્ષેપમાંથી ગંભીરને નિર્દોષ જાહેર કરીને તેનું નામ કાઢી નાખ્યું એ બાબતમાં સ્પેશ્યલ જજ ગોગણેએ નવા આદેશમાં જણાવ્યું છે કે ગંભીર સામેના આક્ષેપો વિશે જે ચુકાદો અપાયો એમાં સમજદારીનો અભાવ જણાય છે એટલે ગંભીરની આ કેસમાંની ભૂમિકાની નવેસરથી તપાસ થવી જોઈએ. ગંભીરને ભલે નિર્દોષ જાહેર કરાયા છે, પરંતુ ફ્લેટ ખરીદનાર રોકાણકારો સાથે એકમાત્ર ગંભીરનો બ્રેન્ડ એમ્બેસેડર તરીકે સીધો સંપર્ક હતો.

ગોગણેએ એવું પણ કહ્યું છે કે ગંભીરે રુદ્ર બિલ્ડવેલને છ કરોડ રૂપિયા આપેલા અને કંપની પાસેથી ૪.૮૫ કરોડ રૂપિયા પાછા મેળવેલા એનો ઉલ્લેખ મેજિસ્ટ્રેટ અદાલતના ચુકાદામાં થયો જ નહોતો. ગંભીરને પાછા મળેલા એ પૈસા સંબંધમાં કોઈ સાંઠગાંઠ હતી કે નહીં અથવા એ પૈસા રોકાણકારોએ પ્રોજેક્ટમાં રોકેલા પૈસામાંથી અપાયા હતા કે નહીં એ વિશે પણ કોઈ ખુલાસો નહોતો કરવામાં આવ્યો.

ન્યાયમૂર્તિ ગોગણેએ આદેશમાં જણાવ્યું છે કે આ ચીટિંગનો કેસ છે અને છેતરપિંડીથી ભેગા કરાયેલા ભંડોળમાંના કોઈ પૈસા ગંભીર સુધી પહોંચ્યા હતા કે નહીં એની સ્પષ્ટતા પણ આરોપનામામાં થવી જોઈતી હતી. ૨૦૧૧થી ૨૦૧૩ દરમ્યાન આ પ્રોજેક્ટની જાહેરાતો કરાઈ હતી ત્યારે ગંભીર ડિરેક્ટરપદે (હોદ્દેદાર તરીકે) હતા અને ૨૦૧૩માં ગંભીરે ડિરેક્ટરના હોદ્દેથી રાજીનામું આપ્યું ત્યાર બાદ તેમને કંપની તરફથી રીપેમેન્ટ થયું હતું. ■

# સંવત ૨૦૮૧ના મુહૂર્તના સોદામાં તેજીનો ટોન નિફ્ટી ૨૪,૩૦૦ની ઉપર, સેન્સેક્સમાં ૩૩૫ પોઈન્ટ્નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારતીય શેરબજારે પહેલી નવેમ્બરના રોજ મૂહૂર્તના સોદાની શરૂઆત તેજી સાથે કરી હતી. નિફ્ટી ૨૪,૩૦૦ના સ્તરે પહોંચ્યો છે જ્યારે સેન્સેક્સે ૩૩૫ પોઇન્ટની આગેકૂચ નોંધાવી છે. સેન્સેક્સ ૩૩૫.૦૬ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૭૯,૭૨૪.૧૨ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો છે અને નિફ્ટી ૯૪.૨૦ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૨૪,૨૯૯.૫૦ પોઇન્ટના સ્તર પર સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરોમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૩.૨૯ ટકા ઉછળીને ટોપ ગેઇનર બન્યો હતો. અન્ય ટોચના વધનારા શેરોમાં અદાણી પોર્ટ ૧.૨૬ ટકા, ટાટા મોટર્સ ૧.૧૭૪ ટકા, એક્સિસ બેન્ક ૦.૯૨ ટકા ઊછળ્યો હતો. નેસ્લે, એમટીપીસી, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, આઇટીસી, ટાઇટન, કોટક બેન્ક, ઇન્ફોસિસ અને ટીસીએસ પણ વધ્યા હતા. કુલ ટ્રેડેડ શેરોમાંથી લગભગ ૨૮૯૪ શેર વધ્યા હતા અને ૫૫૦ શેર ઘટ્યા હતા. એચસીએલ ટેકનોલોજી, ટેક મહિન્દ્રા અને આઇસીઆઇસીઆઇ બેન્ક ગબનારા શેરમાં હતાં. નિફ્ટીમાં ટોપ ગેઇનર શેરોની યાદીમાં એમએન્ડએમ, ઓએનજીસી, અદાણી પોર્ટ્સ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, ટાટા મોટર્સ, જ્યારે ખોટમાં ડો. રેડ્ડીઝ લેબ્સ, એચસીએલ ટેક, બ્રિટાનિયા, ટેક મહિન્દ્રા અને અદાણી એન્ટરપ્રાઈઝનો સમાવેશ હતો.

આ ઉપરાંત અદાણી પોર્ટ્સ, એનટીપીસી, એક્સિસ બેંક, ટાઇટન, ઇન્ડસઇન્ડ બેંક, ટાટા સ્ટીલ, એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ભારતી એરટેલ પણ આગળ વધ્યા હતા. ઓટો ઈન્ડેક્સ એક ટકા વધવા સાથે તમામ ક્ષેત્રીય ઇન્ડેક્સ ગ્રીન ઝોનમાં બંધ થયા હતા. મિડકેપ ઈન્ડેક્સ ૦.૭ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ એક ટકા વધ્યો હતો.

સેન્સેક્સ અને નિફ્ટીએ મુહૂર્ત ટ્રેડિંગ સત્રની શરૂઆત તેજીના ટોન સાથે કરી હતી અને તમામ ક્ષેત્રો ગ્રીન ઝોનમાં આગળ વધ્યા હતાં. કંપનીઓએ તેમના માસિક વેચાણના આંકડા જાહેર કર્યા હોવાથી ઓટો શેરોમાં ખરીદી જોવા મળી હતી. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લગભગ ત્રણ ટકા વધ્યો હતો, જ્યારે ટાટા મોટર્સમાં સારો ઉછાળો હતો. આ દરમિયાન મારુતિ સુઝુકીમાં પણ આગેકૂચ જોવા મળી હતી.

મુહૂર્ત ટ્રેડિંગે દિવાળીના અવસરે યોજાતું એક કલાકનું ખાસ ટ્રેડિંગ સત્ર છે, જે હિન્દુ કેલેન્ડર વર્ષ (સંવત ૨૦૮૧)ની શરૂઆત દર્શાવે છે. મુહૂર્ત ટ્રેડિંગ, ભારતીય શેરબજારોમાં લાંબા સમયથી ચાલતી પરંપરા, વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે તે દિવાળીના તહેવાર અને હિન્દુ નવા વર્ષની શરૂઆત સાથે એકરૂપ છે. સાંજે માત્ર એક કલાક માટે આયોજિત, આ સાંકેતિક ટ્રેડિંગ સેશન આગામી વર્ષ માટે રોકાણકારો અને સટોડિયાઓ માટે સમૃદ્ધિ અને સફળતા લાવશે તેવું માનવામાં આવે છે.



ગુરુવારે સમાપ્ત થયેલા સંવત વર્ષ ૨૦૮૦ દરમિયાન, બીએસઇ સેન્સેક્સ ૧૪,૪૮૪.૩૮ પોઈન્ટ્સ અથવા ૨૨.૩૧ ટકા ઊછળ્યો હતો, જ્યારે નિફ્ટી ૪,૭૮૦ પોઈન્ટ્સ અથવા ૨૪.૬૦ ટકા ઊછળ્યો હતો.

પ્રારંભિક વેપારમાં યુરોપિયન શેરો વધવાથી વૈશ્વિક બજારો મિશ્ર હતા. મોટાભાગના એશિયન બજારો નુકસાન સાથે બંધ થયા છે. જાપાનનો બેન્ચમાર્ક નિક્કી ૨૨૫ ૨.૬ ટકા, શાંઘાઈ કમ્પોઝિટ ૦.૨ ટકા અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ૦.૫ ટકા ઘટ્યો હતો. હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં ૦.૯ ટકાનો વધારો થયો છે.

સંવત ૨૦૮૦માં સેન્સેક્સ ૧૪,૪૮૪.૩૮ પોઇન્ટ અથવા તો ૨૨.૩૧ ટકા ઊછળ્યો હતો જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૪૭૮૦ પોઇન્ટ અથવા તો ૨૪.૬૦ ટકા ઊછળ્યો હતો. આ દરમિયાન બીએસઇ પર લિસ્ટેડ તમામ શેરોનું બજારમૂલ્ય રૂ. ૪,૪૪,૭૧,૪૨૯.૯૨ કરોડની સપાટીએ પહોંચ્યું હતું.

આ રીતે છેલ્લી દિવાળીથી રોકાણકારો ૧.૫ ટ્રિલિયનથી વધુ સમૃદ્ધ બન્યા હોવા સાથે સંવત ૨૦૮૦ને હવે સૌથી વધુ સંપત્તિ સર્જનાર વર્ષ તરીકે રેકોર્ડ બુકમાં સ્થાન મળ્યું છે. અલબત્ત વર્ષના અંતિમ મહિનામાં વિદેશી ફંડ્સ દ્વારા મજબૂત વેચાણ જોવા મળ્યું હતું, જને કારણે પ્રત્યેક અગ્રણી ઇન્ડેક્સમાં લગભગ છ ટકા જેટલો કડાકો નોંધાયો છે.

જોકે, ભારતીય કેલેન્ડરના ધોરણે રોકાણકારો લાભમાં રહ્યં છે. સંવત વર્ષ ૨૦૮૦ની શરૂઆત ૧૨ નવેમ્બરે થઇ હતી, ત્યારથી ગણતરી કરીએ તો ભારતમાં રોકાણકારોની સંપત્તિ રૂ. ૧૨૮ લાખ કરોડ (વર્તમાન વિનિમય દરે આશરે ૧.૫ ટ્રિલિયન) વધીને રૂ. ૪૫૩ લાખ કરોડ થઈ છે. આનાથી સંવત ૨૦૮૦નું વર્ષ શેરબજારના ઇતિહાસરનું સૌથી વધું સંપત્તિ સર્જનારૂ વર્ષ બન્યું છે.

## આઈપીઓ દ્વારા જે ફંડ મેળવાય તેના ૧૫થી ૫૦ ટકા રકમ ફી તરીકે વસૂલવામાં આવતી હોવાનો ઘટસ્ફોટ

નવી દિલ્હીઃ પ્રાઈમરી માર્કેટમાં જે પ્રકારે તેજીનો ઉન્માદ છવાયેલો છે તે જોતા તેમાં ગેરરીતિની આશંકા વિવિધ સ્તર પર સેવાઈ રહી છે. એક રિપોર્ટ અનુસાર સેબી છ સ્થાનિક ઈન્વેસ્ટમેન્ટ બેન્કસ સામે આ મુદ્દે તપાસ કરી રહી છે. આ ઈન્વેસ્ટમેન્ટ બેન્કસ નાની કંપનીઓને કોઈ ને કોઈ ઓફર દ્વારા આઈપીઓ લાવવા અને પરસ્પરના હિત સાધતા હોવાનું સૂત્રોએ કહ્યું હતું. સૂત્રોએ કહ્યું હતું કે સેબી દ્વારા આ તપાસ આ વર્ષની શરૂઆતમાં શરૂ થઈ હતી અને તપાસનું ફોકસ ઈન્વેસ્ટમેન્ટ બેન્કસ કંપનીઓ પાસેથી ફી કેટલી વસૂલે છે તેના પર છે. તપાસમાં એવું માલૂમ પડ્યું છે કે ૬ સ્મોલ ઈન્વેસ્ટમેન્ટ બેન્કસે કંપનીઓ પાસેથી આઈપીઓ દ્વારા જે ફંડ મેળવાય તેના ૧૫ ટકા રકમ ફી તરીકે વસૂલી છે. સામાન્ય રીતે ઈશ્યૂનું જે કદ હોય તેના ૧-૩ ટકા જ ફી લેવાતી હોય છે. કેટલાક કિસ્સામાં તો ૫૦ ટકા સુધીની રકમની માગણી પણ થઈ છે. સેબીના પ્રાથમિક તારણ અનુસાર ઈન્વેસ્ટમેન્ટ બેન્કસ કંપનીઓને આઈપીઓ અનેકગણો છલકાવવાની ખાતરી આપીને તેમની પાસેથી બદલામાં વધારે રકમ વસૂલી રહી છે. ઈશ્યૂ ભરતી વખતે તે કેટલાક રોકાણકારો સાથે સાંઠગાંઠ કરીને નિયમો તોડીને જંગી બિડ કરાવે છે. એચએનઆઈ અને ઓર્ડિનરી રિટેલ ઈન્વેસ્ટર્સ કેટેગરી બન્નેમાં તે જંગી બિડ કરાવે છે તેમ સૂત્રોએ કહ્યું હતું. આ પૈકી ઘણી બધી બિડ સાચી નથી અને એલોટમેન્ટ વખતે તે રદ કરી દેવાય છે, પરંતુ ઈશ્યૂ અનેકગણો ભરાઈ ગયો તેવો પ્રચાર થવાથી અન્ય રોકાણકારો ઈશ્યૂ ભરવા આકર્ષાય છે. ભારતમાં ૬૦ ઈન્વેસ્ટમેન્ટ બેન્કસ છે જે નાની કંપનીઓ માટે સક્રિય રીતે એસએમઈ આઈપીઓ પર કામ કરે છે. ગત નાણાકીય વર્ષમાં ૨૦૫ નાની કંપનીઓએ એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ કરાવીને ૬૦૦૦ કરોડ જેવી રકમ ઊભી કરી હતી, જે અગાઉના વર્ષમાં ૧૨૫ કંપનીઓ દ્વારા મેળવાયેલા ૨૨૦૦ કરોડ કરતાં ઘણી વધારે હતી. ચાલુ વર્ષે એપ્રિલથી ઓગસ્ટના ગાળામાં ૧૦૫ કંપનીઓએ આ રૂટથી ૩૫૦૦ કરોડ ઊભા કરી લીધા છે.

સેબીના સીનિયર અધિકારી અશ્વની ભાટિયાએ આ મહિને જ કહ્યુ હતું કે નાની અને મધ્યમ કદની કંપનીઓ માટે આઈપીઓ અંગે વધુ ચકાસણીનો અભાવ છે. ટૂંક સમયમાં આ અંગે નિયમો આકરા બનાવાશે. ગત જુલાઈમાં સેબીએ લિસ્ટિંગના દિવસની નરમતથ પર અંકુશ માટે લિસ્ટિંગના દિવસે શેરમાં મહત્તમ ૯૦ ટકા વધારાની મર્યાદા નક્કી કરી દીધી હતી. સેબીએ ઓડિટર્સ અને એક્સચેન્જને પણ સતર્ક રહેવા તાકીદ કરી છે અને જે કંપનીઓના ડોક્યૂમેન્ટ્સમાં માહિતીથી સંતોષ ન હોય તો તેનું લિસ્ટિંગ અટકાવવા કહ્યું

## દિવાળીના તહેવારોમાં સોનાની માગમાં વધારો, અપેક્ષાનુસાર વૉલ્યુમ ઓછું

### આભૂષણોની તુલનામાં સોનાના સિક્કા અને લગડીના વેચાણમાં વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધનતેરસ અને દિવાળીના તહેવારોમાં દેશભરમાં સોનાની માગમાં સળવળાટ જોવા મળ્યો છે, પરંતુ આ વર્ષે સોના-ચાંદીના ભાવ ઊંચી વિક્રમ સપાટીએ રહ્યા હોવાથી ખરીદીની માત્રા અથવા તો વૉલ્યુમમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું બજાર વર્તુળોએ જણાવ્યું છે.

તહેવારોની મોસમમાં રિટેલ ખરીદીમાં નિશંકપણે વધારો જોવા મળ્યો છે, પરંતુ ભાવસપાટી ઊંચી હોવાથી મોટાભાગની ખરીદી શુકનપુરતી રહી હોવાનું હૈદરાબાદ સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે ભારતમાં આ વર્ષે દિવાળીના ટાંકણે સોનાના ભાવ ગત સાલના સમાનગાળાની સરખામણીમાં ૩૩ ટકા જેટલા વધીને ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૯,૦૦૦ની સપાટીની ઉપર પ્રવર્તી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આજે દિવાળીની જાહેર રજાને કારણે ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન સત્તાવાર ધોરણે બંધ રહ્યું હોવાથી ભાવની જાહેરાત કરવામાં નથી આવી, પરંતુ ગઈકાલે સત્રના અંતે હાજરમાં વેરા રહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૯,૨૩૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૯,૫૫૭ના મથાળે અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.



૯૬,૬૭૦ના મથાળે રહ્યા હતા.

નવી દિલ્હી સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું કે આ વર્ષે ઊંચા ભાવને કારણે ગ્રાહકો મેકિંગ ચાર્જનો ખર્ચ પણ ચુકવવા ન માગતા હોવાથી જ્વેલરીને બદલે સિક્કાઓ અને લગડી અર્થાત્ બારના વેચાણમાં વધારો જોવા મળ્યો છે. એકંદરે આ સપ્તાહમાં ધનતેરસ અને દિવાળી જેવાં તહેવાર હોવાથી અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા સપ્તાહના આરંભે જ્વેલરી ઉત્પાદકોની પણ માગ સારી રહેતાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ એક ડૉલર પ્રીમિયમમાં ઑફર કરી રહ્યા હતા, પરંતુ સપ્તાહના અંત આસપાસ ડીલરો ઔંસદીઠ ચાર ડૉલર ડિસ્કાઉન્ટમાં ભાવ ઑફર કરી રહ્યાના અહેવાલ હતા.

આ વર્ષે તહેવારોમાં વૉલ્યુમની દૃષ્ટિએ વેચાણ ગત સાલની સરખામણીમાં ઓછું છે, પરંતુ ભાવ સર્વોચ્ચ સપાટી આસપાસ પ્રવર્તી રહ્યા હોવાથી મૂલ્યની દૃષ્ટિએ વેચાણમાં વધારો જોવા મળશે, એમ મુંબઈ સ્થિત એક બુલિયન ડીલરે જણાવ્યું હતું. ભારત સિવાય એશિયાના ઘણાં દેશોમાં દિવાળીના પર્વની ઉજવણી થતી હોય છે.

સિંગાપોર સ્થિત ગોલ્ડસિલ્વર સેન્ટ્રલના મૅનેજિંગ ડિરેક્ટર બ્રિઆન લાને જણાવ્યું હતું કે ઘણાં લાંબા સમયગાળા પછી સપ્તાહ દરમિયાન ધનતેરસ અને દિવાળીના તહેવારોની માગ જોવા મળી છે અને સિંગાપોરમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૮૦ સેન્ટના ડિસ્કાઉન્ટથી ૨.૨૦ ડૉલરના પ્રીમિયમમાં ક્વૉટ થઈ રહ્યા છે.

અમેરિકાના રોજગારીના અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૨૭૫૪ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ૨૭૬૫.૨૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત ગુરુવારે ન્યૂ યોર્ક ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૭૯૦.૧૫ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ઑક્ટોબર મહિનામાં સોનાના વૈશ્વિક ભાવમાં ચાર ટકાનો વધારો થયો છે. હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

હાલમાં રોકાણકારોએ સોનામાં ઘટ્યા મથાળેથી ખરીદી કરવાનો વ્યૂહ અપનાવ્યો હોય તેમ જણાય છે અને આ વ્યૂહ અમેરિકાની પ્રમુખપદની ચૂંટણી સુધી જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતા વિશ્લેષક એડવર્ડ મેઈરે જણાવ્યું હતું. જોકે, અમેરિકામાં રોજગાર વૃદ્ધિ મંદ પડી હોવાથી આગામી ૬-૭ નવેમ્બરની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરે તેવી શક્યતા પ્રબળ થતાં સોનામાં સુધારો આગળ ધપ્યો હતો.

## પહેલા છ માસિકગાળામાં આયર્ન ઑર, મેંગેનિઝ ઑર અને પ્રાઈમરી એલ્યુમિનિયમના ઉત્પાદનમાં વધારો

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષના પહેલા છ માસિકગાળામાં દેશમાં આયર્ન ઑર, મેંગેનિઝ ઑર અને પ્રાઈમરી એલ્યુમિનિયમના ઉત્પાદનમાં વધારો થયો હોવાનું એક સરકારી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન દેશમાં આયર્ન ઑરનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૧૨.૮ કરોડ ટન સામે ૫.૫ ટકા વધીને ૧૩.૫ કરોડ ટન અને મેંગેનિઝ ઑરનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૧૬ લાખ ટન સામે ૬.૨ ટકા વધીને ૧૭ લાખ ટનની સપાટીએ રહ્યું હોવાનું ખનન મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું છે.

મંત્રાલયની યાદી અનુસાર નોન ફેરસ મેટલ ક્ષેત્રમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં પ્રાઈમરી એલ્યુમિનિયમનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૨૦.૬૬ લાખ ટન સામે ૧.૨ ટકા વધીને ૨૦.૯૦ લાખ ટનની સપાટીએ રહ્યું હતું. આ સિવાય રિફાઈન્ડ કોપરનું ઉત્પાદન ૪.૬ ટકા વધીને ૨.૫૦ લાખ ટન (૨.૩૯ લાખ ટન) રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે દેશમાં ખનીજના કુલ ઉત્પાદનમાં આયર્ન ઑરનો હિસ્સો ૭૦ ટકા જેટલો બહોળો હોય છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાં ૨૭.૪ કરોડ ટન આયર્ન ઑરનું ઉત્પાદન થયું હતું.

વર્તમાન નાણાકીય વર્ષમાં પણ આયર્ન ઑરની ઉત્પાદન વૃદ્ધિ જળવાઈ રહેલી વૃદ્ધિ સ્ટીલ જેવાં ક્ષેત્રોની મજબૂત માગનો નિર્દેશ આપે છે. તેમ જ કોપર અને એલ્યુમિનિયમમાં ઉત્પાદન વૃદ્ધિ એનર્જી, માળખાકીય ક્ષેત્ર, બાંધકામ, ઑટોમેટિવ અને મશીનરી ઉદ્યોગની માગને ટેકે આર્થિક વૃદ્ધિના સંકેત આપી રહ્યા હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે એલ્યુમિનિયમના વૈશ્વિક ઉત્પાદનમાં બીજો ક્રમાંક અને આયર્ન ઑરના ઉત્પાદનમાં ચોથો ક્રમાંક ધરાવે છે, જ્યારે રિફાઈન્ડ કોપરના ઉત્પાદનમાં ટોચના દસ દેશોમાં સ્થાન ધરાવે છે.

## વર્ષ ૨૦૨૨માં આબોહવા પરિવર્તન માટેનું વૈશ્વિક રોકાણ ૧.૫ ટ્રિલિયન

નવી દિલ્હીઃ આબોહવામાં થઈ રહેલા પરિવર્તનોનો સામનો કરવા માટે વર્ષ ૨૦૧૮થી ૨૦૨૨ દરમિયાન રોકાણ બમણું થઈને ૧.૫ ટ્રિલિયનની સપાટીએ રહ્યું છે, પરંતુ વર્ષ ૨૦૩૦ સુધીમાં ગ્લોબલ વાર્મિંગને ૧.૫ ડિગ્રી સુધી મર્યાદિત રાખવા માટે રોકાણમાં પાંચ ગણો વધારો થવો જરૂરી હોવાનું એક નવાં અભ્યાસમાં જણાવ્યું છે.

ગ્લોબલ થિન્ક ટૅન્ક ક્લાઈમેટ પૉલિસી ઈનિશિયેટીવ (સીપીઆઈ) દ્વારા તૈયાર કરવામાં આવેલા નગ્લોબલ લેન્ડસ્કેપ ઑફ ક્લાઈમેટ ફાઈનાન્સ ૨૦૨૪ઃ ઈનસાઈટ્સ ફોર સીઓપી ૨૯થઅહેવાલમાં જણાવ્યું હતું કે હાલમાં આબોહવા પરિવર્તન માટેનું ફાઈનાન્સ વૈશ્વિક જીડીપીના એક ટકાના સ્તરે છે, જે આવશ્યકતા કરતાં ઘણું ઓછું છે. આબોહવા સામેના લક્ષ્યાંક હાંસલ કરવા માટે ઊભરતી બજારો અને વિકસિત અર્થતંત્રોને જીડીપીના ૬.૫ ટકાની આવશ્યકતા છે. સીપીઆઈનાં ગ્લોબલ મેનેજિંગ ડિરેક્ટર બાર્બરા બુચનરે જણાવ્યું હતું કે હાલમાં વૈશ્વિક આબોહવા ફાઈનાન્સે અમુક અંશે પ્રગતિ કરી છે, ત્યારે ભંડોળના વિશાળ તફાવતને દૂર કરવા વધુ મહત્ત્વાકાંક્ષી, સંકલિત અને અસરકારક અભિગમ જરૂરી છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે સીપીઆઈ ગ્લોબલ લેન્ડસ્કેપના અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક, આંતરરાષ્ટ્રીય અને તમામ ક્ષેત્રોમાં આબોહવા પરિવર્તન માટેના રોકાણમાં વધારો કરવો પડશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. સીઓપી૨૯ એ ફાઈનાન્સ માટે સ્પષ્ટ, સહયોગી પ્રતિબદ્ધતાઓ સ્થાપિત કરવાની તક છે અને ટકાઉ ભવિષ્ય માટે પરિવર્તન જરૂરી છે.

વાર્ષિક ધોરણે ક્લાઈમેટ ફાઈનાન્સનો પ્રવાહ જે વર્ષ ૨૦૧૮માં ૬૭૪ બિલિયન ડૉલરનો હતો તે વર્ષ ૨૦૨૨માં વધીને ૧૪૫૯ ડૉલરનો થયો છે. જોકે, વર્ષ ૨૦૩૦ સુધીમાં વાર્મિંગની મર્યાદા ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી સીમિત રાખવા માટેના ૭.૪ ટ્રિલિયન ડૉલર સુધીના લક્ષ્યાંક સુધી પહોંચવા માટે તેમાં પાંચ ગણો વધારો કરવો જરૂરી હોવાનું અહેવાલમાં ઉમેર્યું છે.

## એટીએફના ભાવમાં ત્રણ ટકાનો વધારો, વેપારી ધોરણે વપરાતા એલપીજીના ભાવમાં ₹ ૬૨નો વધારો

નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય સ્તરનાં તેલના ભાવને ધ્યાનમાં લેતા આજે સરકારે જેટ ફ્યુઅલ અથવા તો એર ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)નાં ભાવમાં ૩.૩ ટકાનો વધારો કર્યો છે, જ્યારે હૉટેલ અને રૅસ્ટૉરન્ટમાં વેપારી ધોરણે વપરાતા એલપીજીના પ્રતિ ૧૯ કિલોગ્રામના સિલિન્ડરના ભાવમાં રૂ. ૬૨નો વધારો કર્યો છે. જાહેર ક્ષેત્રના ફ્યુઅલ રિટેલરોના જણાવ્યાનુસાર દેશની રાજધાનીમાં એર ટર્બાન ફ્યુઅલના ભાવ કિલોલિટરદીઠ રૂ. ૨૯૪૧.૫ અથવા ૩.૩ ટકા વધારીને રૂ. ૯૦,૫૩૪.૭૨ નિર્ધારિત કર્યા છે. નોંધનીય બાબત એ છે કે સતત બે વખત ભાવમાં ઘટાડો થયા બાદ આ વર્ષની નીચી સપાટીએથી ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ પહેલી ઑક્ટોબરના રોજ એટીએફના ભાવ ૬.૩ ટકા (કિલોલિટરદીઠ રૂ. ૫૮૮૩) અને પહેલી સપ્ટેમ્બરે ૪.૫૮ ટકા (કિલોલિટરદીઠ રૂ. ૪૪૯૫.૫)નો કાપ મૂકવામાં આવ્યો હતો.

તે જ પ્રમાણે મુંબઈમાં આજથી એટીએફના ભાવ વધીને કિલોલિટરદીઠ રૂ. ૮૪,૬૪૨.૯૧ (૮૧,૮૬૬.૧૩) નિર્ધારિત કરવામાં આવ્યા છે.

વધુમાં તેલ કંપનીઓએ વેપારી ધોરણે વપરાતા એલપીજીના ભાવ ૧૯ કિલોગ્રામના સિલિન્ડરદીઠ રૂ. ૬૨ વધારીને રૂ. ૧૮૦૨ કર્યા છે. નોંધનીય બાબત એ છે કે વેપારી ધોરણે વપરાતા એલપીજીના સિલિન્ડરના ભાવમાં સતત ચોથા મહિનામાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ પહેલી ઑક્ટોબરનાં રોજ ભાવ રૂ. ૪૮.૫૦ વધારીને રૂ. ૧૭૪૦ કરવામાં આવ્યા હતા. તે પહેલા ઑગસ્ટમાં રૂ. ૬.૫૦ અને સપ્ટેમ્બર મહિનામાં રૂ. ૩૯નો વધારો કરવામાં આવ્યો હતો.

આમ આ વધારા સાથે વેપારી ધોરણે વપરાતા ૧૯ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરના મુંબઈ ખાતે ભાવ રૂ. ૧૭૫૪.૫૦, કોલકાતા ખાતે રૂ. ૧૯૧૧.૫૦ અને ચેન્નાઈ ખાતે રૂ. ૧૯૬૪.૫૦ની સપાટીએ રહેશ. જોકે, ઘરગથ્થુ રાંધણ માટેનાં ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરના ભાવ રૂ. ૮૦૩ની સપાટીએ યથાવત્ રાખવામાં આવ્યા છે.

## ઑક્ટોબરમાં પાવરનો વપરાશ સાધારણ વધીને ૧૪૦.૪ અબજ યુનિટ

નવી દિલ્હીઃ ગત ઑક્ટોબર મહિનામાં દેશમાં પાવરનો વપરાશ સાધારણ એક ટકો વધીને ૧૪૦.૪૭ અબજ યુનિટની સપાટીએ રહ્યો હતો.

જોકે, ગત ઑક્ટોબર, ૨૦૨૩માં પાવરનો વપરાશ ઑક્ટોબર, ૨૦૨૨નાં ૧૧૩.૯૪ યુનિટ સામે ૨૨ ટકાના ઉછાળા સાથે ૧૩૯.૪૪ અબજ યુનિટની સપાટીએ રહ્યો હતો.

આમ ગત સાલના ઑક્ટોબર મહિનાનો બેઝ (પાયાકીય સરખામણી) વધુ હોવાથી આ વર્ષે વપરાશ વૃદ્ધિ સાધારણ જણાઈ રહી છે.

વધુમાં ગત ઑક્ટોબર મહિનામાં પીક પાવર માગ ઑક્ટોબર, ૨૦૨૩ના ૨૨૧.૫૩ ગિગા વૉટ સામે ઘટીને ૨૧૯.૨૨ ગિગા વૉટના સ્તરે રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ વર્ષે ગત મે મહિનામાં પીક પાવર માગ વધીને ૨૫૦ ગિગા વૉટની ઑલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચી હતી.

આ પૂર્વે સપ્ટેમ્બર, ૨૦૨૩માં પીક પાવર માગ ૨૪૩.૨૭ ગિગા વૉટની સર્વોચ્ચ સપાટીએ રહી હતી.

આ વર્ષના આરંભે પાવર મંત્રાલયે ઉનાળામાં મે મહિનામાં દિવસ દરમિયાન પીક પાવર માગ ૨૩૫ ગિગા વૉટ અને સાંજના સમયે ૨૨૫ ગિગા વૉટ રહેવાનો અંદાજ મૂક્યો હતો, જ્યારે જૂન મહિના માટે દિવસ અને સાંજ દરમિયાનની પીક પાવર માગ અનુક્રમે ૨૪૦ ગિગા વૉટ અને ૨૩૫ ગિગા વૉટ રહેવાનો અંદાજ મૂક્યો હતો. તેમ જ ઉનાળા દરમિયાન પીક પાવર માગ વધીને ૨૬૦ ગિગા વૉટ સુધી પહોંચે તેવો પણ અંદાજ મૂક્યો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ઘણાં દાયકા પછી ઑક્ટોબર, ૨૦૨૪માં ભારે ગરમી રહી હોવાથી નિષ્ણાતો પાવરની માગ અને વપરાશમાં વધારો થવાનો અંદાજ મૂકી રહ્યા હતા, પરંતુ ગત સાલના ઊંચા બેઝને ધ્યાનમાં લેતા સાધારણ વૃદ્ધિ જોવા મળી છે.

## લેપટોપ, ટેબ્લેટ્સ માટેની ઈમ્પોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ત્રણ મહિના લંબાવાઈ

નવી દિલ્હીઃ સરકારે લેપટોપ, ટેબ્લેટ્સ સહિતની આઈટી પ્રોડક્ટ્સ માટેની ઈમ્પોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ત્રણ મહિના લંબાવી છે. ૩૦ સપ્ટેમ્બરે તેની સમયમર્યાદા પૂરી થઈ રહી હતી, જે હવે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવાઈ છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી આયાતકારે નવેસરથી ઓથોરાઈઝેશન કરાવવાનું રહેશે જેની ગાઈડલાઈન હવે પછી બહાર પડશે.ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)એ કહ્યું હતું કે આ આઈટી પ્રોડક્ટ્સની આયાત ૨૦૨૩-૨૪માં ૮.૪ અબજ ડોલર થઈ હતી. કુલ ૯.૫ અબજ ડોલરની પ્રોડક્ટ્સની આયાત માટે મંજૂરી આપવામાં આવી હતી. આ પૈકી મોટાભાગની પ્રોડક્ટ્સ ચીનમાંથી આયાત થઈ હતી. ગત વર્ષે ઓક્ટોબરમાં સરકારે લેપટોપ, પર્સનલ કમ્પ્યૂટર અને અન્ય કેટલીક આઈટી હાર્ડવેર પ્રોડક્ટ્સની આયાતના ઓથોરાઈઝેશન માટે ઈમ્પોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ લાગુ કરી હતી. આયાત પર અંકુશ માટે નહીં પરંતુ આયાતનું મોનિટરિંગ થઈ શકે તે હેતુથી આ સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. કોઈપણ આયાતકાર ગમે તેટલી આયાત કરી શકે છે પરંતુ તેના માટે ઓથોરાઈઝેશન જરૂરી છે, જે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી માન્ય રહેશે. જોકે હવે આ સમયમર્યાદા વધારીને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ કરી દેવાઈ છે. સરકારે ૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ૧૦૦થી વધુ અરજી મંજૂર કરી હતી જેમાં એપલ, ડેલ, લેનોવો સહિતની કંપનીઓએ આ તમામ પ્રોડક્ટ્સની ૧૦ અબજ ડોલરની આયાત માટે અરજી કરી હતી. આ નવી સિસ્ટમ લેપટોપ, પર્સનલ કમ્પ્યૂટર, માઈક્રોકમ્પ્યૂટર, લાર્જ કે મેઈનફ્રેમ કમ્પ્યૂટર, કેટલાક ચોક્કસ ડેટા પ્રોસેસિંગ મશીન, વગેરે માટે લાગુ છે.

# પાલિતાણામાં કાળભૈરવ મંદિરે મહાયજ્ઞ યોજાયોઃ પૂર્વ મુખ્ય પ્રધાન રૂપાણીએ દર્શનનો લાભ લીધો


(તસવીર- વિપુલ હિરાણી- ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ પાલિતાણામાં આવેલા ૧૨૫ વર્ષ પુરાણા કાળ ભૈરવ મંદિરે કાળી ચૌદસની રાત્રે મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના દર્શનાર્થે સેલિબ્રિટી, ઉદ્યોગપતિ ,રાજકીય આગેવાનો અને સાધુ-સંતો પધાર્યા હતા. રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણી પણ આ વર્ષે પણ યજ્ઞમાં હાજરી આપવા આવ્યા હતા.

સનાતન ધર્મમાં કાળરાત્રીને કાળી ચૌદશ કહેવાય છે.પાંચ જ્ઞાનેન્દ્રીય પાંચ કર્મેન્દ્રીય મન-બુદ્ધિ-ચીત-અહંકાર કુલ ૧૪ થાય છે. આ ચૌદને જીત્યા પછી જ જીવનમાં દીવાળી આવે છે. કાળરાત્રીએ સાધકો માટે ઉત્તમ રાત્રી ગણાય છે. ત્યારે સમગ્ર ભારતમાં કાલભૈરવના ચાર જ મંદિર આવેલા છે જેમાં કાશી (બનારસ), ઉજજૈન, ઇન્દૌર, ગુજરાતમાં-પાલિતાણામાં છે. પાલિતાણાનું કાળભૈરવ મંદિર ૧૨૫ વર્ષ પુરાણું છે અને જે દેશભરમાં પ્રથમ કક્ષાનું છે. અહીં પુરાતનકાળની કાલભૈરવદાદાની પ્રતિમા બિરાજે છે. જે પૂરા ભૈરવ કહેવાય છે.પાલિતાણાના રાજવી બહાદુરસિંહજીને સ્વપ્નમાં આવીને પાલિતાણાની જનતાની રક્ષા કાજે આ દાદા અહી બિરાજમાન થયા છે. અહીં પરંપરાગત પ્રતિ વર્ષ કાલભૈરવ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવે છે. કાલભૈરવ મંદિરને દિવાળીના પર્વમાં રોશનીથી સુશોભિત કરવામાં આવે છે. મહાયજ્ઞની વિશિષ્ટતા એ છે કે જેમાં શાબર મંત્રથી સંપુટ યજ્ઞ થાય છે. કાળીચૌદશના રાત્રીના ૮ કલાકે મહાયજ્ઞનો પ્રારંભ થઈ રાત્રીના ૧૨ કલાકે સમાપન થાય છે. અહીં એક વિશાળ હવનકુંડ બનાવવામાં આવે જેમાં એક સાથે ૭૦ થી ૮૦ ભક્તો યજ્ઞમાં બેસી શકે છે. આ યજ્ઞમાં કાળા વસ્ત્રો પહેરીને જ આહુતિ આપવાની હોય છે. કાલભૈરવ દાદાનો હવન એ વિશેષ ફળદાયી અને કષ્ટ નિવારક છે.

# રાજકોટમાં દિવાળીમાં ફટાકડા ફોડવા મુદ્દે થયેલી માથાકૂટમાં એક યુવકનું મોત, બે ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ પર દિવાળીની મોડી રાત્રે ફટાકડા ફોડવા બાબતે બોલાચાલી થઈ હતી. જેમાં બલીસ પાજીદા ધાબાના સંચાલક દ્વારા ત્રણ મિત્રો પર પોતાની ઇનોવા કાર ચડાવી દેવાનો પ્રયાસ કરી તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં એક યુવાનનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે યુવાન ઈજાગ્રસ્ત થયા હતા. આ મામલે એ ડિવિઝન પોલીસ દ્વારા ગુનો નોંધવાની તજવીજ હાથ ધરાઈ હતી. ત્યારબાદ આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતાં. ત્યાર બાદ ક્રાઈમ બ્રાંચે તેને ઝડપી પાડ્યો હતો.

રાજકોટ શહેરમાં દિવાળીના દિવસે લોકો ફટાકડા ફોડી ઉજવણી કરી રહ્યાં હતાં. ત્યારે મોડી રાત્રે યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોક ખાતે ફટાકડા ફોડવા બાબતે બબાલ થઈ હતી. રાજકોટના બલીસ પંજાબી ધાબાના સંચાલક અમનદિપ ઉર્ફે બલી દ્વારા માથાકૂટ કરી બાદમાં તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં કાર્તિક સરવૈયા નામના યુવાનનું મોત નીપજ્યું હતું. જ્યારે પ્રકાશ સરવૈયા અને કેતન વોરા ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાની જાણ થતાં જ રાજકોટ એ ડિવિઝન પોલીસ દોડી ગઈ હતી અને મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ ખાતે ખસેડી આરોપી સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી. પોલીસે આ ઘટનામાં અન્ય કોઈ સામેલ છે કે નહીં તે અંગે પણ તપાસ આદરી હતી. આરોપી બલી હત્યા કર્યા બાદ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. જેને પકડી પાડવા પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં હતાં. મૃતકને આરોપી સાથે સમાધાન થયા બાદ પણ મામલો વધુ બિચક્યો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે કારચાલકને પકડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# દિવાળીની રાત્રે કચ્છમાં આગજનીના ૩૦થી વધુ બનાવો બન્યાઃ મોટી જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દીપોત્સવી પર્વની અવનવા ફટાકડા ફોડીને કરવામાં આવેલી ઉજવણી દરમ્યાન કચ્છમાં આગજનીના નાના-મોટા ૩૦થી વધુ બનાવો સામે આવતાં લોકોના જીવ પડીકે બંધાયા હતા. સદ્ભાગ્યે જાનહાનિ ટળી હતી પરંતુ જાન-માલમાં વ્યાપક નુકસાની થઇ હતી.

ફાયર વિભાગના પ્રદીપભાઈ ચાવડાના જણાવ્યા અનુસાર, દિવાળીની રાતના આઠ વાગ્યાથી પરોઢના ત્રણ વાગ્યા દરમ્યાન ભુજ નગરપાલિકા વિસ્તારમાં નાના મોટા આગના કુલ ૧૬ જેટલા બનાવો બન્યા હતા. જયારે ગાંધીધામ વિસ્તારમાં ૧૨થી વધુ આગજનીના બનાવો નોંધાયા હતા.


(તસવીર- ઉત્સવ વૈદ્ય- ભુજ)

આ દિવાળીમાં સૌથી મોટી આગ ભુજ શહેરની માતૃછાયા કન્યા વિદ્યાલયને અડકીને આવેલી અને લોકોની અવરજવરથી સતત વ્યસ્ત જાહેર માર્ગ પરની હંગામી 'મુંબઈ બજાર'માં લાગી હતી. ઘરવખરી સહિતની પ્લાસ્ટિકથી બનેલી સસ્તા ભાવની ચીજ વસ્તુઓનું વેંચાણ કરતી આ હંગામી મુંબઈ બજાર આગની જ્વાળાઓમાં ખાક થઈ ગઈ હતી.

આગને ઠરવાની ચાલુ હતી ત્યારે રાંધણ ગેસનો બાટલો બ્લાસ્ટ થયો હતો. જો કે સદ્ભાગ્યે જાનહાનિ ટળી હતી. ફાયર વિભાગે ૪૦ હજારથી વધારે લિટર પાણીનો મારો ચલાવી બેકાબુ આગને કાબૂમાં લીધી હતી. અહીં લાખો રૂપિયાની નુકસાની થઇ હોવાનો અંદાજ લગાવાઈ રહ્યો છે. બીજી તરફ, પંચરંગી શહેર ગાંધીધામ સંકુલમાં પણ દિવાળીની રાત્રે સતત આગ લાગવાની ખબર મળતી રહી હોવાનું સુધરાઈ હસ્તકના ફાયર વિભાગના હેમંત ગાગલાણીએ જણાવ્યું હતું.

# રાજકોટમાં દિવાળીની રાત્રે લકઝરી કારચાલકે આઠ વાહનોને અડફેટે લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના કોટેચા ચોક નજીક દિવાળીની રાત્રે લક્ઝરી કારચાલકે અકસ્માતની વણઝરા સર્જી હતી. ફોર્ચુનર ચાલકે બેફામ કાર હંકારીને નવ જેટલાં વાહનોને અડફેટે લીધાં હતાં. જેમાં પાંચથી છ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફત સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાં બે લોકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માત થતા જ કારચાલક ફરાર થઈ ગયો હતો. લોકોએ ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે કારચાલક હિરેન પ્રસાદિયા સામે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટના કાલાવડ રોડ પર કોટેચા ચોક નજીક એક કાળા કલરની ફોર્ચ્યુનર કારના ચાલકે અકસ્માત કરી લગભગ ૮થી ૯ જેટલાં વાહનોને અડફેટે લીધાં હતાં. જેના કારણે ૬થી ૭ લોકોને ઈજા પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના કારણે એક કલાક સુધી ટ્રાફિકજામનાં દૃશ્યો જોવા મળ્યાં હતાં અને બાદમાં પોલીસે આવી ટ્રાફિક નિયંત્રિત કરાવ્યો હતો.

અકસ્માત કરનાર કારચાલકની માલવિયાનગર પોલીસે સ્થળ પરથી અટકાયત કરી પૂછપરછ કરી હતી. જેમાં તેણે પોતાનું નામ હિરેન પ્રસાદિયા હોવાનું જણાવ્યું હતું. અકસ્માત દરમિયાન સ્થળ પર હાજર લોકોએ આક્ષેપ કર્યો હતો કે, કારચાલક નશાની હાલતમાં હતો. પોલીસે આરોપી કારચાલક નશાની હાલતમાં હતો કે નહીં તે માટે મેડિકલ ટેસ્ટ માટેની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટમાં દિવાળીની મોડીરાત્રે ૧.૩૦ વાગ્યા આસપાસ શહેરમાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવી હતી. જેમાં શહેરના અયોધ્યા ચોકથી માધાપર ચોકડી વચ્ચે બીઆરટીએસ રૂટ પર અકસ્માત થયો હતો અને તેમાં એન્ડેવર કારે બાઈકને અડફેટે લીધું હતું. જેમાં ઇજાગ્રસ્તોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. કારચાલક કાર મૂકી ફરાર થઈ ગયો હતો.

# બગદાણામાં આજે વિવિધ રસ વ્યંજનો સાથે અન્નકૂટ ઉત્સવ યોજાશે


(તસવીર- વિપુલ હિરાણી- ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સુપ્રસિદ્ધ યાત્રાધામ બગદાણા ખાતે ગુરુદેવ બજરંગદાસ બાપાના ધામમાં વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભના દિવસે આજે શનિવારના રોજ અન્નકૂટપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આજે વિવિધ વ્યંજનો સાથે અન્નકૂટ કરવામાં આવશે. પ્રતિવર્ષની પરંપરા મુજબ ગુરઆશ્રમની સાથે બગદાણા ગામમાં આવેલા વિવિધ દેવાલયો ખાતે પણ અન્નકૂટ પ્રસાદ ધરવાનું આયોજન કરાયું છે.

અન્નકૂટપ્રસાદને ભોજન શાળાની રસોઈમાં ભેળવીને સૌ યાત્રાળુઓને પ્રસાદ વિતરણમાં આ પ્રસાદી મળશે. દિવાળીની પર્વમાળાના આ દિવસોમાં ગુરુઆશ્રમના સમગ્ર પરિસર તેમજ મંદિરોને વિવિધ રોશની, દીવડાઓથી શણગારવામાં આવતાં નયનરમ્ય દ્રશ્ય સર્જાયું હતું.તેમજ વિવિધ રંગોની રંગોળીએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. ધનતેરશ, દિવાળી, નૂતનવર્ષ, ભાઈબીજના સળંગ દિવસોમાં બે લાખ ઉપરાંત દર્શનાર્થીઓ અહીં દર્શનનો લાભ લે છે. તેના માટે આગોતરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ■

# જામનગરમાં ફટાકડા ફોડવા બાબતે બે જૂથ વચ્ચે થયેલી અથડામણમાં સાત લોકોને ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના દિવસોમાં મારામારી અને અકસ્માતના કેસોમાં વધારો થતો હોય છે. ત્યારે જામનગર શહેરમાં ફટાકડા ફોડવા બાબતે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં સાત વ્યક્તિઓને ગંભીર ઈજા થતાં તેમને સારવાર અર્થે જી.જી હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. બંને પક્ષ તરફથી સામસામે ફરિયાદ થતાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જામનગર શહેરના ૩૧ દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં દિવાળીની રાત્રે ફટાકડા ફોડવા બાબતે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં હથિયારો સાથે સામસામે મારામારી થતાં બન્ને જૂથના ૭ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાને પગલે ઘટના સ્થળ પર લોકોમાં નાસભાગ થઈ હતી. ત્યારબાદ તમામ ઇજાગ્રસ્તોને જામનગરની સરકારી જી.જી.હૉસ્પિટલ ખાતે હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને વણસેલી સ્થિતિને કાબૂમાં લીધી હતી. પોલીસે કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આ બનાવ મામલે સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં બંને પક્ષે સામસામે પોલીસ ફરિયાદ નોંધવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# રાજકોટ સિવિલમાં પાંચ એમ્બ્યુલન્સ બંધ હાલતમાં હોવાથી દર્દીઓ ખાનગી સેવાની મદદ લેવા મજબૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ સિવિલ હૉસ્પિટલની ૮ પૈકી માત્ર ૩ એમ્બ્યુલન્સ ચાલુ હોવાથી દર્દીઓ વધુ ભાડા ચૂકવીને ખાનગી એમ્બ્યુલન્સની સેવા લેવા મજબૂર બન્યા છે. સિવિલ હૉસ્પિટલમાં ૫ એમ્બ્યુલન્સ બંધ હાલતમાં હોવાથી હાલમાં ૧ છોટા હાથી, ૧ ઈનોવા અને ૧ આઇસીયુ ઓન વ્હિલ મળી માત્ર ૩ એમ્બ્યુલન્સ જ દર્દીઓ માટે કાર્યરત છે. આ સમસ્યા ટૂંક સમયમાં ઉકેલાઈ જશે તેવી સિવિલના એડિશનલ મેડિકલ સુપરીટેન્ડન્ટ દ્વારા ખાતરી આપવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટની સિવિલ હૉસ્પિટલની એમ્બ્યુલન્સો બંધ હાલતમાં હોવાથી દર્દીઓને વધુ ભાડા ચૂકવવાની નોબત આવી હતી. રાજકોટ સિવિલમાં ૮ એમ્બ્યુલન્સ હોવા છતાં ૫ જેટલી એમ્બ્યુલન્સ સમયસર રિપેરિંગ ન થતા બંધ પડી હોવાથી માત્ર ૩ એમ્બ્યુલન્સથી કામ ચલાવાઈ રહ્યું છે.

સિવિલ હૉસ્પિટલ તંત્રને તાજેતરમાં જ સરકારમાંથી એક આઈસીયુ ઓન વ્હિલ એમ્બ્યુલન્સ આપવામાં આવી છે, પરંતુ આ આઇસીયુ ઓન વ્હિલનું પાસિંગ હજુ થયું ન હોવાથી દર્દીઓને લાભ મળી શકતો નથી. બીજી તરફ સિવિલની ત્રણ તુફાન એમ્બ્યુલન્સ ઓઈલ અને નાના-મોટા રિપેરિંગનાં અભાવે બંધ પડી છે. સિવિલ હૉસ્પિટલનાં એડિશનલ મેડિકલ સુપરિટેન્ડન્ટ ડો. હેતલ ક્યાડાનાં જણાવ્યા મુજબ, હાલમાં સિવિલ હૉસ્પિટલમાં કુલ ૮ એમ્બ્યુલન્સ છે, જે પૈકી ૩ ચાલુ છે. બાકીની ૫ એમ્બ્યુલન્સ રિપેરિંગ અને સર્વિસ માટે મુકવામાં આવી છે. જે એકાદ-બે દિવસમાં આવતા ફરી તમામ એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવશે. ■

# રાજકોટ જિલ્લામાં દિવાળીના દિવસે અકસ્માતના કેસ ૯૨ ટકા વધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં દિવાળીના તહેવાર દરમિયાન ફાયર વિભાગના ૨૦૦થી વધુ કર્મચારીઓની રજાઓ રદ કરીને તેમને ખડેપગે ફરજ પર હાજર રહેવા સૂચનાઓ આપવામાં આવી હતી. તે ઉપરાંત ૧૦૮ ઈમર્જન્સી સેવાના કર્મચારીઓ પણ ખડેપગે ફરજ પર હાજર રહ્યા છે. ત્યારે રાજકોટ જિલ્લામાં દિવાળીના દિવસે અન્ય દિવસોની સરખામણીએ ઇમરજન્સીમાં મોટો વધારો નોંધાયો હતો. જેમાં અકસ્માતનાં કેસોમાં ૯૨ ટકા વધારો થયો હતો. જ્યારે મારામારી જેવા સામાન્ય દિવસોમાં આવતા ૭ કેસ સામે ૧૮ જેટલા કેસો નોંધાયા હતાં.

રાજકોટ જિલ્લા ૧૦૮ ઇમરજન્સી મેનેજમેન્ટ એક્ઝિક્યુટિવ ભીમસિંગ કિરાડનાં જણાવ્યા મુજબ રાજકોટ જિલ્લામાં ઈમરજન્સી કેસોમાં ૧૩.૫ ટકા વધારો થયો છે.

જેમાં અકસ્માતનાં કેસો, મારામારીના બનાવો અને આગથી દાઝી જવાના કેસોમાં વધારો નોંધાયો હતો. સામાન્ય દિવસોમાં અકસ્માતનાં ૨૫ જેટલા કેસો આવે છે. જેની સામે દિવાળીના દિવસે ૪૮ કેસો આવતા ૯૨ ટકા જેટલો વધારો નોંધાયો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દિવાળીનાં દિવસે મારામારીના ૧૮ કેસો નોંધાયા હતા. આગ લાગવાથી કે અન્ય કોઈ કારણોસર દાઝી જવાના કેસોમાં પણ વધારો નોંધાયો છે. જોકે, આ માટે અગાઉથી જ તૈયારી કરવામાં આવી હોવાથી તમામ કિસ્સામાં લોકોને સમયસર હોસ્પિટલમાં પહોંચાડવાનું કામ ૧૦૮ની જુદી-જુદી ટીમો દ્વારા કરવામાં આવ્યું હતું. ■

# ગુજરાતમાં ફટાકડાને કારણે મોટા શહેરોની હવામાં પ્રદૂષણ વધ્યું

અમદાવાદઃ ગુજરાતમાં દિવાળીના દિવસે લોકોએ ફટાકડા ફોડીને ઉજવણી કરી હતી. છેલ્લા બે દિવસથી ફૂટી રહેલા ફટાકડાને કારણે રાજ્યના મોટા શહેરોની હવામાં પ્રદૂષણ વધ્યું હતું. હવાની ગુણવત્તા બગડી હોવાનું એર ક્વોલિટી ઈન્ડેક્સ પરથી જાણવા મળ્યું હતું. પ્રાપ્ત વિગતો પ્રમાણે છેલ્લા બે દિવસથી ફૂટી રહેલા ફટાકડાને કારણે અમદાવાદમાં એર ક્વૉલિટી ઈન્ડેક્સ ૧૭૧ નોંધાયો હતો. શહેરના મણીનગરમાં ૧૯૯, રાયખડમાં ૧૯૩ ચાંદખેડા અને બોપલમાં ૧૮૫, જ્યારે ગાંધીનગરના ગીફ્ટ સિફ્ટમાં ૧૯૭ એક્યૂઆઈ નોંધાયો હતો. તે ઉપરાંત સુરત શહેરમાં પણ દિવાળીની ઉજવણી બાદ ૨૩૯ એક્યૂઆઈ નોંધાયો હતો. રાજકોટ શહેરમાં ૯૬, જ્યારે વડોદરા શહેરમાં દિવાળીને દિવસે ૧૨૪ એક્યૂઆઈ હતો જે પહેલી નવેમ્બરે ૧૩૪ એક્યૂઆઈ નોંધાયો હતો, જ્યારે ભાવનગર શહેરમાં ૧૦૫ એક્યૂઆઈ નોંધાયો હતો. દિવાળીમાં ફૂટી રહેલા ફટાકડાને કારણે ગુજરાતના મોટા શહેરોની હવા પ્રદૂષિત બની છે, જેના કારણે શ્વાસને લગતી બીમારીથી પીડિત લોકોને સ્વાસ્થ્ય પર જોખમ ઊભું થવાની શક્યતાઓ સેવાઈ રહી છે. વાયુ પ્રદૂષણ શ્વાસ સંબંધી સમસ્યાઓ ઉપરાંત તે શરીરના તમામ અંગો માટે પણ હાનિકારક છે. ■

# ભાવનગરમાં પોલીસ વેરિફિકેશન વિના મકાન ભાડે આપનાર ૫૦ માલિકો સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં કેટલાંક તત્ત્વો ભાડાંના મકાનમાં રહીને ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપી ફરાર થઈ જતા હોવાની ઘટનાઓ વધતાં સરકાર દ્વારા મકાન માલિકોએ તેમનું મકાન ભાડે આપતાં પહેલા સ્થાનિક પોલીસને ભાડૂઆતની તમામ વિગતો આપવા હૂકમ કર્યો છે. ત્યારે ભાવનગરમાં પોલીસની ખાસ ડ્રાઈવમાં ભાડૂઆતની વિગતો નહીં આપનારા ૫૦ જેટલા મકાન માલિકો ઝડપાયા હતા અને તેમની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ભાવનગર જિલ્લા પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં ભાડુઆતોની વિગતો નહીં આપનારા ૫૦ મકાન માલિકો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધવામાં આવ્યો હતો. કોઈ પણ મકાન માલિક મકાન ભાડે આપે તો તેમના માટે ભાડૂઆત સબંધી તમામ વિગતો સ્થાનિક પોલીસને આપવા માટે ફરજિયાત બનાવાયું છે. તેમ છતાં અનેક લોકો જાહેરનામાનો નિયમ તોડીને પોલીસને જણાવ્યા વિનાજ તેમનું મકાન ભાડે આપી દેતા હોવાનું પોલીસને ધ્યાને આવ્યું હતું.

પોલીસ તંત્ર દ્વારા આ સ્પેશિયલ ડ્રાઇવ દરમિયાન, ઘોઘરોડ, ગંગાજળિયા, બોરતળાવ, ભરતનગર, સિહોર, અલંગ,તળાજા અને પાલિતાણા ટાઉન પોલીસ પોલીસ મથક દ્વારા ભાડે આપનારા મકાન માલિકો વિરુદ્ધ જુંબેશ હાથ ધરી ૫૦ જેટલા મકાન માલિકો વિરુદ્ધ કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. તદુપરાંત સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા પણ પોલીસની પરમિશન વગર મકાન ભાડે આપનાર મકાનમાલિક સામે કેસ દાખલ કરવામાં આવ્યા હતાં. ■

# સુરેન્દ્રનગરના સાયલામાંથી અપહરણ કરવામાં આવેલી બાળકી રાજકોટથી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં એક બાળકીનું ૨૮ ઓક્ટોબરે અપહરણ કરવામાં આવ્યું હોવાની ઘટના બની હતી. આ બાળકી આખરે ચાર દિવસ બાદ રાજકોટથી મળી આવી હતી. બાળકી મળી આવતાં તેના પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. પોલીસે અપહરણ કરનારની ધરપકડ કરી બાળકી સાથે કોઈ અઘટિત ઘટના બની હતી કે કેમ તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરેન્દ્રનગરના સાયલા તાલુકામાંથી સાત વર્ષની બાળકીનું ૨૮ ઓક્ટોબરે અપહરણ કરવામાં આવ્યું હતું. પરિવારે ધજાળા પોલીસ સ્ટેશનમાં બાળકી ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ટીમ બનાવી બાળકીની શોધખોળ હાથ ધરી હતી. ■